પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

જુલાઈ
૨૦૦૦
વર્ષ ૭૩


સળંગ
અંક
૮૭૧

સંસ્થાપક
રવિશંકર મ. રાવળ
તંત્રી
ધીરુ પરીખ



[જગદીશચંદ્ર પરમાર

પશ્ચિમ જર્મનીમાં વસતા ભાઈ જગદીશચંદ કેવળ મનમોજ ખાતર ચિત્રાલેખન કરે છે. ત્યાંના નદીતટનું આ જલરંગી દૃશ્ય



મા અને શિશુ
ચિત્રકાર યામિની રાય

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૩મું

અંક ૭

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
- સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે. અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

જુલાઈ ૨૦૦૦

અંકકિરણ

કુમાર સળંગ અંક ૮૭૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીના પાછળ, ભંડેરીની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસ, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦. અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

જાન્યુઆરી ૨૦૦૦ના 'કુમાર'માં સ્વ. શ્રી રામુભાઈ પંડિત વિષે લખાયું તેના અનુસંધાનમાં થોડી જાણવાજોગ વધુ વિગતો : રામુભાઈનો, વિદ્યાર્થીકાળથી 'કુમાર' તથા ત્યારના તંત્રી શ્રી બચુભાઈ રાવત સાથેનો નાતો જીવનપર્યંત રહ્યો. શ્રી બચુભાઈએ તેમને પરદેશ વધુ અભ્યાસ માટે જવા પ્રોત્સાહન આપેલું. લગ્ન કરીને, બંને સાથે જ અમેરિકા જવું એવો આગ્રહ શ્રી મહેન્દ્ર મેઘાણી અને શ્રી બચુભાઈ રાવતનો રહ્યો, અને આમ આ બંને વડીલો તેમના ઉત્કર્ષના નિમિત્ત બનેલા, અને વધુમાં ગુજરાત સાહિત્ય પરિષદના ગોવર્ધન ભવનમાં શ્રી બચુભાઈ રાવત ખંડ માટે શ્રી બળવંતભાઈ પારેખે પ્રથમ દાન આપ્યું એમાં નિમિત્ત રામુભાઈ બનેલા.

તેમના અણગમતા મુંબઈમાં પડકારોનો સામનો કરવાં તેમના મિત્રે સલાહ આપેલી, અને ત્રણેક નોકરીઓ બદલ્યા પછી, ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બરના સેક્રેટરી-જનરલ તરીકે તેમને તેમનું ગમતું કાર્યક્ષેત્ર મળી ગયું. સંસ્થાના મુખ્ય કાર્યવાહક તરીકે તેમણે વેપારી આલમનો આગવો અવાજ ઊભો કર્યો અને તેનો રણકો બધે સંભળાતો થયો, અને સંસ્થાને ગૌરવ અપાવ્યું. સમૃદ્ધિવાનોની વચ્ચે સમોવડીઆ થઈને રહેનાર, તેમણે સાચી સલાહ અને આત્મનિષ્ઠાથી સંસ્થાની સૂરત જ બદલી નાખી. અને આજે પણ તે સંસ્થા પર તેમની વ્યવસ્થા-નિપુણતાની છાપ છે જ.

સ્વ. શ્રી યશવંત દોશી તથા સ્વ. શ્રી વાડીલાલ ડગલીના સહકારથી પરિચય ટ્રસ્ટ દ્વારા અનેક વિષયો અને વ્યક્તિઓનો પરિચય કરાવતી પુસ્તિકાઓના પ્રકાશનમાં સક્રિય રહ્યા, ઉપરાંત તેમણે પોતે તેમના રસની અનેક પુસ્તિકાઓ લખી, અને અન્ય અધિકૃત અભ્યાસીઓ પાસે પણ લખાવી. આ ત્રિપુટીનું આ અજોડ અને અમૂલ્ય યોગદાન છે.

ગુજરાતી ભાષાનાં અનેક દૈનિક, માસિક અને અન્ય સામયિકોમાં સરળ ભાષામાં મૅનેજમેન્ટ અને અર્થશાસ્ત્રને લગતા વિષયો પર નિયમિત લખતા. મુંબઈના 'જન્મભૂમિ-પ્રવાસી'માં દેશના આર્થિક પ્રશ્નો વિષે લખતા, અને 'મંછાબેનને' મોંઘવારી કેમ નડે છે તેની છણાવટ એક સામાન્ય નાગરિક સમજી શકે છે તેવી સરળ ભાષામાં પોતાના વિચારોની રજૂઆત કરતા.

નિવૃત્તિ પછી વિશ્વબેન્કના પ્રમુખે તેમને તેમની સંસ્થામાં જોડાવા આમંત્રણ આપેલું પણ તેમણે ગૌરવથી અસ્વીકાર કરતાં, દેશને વધુ ઉપયોગી થવાની ઇચ્છા દર્શાવેલી. - નટુભાઈ પટેલ (મુંબઈ)

શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી વિષે પૂરક માહિતી : વનસ્પતિશાસ્ત્રી (પ્ર. આ. ઈ. ૧૯૧૦)ની બીજી આવૃત્તિ પ્રવીણ પ્રકાશન - રાજકોટ દ્વારા થયેલ છે. ઈ.૧૯૯૮ - કિંમત રૂ.૮૦૦/-

શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીનું આવું જ બીજું મહત્ત્વનું પ્રદાન છે - શ્રી કચ્છ સ્વસ્થાનની વનસ્પતિ અને તેની ઉપયોગિતા. પ્રકાશન વર્ષ ઈ.૧૯૨૬, પ્રત ૧૦૦૦ મૂલ્ય રૂ.૧૦/- છપાવી પ્રસિદ્ધ કરનાર : શ્રી કચ્છ દરબાર. ઉક્ત બન્ને ગ્રંથ પત્રલેખકના સંગ્રહમાં છે. - હસમુખ વ્યાસ (ધોરાજી)

ઘણા સમયથી એક બાબત મારા મનમાં વારંવાર આવે છે કે 'કુમાર'નાં દર માસે જે વિવિધ શૈલીથી 'નામ' લખાય છે તે ચિત્રક્ષેત્રનો એક એક અંશ બનેલો હોય છે. તેનો એક સંગ્રહ થવો જોઈએ. 'કુમાર'- નાં ચાહકો માટે તેનું 'હેડિંગ' પણ દિલચશ્પ જ છે. એવી જ રીતે તેનાં પૃષ્ઠ ૧-૨-૩-૪ અને અંદર આપેલાં ચિત્રો (તેનાં રસદર્શન સાથે) સંગ્રહ કરવા જેવાં છે. તેવી જ રીતે ફોટોગ્રાફીનાં ચિત્રો પણ. 'કુમાર'નું રસદર્શન એક મહાશાળા છે, રુચિ ધરાવનારાઓની કેળવણી છે. અનેક ક્ષેત્રનાં રસજ્ઞ લોકોનાં પુષ્ટીકરણમાં 'કુમાર'નો મહામૂલો ફાળો છે. ગુજરાત અને ગુજરાતીમાં જે કંઈ સારું છે તેનું 'કુમાર' સંવર્ધન કરે છે.

- લીલાબહેન વ્યાસ (રાજકોટ)

જાન્યુઆરી ૨૦૦૦ના 'કુમાર'માં પાન પાંચ પર 'માનવ થાઉં તો ઘણું' કૉલમમાં મહંમદ પયગમ્બર/જ્યૉર્જ વૉશિંગ્ટનના પ્રસંગો છે. આવા સંસ્કારનું વધારે ચિંતન, મનન, અનુકરણ થાય તે માટે વાચકોને જણાવવા રજા લઉં છું. શ્રી રામકૃષ્ણ પરમહંસ તો આજે વિશ્વભરમાં પૂજાય છે. તેઓ એટલા અમાની હતા કે તેમનાં દર્શને મળવા જે આવે તેને તે નમસ્કાર કરે તે પહેલાં જ આગંતુકને નમસ્કાર કરી આવકારે અને તેમના સૌજન્યભર્યા વ્યવહારથી આવનાર તદન હળવો થઈ તેમને મળી વાતચીત કરી, સત્સંગ કરી શકતો.

પ્રખ્યાત નાટ્યકાર શ્રી ગિરીશચંદ્ર ઘોષનો એક પ્રસંગ છે. તેઓ શ્રી ઠાકુર-(શ્રીરામકૃષ્ણ)ને મળવા આવતાં નમસ્કાર કરવા લાગ્યા પણ ત્યાં તો તેની પહેલાં જ શ્રી ઠાકુરે પ્રણામ - બેઠા હતા ત્યાંય બે હાથ જોડી નીચા નમીને - પ્રણામ કર્યા. ગિરીશના સાર્થ નમસ્કાર બે હાથ જોડીને વળતા નમસ્કાર આવતાં ફરી તેમના તરફથી પ્રણામ. વળી, ગિરીશના નમસ્કાર સામે પ્રણામ - આમ ક્યાંય સુધી ચાલ્યું. છેવટે ગિરીશથી બોલી જવાયું કે તમને તો પ્રણામ કરવામાં પણ નહિ પહોંચાય. આપ પ્રણામાવતાર જ છો. એવા અવતાર કે પ્રણામ કરીને સામાને જીતી લો છો. - કનુભાઈ માંડવિયા (જૂનાગઢ)

'કુમાર'ના મે ૨૦૦૦ના અંકમાં પૃ. ૨૯૩ ઉપર 'પસ્તીનાં પાનાં'માં ડૉ. પ્ર. ચુ.વૈદ્ય સાહેબે 'સ્વરાજ માનવીનો જન્મસિદ્ધ હક'માં તિલક મહારાજ વિષે જે લખ્યું છે, તેમાં મને કેટલોક માહિતીદોષ લાગ્યો છે.

તિલક મહારાજને ૧૯૦૮માં ૭ વર્ષની નહિ, પણ ૬ વર્ષની સજા થઈ હતી. આ સજા એમણે પૂરી ભોગવી હતી. સાડા ત્રણ વર્ષે એમને છોડી મૂક્યા, એ બરાબર નથી. ઉપરાંત એમનું અવસાન પણ ૧૯૧૯માં નહિ, ૧૯૨૦ની ૧લી ઑગસ્ટે વહેલી સવારે થયું હતું. જે દિવસે દેશભરમાં અસહકારનું આંદોલન પણ યોગાનુયોગ શરૂ થયું હતું. આ બધી માહિતી શ્રી પાંડુરંગ ગણેશ દેશપાંડે લિખિત પુસ્તક 'લોકમાન્ય તિલક'માં આપેલી છે. - દશરથભાઈ શાહ (અમદાવાદ)

આનંદ-ચોપાઈ / હસમુખ પાઠક

શિવ-રામ-કૃષ્ણ-ચૈતન્ય-ગદાઈ ।
મા-સહ લીલા કરત સદાઈ ॥
સંતન સબ ઇનહીકે છેલે ।
નંદ-સભર ગોદનમેં ખેલે ॥
અંતર-બાહિર સોહે ત્રિભુવન ।
પ્રેમામૃત-રસ શબ્દ સનાતન ॥
જય વસુધૈવ-કુટુમ્બક સર્જન ।
જય જય ભારત-સંસ્કૃતિ દર્શન ॥
કિંકર હસમુખ ભજે ભિખારી ।
ભવ ભવ રહત હિ ચરન પખારી ॥

દૂર રહીને / ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

દૂર રહીને દરિયો દેખું,
પાસે રહીને પ્હાડ;
તું આવે તો સેજ સુંવાળી,
દૂર જાય તો વાડ !

તારી આગળ લીલે પગલે
ગગન પાથરે ઘાસ;
તારી પાછળ રણને કણ કણ
તણખા ઝરતી પ્યાસ;
તું આવે તો બથમાં બાંધ્યો
રેલમછેલ અષાડ.

તારું હોવું અજવાળું ને
હસવું તારું ચાંદ;
તારાં પાછાં વળતાં પગલે
પેખું પીળાં પાંદ !
તું છલકે તો બંને કાંઠે
બઢતી મારે બાઢ!

જોઈ રહેવાનું ભલા ? / યોસેફ મૅકવાન

(ગઝલ)

શાંતિથી સપનાં બળે ને જોઈ રહેવાનું ભલા !
શ્વાસ પોતાના છળે ને જોઈ રહેવાનું ભલા ?
રંગ કૈં ઘોંઘાટના ચારે તરફ ઘૂઘવ્યા કરે
છાતીમાં કાળું કળે ને જોઈ રહેવાનું ભલા !
સાવ લીલી હોય છે ઢગલા પળો આ હાથમાં
શૂન્યતાઓ ખળભળે ને જોઈ રહેવાનું ભલા !
એક પંખી કાજ આખું વૃક્ષ કણસે વાયુમાં
મૂળ મૂગાં સાંભળે ને જોઈ રહેવાનું ભલા ?
આંખમાં ધરબાય ઇચ્છા ને પછી ફણગાય એ
મન પછી બસ ટળવળે ને જોઈ રહેવાનું ભલા !

આનંદ-ચોપાઈ - મધ્યકાલીન માહોલમાં ચોપાઈ છંદમાં અગમ્ય-અગોચરની આનંદાભૂતિનું કાવ્ય. દૂર રહીને - કોઈ પરમ 'તું'ના નૈકટ્યથી અનુભવાતો આનંદ અને તેની દૂરતાથી અનુભવાતો અવસાદભાવ અહીં વિવિધ પ્રતીકો દ્વારા અભિવ્યક્ત થયો છે. વિરમશે નહીં? પ્રકૃતિનું આકર્ષણ અનુભવતું પંખી જે ચોમેર હર્ષદોડ કરી રહે છે તેનું ઉલ્લાસભર્યું ચિત્રણ અષ્ટકમાં આપ્યા પછી ષટ્કમાં સાકરના કણને ચાખ્યા પછી એના ભંડારની શોધ માટે વલખતી પ્રયત્નશીલ કીડીના પ્રતીક દ્વારા અપાર આનંદ સ્વરૂપની શોધમાં મનની અજંપ ગતિનો નિર્દેશ કોઈ અગમ્યની તૃષા ઇંગિતી રહે છે. જોઈ રહેવાનું ભલા? વિવિધ શેરમાં માણસની કશું નહિ કરી શકવાના અને જે બને છે તેને કેવળ જોઈ રહેવાના દુઃખદ સાક્ષીભાવની ગઝલ. પલટો : અન્યોક્તિથી પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી સાનુકૂળ સ્થિતિમાં મુકાયાની અભિવ્યક્તિ કરતું ગાન. - ધી.પ.

બચુભાઈ રાવત
કવિતા પારિતોષિક

ઈ.સ.૧૯૯૯ના વર્ષ દરમિયાન પ્રકટ થયેલાં કાવ્યોમાંથી શ્રી રમણીક સોમેશ્વરને તેમના કાવ્ય 'ક્યારેક મોજ આવે તો' માટે રૂ. ૫૦૦/-નું સ્વ. બચુભાઈ રાવત કવિતા પારિતોષિક પ્રાપ્ત થાય છે.

નિર્ણાયકો :
ડૉ. ધીરુભાઈ ઠાકર
ડૉ. ચંદ્રકાન્ત શેઠ

વિરમશે નહીં? / ભાનુપ્રસાદ પંડ્યા

(પૃથ્વી ∙ સૉનેટ)

નિસર્ગતણું દૃશ્ય હો અગર હો છટા અંગની
નિહાળી ખગ શું ઊડે દ્રુતિલ, ક્યાંક જો સાંભળે

સુદૂર પણ સૂરને રણકતા દિયે દોટ ત્યાં !
સુગંધતણી નાવમાં ત્વરિત બેસીને ડોલવું
ગમે કદલીપત્રપે લસરવું હથેળી ધરી !

જુએ તસતસી રહ્યાં ફળની પક્વ જો છાલને
સવેગ ધસી ચાખતું અધીર તીવ્ર જિહ્વાગ્રથી.
યથેચ્છ મન સંચરે વિવશ ઇંદ્રિયોને કરી !

શકે મનની ઝંખના અખૂટ હોય આનંદની
પરન્તુ અથડાય એ વિફલ ક્ષીયમાણી સુખે !
યથા પીપલિકા ચખી તનિક શર્કરાખંડને
પછી ભમતી આદરે અગમ શોધ ભંડારની,
તથા ન મનીષા પૂરી સભરની થતી જ્યાં લગી
અજંપ મનની ગતિ વિરમશે નહીં ત્યાં લગી ?

પલટો / ધીરુ પરીખ

(ગાન)

પવન ગયો છે પડી!
ઈશાનમાં વીજળી ઝબકે છે
આભ ઘેરતી વારે વારે;
વાદળદળ ઊમટે છે કેવાં
દૂર ક્ષિતિજની ધારે ધારે!
નાવ અહીં લંગર-શું જડી!
ધમરોળી નાખશે ધરાને
વૃક્ષસોંસરી પવન નાખતો ચીસ;
કણકણથી ધરતી સમીરાને
બથમાં લેવા કરતી કેવી ભીંસ!
નિજની જાત નવ નડી.
નાવસંગ પવન કાઢતો હડી!

હાઈકુ / પરાગ ત્રિવેદી

મેહ વરસે,
ભીંજે મકાન આખું,
પછીત કોરી !

આ બાળકોએ રસ્તો બતાવ્યો છે પ્રસંગ આવે ત્યારે આચરવા માટે

સુધીર દેસાઈ

આપણો મિત્ર માંદો પડે તો આપણે શું કરીએ? એની ખબર કાઢવા જઈએ. વધારે માંદો હોય તો રોજ જઈએ કે અવારનવાર જઈએ. જો વધારે પ્રેમ હોય મિત્ર ઉપર તો રાત એની જોડે ક્યારેક ગાળીએ. એને કંપની આપવા એના મનને આનંદમાં રાખવા પ્રયત્ન કરીએ. પણ આવું કોક કરે. ઘણાં લોકો ન કરે. બધાં પોતાનો ખ્યાલ પહેલાં કરે પછી મિત્રનો ખ્યાલ કરે.

પણ હમણાં એક કિસ્સો વાંચ્યો. અમેરિકામાં એ બન્યો છે અને હું તો દંગ રહી ગયો.

એક નાનો સ્કૂલમાં ભણતો છોકરો માત્ર અગિયાર વર્ષનો. નામ ઇઆન ઓ'ગોરમાન. બેઝ બોલની ટીમમાં રમનાર. માંદો પડ્યો. એના પેટમાં નાના આંતરડા પાસે કેન્સરની ગાંઠ થઈ હતી. ડૉક્ટરોએ ઓપરેશન કરીને એ નારંગી જેટલી મોટી ગાંઠ દૂર કરી. હવે એને કેમોથેરપી આપવાની હતી. ૬૮% દર્દીઓ પાંચ વર્ષ પછી બચી જાય, જો તેઓ નાની ઉંમરના હોય એટલે કે ૧૫ વર્ષથી નાના હોય તો.

વાત બહુ સીરિઅસ હતી. ઇઆનનો મિત્ર એરિક એને મળવા હૉસ્પિટલમાં ગયો. ત્યાં એને ખબર પડી કે કેમોથેરેપી પછી દર્દીના વાળ જતા રહે છે.

એરિકે ઇઆનને ઉત્સાહમાં આવીને કહ્યું, 'તું ચિંતા ના કર. હું બોડિયું કરાવી દઈશ. એટલે તું એકલો નહ હોય.' ઇઆન વિચારમાં પડી ગયો.

એરિકે જ્યારે આ વાત કરી હતી ત્યારે તો એ ગમ્મતમાં બોલી ગયો હતો. પણ ઘેર ગયા પછી એને થયું કે એણે ખરેખર બધા વાળ કપાવી નાખવા જોઈએ. અને એણે નિર્ણય કરી દીધો બોડિયા થવાનો.

બીજે દિવસે એ જ્યારે સ્કૂલમાં ગયો ત્યારે એણે વાત-વાતમાં એના મિત્રોને કહ્યું, 'મને ખબર પડી કે કેમોથેરેપી પછી ઇઆનના માથાના બધા વાળ જતા રહેશે અને બોડિયો થઈ જશે. ત્યારે મેં તરત જ ઇઆનને કહ્યું કે તું એકલો બોડિયો નહીં થાય. હું પણ મારા બધા જ વાળ કપાવી બોડિયો થઈ જઈશ. તું એકલો જ બોડિયો નહીં હોય સ્કૂલમાં.'

ઇઆન અને એરિક પાંચમા ધોરણમાં ભણતા હતા. એરિકની વાત સાંભળી એના મિત્રો પણ વિચારમાં પડી ગયા થોડી વાર માટે. અને પછી બધાએ નિર્ણય કર્યો કે એ બધા જ મિત્રો પોતાના માથાના વાળ કપાવી નાખી બોડિયા થઈ જશે ઇઆનને માટે. બધા મળીને ૧૩ મિત્રોએ આ નિર્ણય લીધો. કેટલીક છોકરીઓને એમના ક્લાસની આ વાતની ખબર પડી. એમણે પણ વાળ કપાવી બોડિયા થઈ જવાનું નક્કી કર્યું. આ વાત ફરતી ફરતી પહોંચી એમના એક શિક્ષક પાસે, જેમનું નામ જિમ ઑલ્ટર હતું અને ૫૦ વર્ષની ઉપરના હતા. જિમ ઑલ્ટરે પણ બોડિયા થવાનું નક્કી કર્યું.

અને એક દિવસ બધા જ હજામની દુકાનમાં પહોંચી ગયા અને વાળ કપાવી બોડિયા થઈ ગયા. નવાઈ જેવી વાત તો એ બની કે આ છોકરાંઓનાં મા-બાપે પણ એમને પ્રોત્સાહન આપ્યું.

પોતાના મિત્રને માટે, એ એકલો પડી ના જાય સ્કૂલમાં અને એની લાગણી ના દુભાય એ માટે, આ બધાંએ આ નિર્ણય લીધો હતો. ઇઆનને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એ ગળગળો થઈ ગયો. એના મિત્રો અને શિક્ષકનો એના ઉપરનો પ્રેમ જોઈને.

એ જ્યારે સાજો થઈને બહાર આવ્યો ત્યારે એણે કહ્યું, 'હું તો ભાંગી પડ્યો હતો. મને થયું કે હું બોડિયો થઈ જઈશ તો બધા મારી મશ્કરી કરશે એના કરતાં મરી જવું સારું. મને જીવવાનો મોહ જ છૂટી ગયો હતો. વળી, આ તો પાછું કેન્સર. પણ તમારા પ્રેમે મારામાં પ્રાણ પૂર્યા. મને થયું કે હું એકલો નથી. તમારા પ્રેમે જ મને પાછો સ્કૂલમાં આણ્યો છે.'

ઇઆન સ્કૂલમાં આવ્યો એનાથી બધાંને ઘણો આનંદ થયો. હવે તો પાછો એ બેઝ બોલની ટીમમાં પણ દાખલ થઈ ગયો હતો. ત્યાં એક દિવસ ઇઆને કહ્યું, 'ડૉક્ટર કહે છે કે કદાચ ફરી એક વાર કેમોથેરપીની ટ્રીટમેન્ટ આપવી પડે.'

આ સાંભળીને એરિકે કહ્યું, 'કંઈ ચિંતા ના કર. હું ફરી મારા વાળ કપાવી નાખીશ.'

આવું વાંચીએ છીએ ત્યારે થાય છે કે માનવ થવું એટલે આ.

આપણે આવાં બાળકો જેવાં અને તેમાંય પાછી કેટલીક તો છોકરીઓ હતી એવાં છીએ? પ્રશ્ન પૂછવા જેવો છે. પેલા શિક્ષક જિમ ઑલ્ટર જેવા છીએ?

આપણે આપણી કોઈ વ્યક્તિ માટે આવું કરી શકીએ? વિચાર પણ આવે ખરો? આ ભ્રષ્ટાચારના જમાનામાં આ વિચાર!! જો આપણી લાગણીઓ ભ્રષ્ટ થઈ ના ગઈ હોય તો આ બાળકોએ રસ્તો દેખાડ્યો છે, પ્રસંગ આવે ત્યારે આચરવા માટે. માત્ર માણસ થવાનું છે, દેવ થવાની વાત નથી. ☐

— સૂત્રસાર —

જૂનો અને જાણીતો જોગી છે સ્વાર્થ?!

— રાધેશ્યામ શર્મા —

સ્વાર્થ અને સ્વાર્થી મનુષ્યો પર ફિટકાર વરસાવતાં વચનોની ગણતરી કરી શકાય? કદાચ કમ્પ્યૂટર પણ હારી જાય. આંકડાશાસ્ત્રીઓ હાંફી જાય!

'સ્વાર્થ' એ શબ્દ પણ 'પ્રેમ' જેવા અઢી અક્ષર જેટલો જ જાણીતો છે, જૂનો જોગી છે!

ફરક માત્ર એટલો કે સ્નેહ શબ્દ આદરનો અધિકારી રહેલો છે, જ્યારે સ્વાર્થ સીડીના છેલ્લા પગથિયાને પાત્ર મનાયો છે.

ધર્મશાસ્ત્રોની પ્રસિદ્ધ તમામ પોથીઓમાં પ્રેમ પર પુષ્પવર્ષા અને સ્વાર્થને મસ્તકે કાંટાળો તાજ મૂકવામાં પોથીપંડિતોએ લિજ્જત લૂંટી છે.

નિંદા માટે પસંદ કરેલાં ઉત્તમ વિશેષણો સ્વાર્થી માણસ માટે અનામત રાખેલાં જોવા મળશે. તેથી જ સ્વાર્થ માટે સૂત્રમાં કહ્યું છે : 'એ તિરસ્કારપાત્ર દોષ છે.'

કોઈને પણ કહેવા જઈ જોજો કે સ્વાર્થ એ નિંદનીય દોષ નથી... તરત તમને સોબતીની જમાતમાંથી અલગ કરી દેવાની પ્રવૃત્તિ થશે.

સ્વાર્થનું બીજું મહત્ત્વનું લક્ષણ છે અને તે એ કે એ તરત અંતરે ને આંખે ચઢે એવાં છે. પૂરતો દૃશ્યમાન છે.

સ્વાર્થની મોટામાં મોટી નબળાઈ એ કે તે બહુ થોડા સમયમાં જ ઉઘાડો પડી જાય. 'અથ'માં છુપાઈ રહ્યો હોય તો 'ઇતિ' આવતાં પૂર્વે પ્રકટ થઈ જાય.

અતિ સ્વાર્થ ઝલાઈ જાય એવો ચોર છે પણ તે ક્યાં એની ખબર છે?

માત્ર બીજાની અંદર! હા, બીજામાં રહેલો સ્વાર્થ સુદર્શનીય બને છે. અને એક વાર એ પકડાઈ ગયો તો એનો અપરાધ ક્ષમાયોગ્ય રહેતો નથી.

સ્વાર્થ જેવું તિરસ્કરણીય દૂષણ જે અન્યમાં ભળાઈ ગયું પછી એને ક્ષમા શાની?

ક્ષમા વીરનું ભૂષણ માન્યું છે પણ બીજા સ્વાર્થી મનુષ્યનાં આપમતલબી અપલક્ષણો જોતાં તો કહેવાતા વીરો પણ માફી આપવાની આનાકાની ભણે!

> સ્વાર્થ
> એ તિરસ્કારપાત્ર દોષ છે
> જે બીજામાં હોય તો અક્ષમ્ય મનાય
> પણ
> પોતાનામાં ના હોય એવું કોઈ નથી.
>
> **હેન્રી વૉર્ડ બિચર**

જેટલું આશ્ચર્યજનક એટલું જ આઘાતજનક તથ્ય છે કે સ્વાર્થ જેનામાં સમૂળગો ના હોય એવું કોઈ કહેતાં કોઈ નથી. (બહુ જૂજ, અપવાદની બાલ્કનીમાં વિરલ વિભૂતિઓ જ બિરાજેલી છે.)

અન્યમાં જેની ઝલક મળતાં જ અક્ષમ્ય ગણાયેલાં સ્વાર્થ ખરેખર અન્યમાં હતો? કે પોતાનામાં જ વસ્યો હતો? - આ પ્રશ્ન મૂળભૂત છે.


હકીકત તો એવી હોય કે પોતાનામાં ગુપ્તચરની જેમ રહ્યો હતો, જે બીજામાં આરોપાઈને પ્રતિબિમ્બિત થયો! પોતાનામાં ના હોત તો નજરમાંયે ના ચઢી આવત!

જે નિઃસ્વાર્થી વીરલાઓ છે એમને તે ના ભળાયો; ના સંભળાયો, એનો અર્થ કે ગુણ કે દોષનું પ્રતિ-આરોપણ કર્યા સિવાય જંપ નથી વળતો.

'અહો અહો'નો રાગભાવ આપણી પ્રત્યારોપણ શક્તિનું, તેવી જ રીતે 'અરે, અરેરે'ના દોષ કે દ્વેષભાવનું એ જાહેર નિદર્શન છે. પ્રિયકર કે અરુચિકર આપણી ચેતનામાં લાંબો સમય સુધી જામી પડ્યા વગર રહેતું નથી...

બહુમાળી મકાનમાં નીચલા માળે વસતા એક ઈસમને, ઉપલા માળના રહેવાસીએ રાડ પાડી સુણાવ્યું : 'તારા સ્વાર્થે કરી તું શરણાઈ શીખે છે ને અમને જંપવા દેતો નથી. આમ ને આમ હું તો પાગલ થઈ જઈશ.'

ત્યારે નીચે રહેનારે કહ્યું : 'ઘણું મોડું કહ્યું. મેં તો શરણાઈ બંધ કર્યેય કલાક થયો.' ◻



મિર્ઝા ગાલિબ

કમલા પરીખ

આવો, આપણે આજે અક્ષરદેહ દ્વારા મળીએ એક શાયરને જેઓ નામથી અને કામથી ખૂબ ખ્યાતિ પામેલા છે. એમને સ્મરીને કાવ્યાનંદના નદમાં નિમજ્જન કરીએ: કારણ આ શાયરનું જીવન નીચેની બે પંક્તિઓમાં સમાયેલું છે. એ પંક્તિઓ એમની લખેલી તો નથી પણ એમના જીવનનો હૂબહૂ ચિતાર આપી જાય છે :

'યે કાતિબે તકદીર મુઝે ઇતના બતા દે.
ક્યૂં મુજસે ખફા હૈ તૂ ક્યા મૈંને કીયા હૈ.'


તો ચાલો. એમને મળીએ. લાંબું કદ. સુડોળ બાંધો, નાની નાની મૂછો, પારદર્શક ચહેરો, મોટી મોટી આંખો નીતરતો નેહ ને તેમાંથી રંગ ગોરો, હાથના પંજા મોટા, ઘેરી લાંબી પાંપણો ઓહો કેટલું સૌંદર્ય કુદરતે આ શાયરને બક્ષ્યું છે! આ દર્શન કર્યાં તે તો તેમની યુવાન વયનાં છે. તેમની ગણના દિલ્હીમાં રૂપાળા જુવાનોમાં તે સમયે થતી. પરંતુ આ તો થઈ એમની યુવાનીની વાત. પણ આવો આપણે તેમને જૈફ ઉંમરે નિહાળીએ. સૌમ્ય ચહેરો, માથે તુર્કી ટોપી, સફેદ દાઢી-મૂછ, સ્નેહસભર આંખો, અને નવાબશાહી જેવી ઝલક - એમની આ છબી આપણને હાલ પ્રાપ્ય છે. તુર્કસ્તાની સૌંદર્યથી ભરપૂર એવા શાયરને હવે ઓળખીએ.

તેમનો જન્મ ડિસેમ્બર ૨૭, ૧૭૯૭માં તેમના મોસાળ આગ્રામાં સંપત્તિવાન સલજૂકી તુર્ક કુટુંબમાં થયેલો. તેમનું કુટુંબ સમરકંદ છોડી ભારત આવેલું. તુર્કસ્તાની હોવાથી ભાષા તુર્કી હતી અને લશ્કરમાં કામ કરવાનો વ્યવસાય હતો. દાદા અને નાના બન્નેને જાગીર મળેલી અને પિતા મિર્ઝા અબ્દુલ્લા બેગ ખાં લશ્કરી નોકરીમાં જોડાયેલા. પણ નસીબે પોતાનો ક્રૂર પંજો ઝીંક્યો. મિર્ઝા ગાલિબ પાંચ વર્ષના હતા ત્યારે તેમના પિતા ૧૮૦૨માં યુદ્ધમાં મરાયા. આમ, પિતાની છત્રછાયા બે ભાઈ અને એક બહેને ગુમાવી. મિર્ઝા ગાલિબ ત્રણે ભાઈબહેનોમાં સૌથી મોટા હતા. પિતાના અવસાન બાદ તેમના કાકા નસરુલ્લા બેગે ત્રણે ભાઈ-બહેનનાં પાલનપોષણની જવાબદારી ઉઠાવી. પણ ભાગ્યદેવી પીછો છોડે તેમ હતી જ નહીં. ગાલિબ જ્યારે નવ વર્ષના હતા ત્યારે ભાગ્યે ફરીથી પોતાના ક્રૂર પંજાથી કાકાને પણ ઉપાડી લીધા. છત્રછાયા વગરનાં બાળકો ત્યાર બાદ મોસાળમાં ઊછર્યાં. નાના સંપત્તિવાન હતા. માતાએ હવે સંતાનોની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી. ગાલિબને ભણાવવા માટે વ્યવસ્થા થઈ અને તેમને શાળામા દાખલ કરવામાં આવ્યા. કૌટુંબિક રિવાજ પ્રમાણે હાથ પકડી કેસરના પ્યાલામાં કલમ બોળી ગાલિબ પાસે સ્લેટમાં 'બિસ-મિલ્લાહ' લખાવ્યું. જુઓ તો ખરા, વિધિની કેવી આ કમાલ હતી! ત્યારે કોને ખબર હતી કે આ બિસમિલ્લાહ લખતો હાથ એવી તો સુંદર શાયરીઓ લખશે કે જેનું ભાષાંતર વિશ્વની જુદી જુદી ભાષામાં થશે અને તે શાયર તરીકે વિશ્વવિખ્યાત બનશે!

શાળામાં દાખલ થયા, શિક્ષક હોશિયાર પણ જબરા કડક. તેથી મિર્ઝાનો મનમેળ શાળામાં બેઠો નહીં. કારણ આ અલગારી જીવ ભણવા માટે ક્યાં સર્જાયો હતો? એ તો ભવિષ્યમાં શાયરીનો બાદશાહ બનવાનો હતો.



મિર્ઝા ગાલિબનું જન્મસ્થળ કલાંમહલ (આગ્રા)



ગાલિબનું મકાન (દિલ્હી)

ભણવાને બદલે રામ રામ લખનાર પેલા પ્રહ્લાદની માફક શબ્દો ગોઠ-વી શાયરી બનાવ-વામાં તે રચ્યોપચ્યો રહેતો. એક વખત ગઝલ લખી હોંશે હોંશે ગુરુને બતા-વી. પરંતુ પ્રેમથી પીઠ થાબડવાને બદલે પીઠ પર ગુરુનો સારો એવો મેથીપાક મળ્યો. પ્રશંસાને બદલે પ્રતાડનનું ઇનામ મળ્યું. ગાલિબનું કૂણું દિલ ઘવાયું. પણ મહાન બનનાર વ્યક્તિએ એમ ક્યારેય પીછેહઠ કરી છે? એ તો 'એકલો જાને રે'ની જેમ માર્ગે ચાલ્યા અને ફરીથી શેર-શાયરી લખવામાં ગૂંથાયા. પાછળથી શિક્ષકને મોડે મોડે તેમનામાં રહેલા કવિત્વની ખબર પડી. આમ, પુત્રનાં લક્ષણ પારણામાંથી પરખાયાં. વર્ડ્ઝવર્થે કહ્યું છે ને કે, 'The child is the father of man.' આ બાબત ગાલિબના સંદર્ભમાં પૂર્ણપણે પુરવાર થઈ. છેવટે બાર-તેર વર્ષની ઉંમરે શાળાને તિલાંજલી આપી દીધી અને શાયરીની રચનામાં ખોવાઈ ગયા. તેમની શાયરીનો પ્રવાહ અંતરના ઊંડાણમાંથી સ્વાભાવિકપણે વહેતો હતો. તે ધસમસતા પ્રવાહને રોકવા કરતાં શાળા છોડવાનું તેમને મુનાસિબ લાગ્યું.

તે સમયે ગઝલના રચયિતા મીર સાહેબ નામના એક મોટા શાયર આગ્રામાં હતા. તેમના વાંચવામાં ગાલિબની ગઝલ આવી અને તેમણે પ્રતિભાવ આપ્યો કે આ છોકરાને કોઈ સાચો ઉસ્તાદ અને યોગ્ય માર્ગદર્શન મળી જાય તો તે ઉત્તમ શાયર બનશે. મીર જેવા ઝવેરીએ આ હીરાને પારખી લીધો. મિર્ઝા ગાલિબના ઘેર બે વર્ષ સુધી રહેલા મુલ્લા અબ્દુલ સમદ પાસેથી ફારસીનાં પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય તથા ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. આમ છતાં ગાલિબે કોઈ પણ શાયરનું શિષ્યપણું સ્વીકાર્યું નહોતું.

આમ, શૈશવકાળ આપત્તિમાં વીત્યો. હવે તરુણાવસ્થાની તેમની પરિસ્થિતિ તરફ નજર માંડીએ. તેર વર્ષની વયે તેમનાં લગ્ન દિલ્હીના ખાનદાન નવાબ ઇલાહીબક્ષખાનની પુત્રી ઉમરાવ બેગમ સાથે થયાં. હજુ પોતાની જવાબદારી સમજે તે પહેલાં લગ્નબંધનમાં જકડાયા. તેમણે તેમના મિત્રને લખેલા પત્રમાં આ દર્દભરી દાસ્તાન આ રીતે રજૂ કરી છે : 'સાત રજબ ૧૨૫૫ ૯ ઑગસ્ટ, ૧૮૧૮ ના રોજ મારા માટે સ્થાયી કેદનો હુકમ જાહેર થયો છે. અને દિલ્હી શહેરને કેદખાનું નક્કી કરી ત્યાં મને મૂકી દીધો છે.' લગ્ન બાદ તેઓ આગ્રાથી દિલ્હીમાં રહેવા આવેલા. તેમનાં




ગાલિબની મહોર


પત્ની નાજુક અને સુંદર હતાં, પતિ પ્રત્યે અગાધ પ્રેમ રાખતાં, શાણાં સમજુ હતાં. જો કે તેમની વચ્ચે ક્યારેક ઝઘડા પણ થતા. એક વાર બેગમને મકાન બદલવાનું થયું. તેથી બીજું મકાન જોવા ગયાં. પણ તેમાં બલા (ભૂત) હોવાનું લોકો કહે છે તે વાત બેગમે પતિને કરી. આ સાંભળી ગાલિબ હસી પડ્યા અને રમૂજમાં બોલ્યા કે, બેગમ તમારાથી બીજી બલા કોઈ છે ખરી? ગાલિબ કલાકાર, કવિ અને સ્વતંત્ર પ્રકૃતિના હતા જ્યારે બેગમ સીધાં, સાદાં ગૃહપરાયણ પત્ની હતાં. જો કે નવાબનાં દીકરી હતાં તેથી ખર્ચાળ પણ હતાં છતાં ઘરસંસાર ચાલ્યો, કારણ કે બન્ને એકબીજાને ચાહતાં હતાં.

કુદરતે તેમને અપાર સૌંદર્ય તથા કવિત્વ બક્ષ્યું હતુ. પણ બીજી તરફ હતી નાનપણની અનાથ અવસ્થા, જાગીર-મિલકતના ઝઘડા, ગરીબાઈ, સંતાપ, આદતોની ઠોકરો અને કેટલીક વ્યથા પોતે જાતે વહોરી લીધેલી અને કેટલીક આવી પડેલી. એક તરફ ખુમારી અને સ્વાભિમાન અને બીજી તરફ માનહાનિ અને અવહેલના હતાં. આ બન્ને વચ્ચેની ભીંસમાં પેલી કાવ્ય કરવાની કળા દ્વારા તેઓ મથ્યા, મહોર્યા અને મહેક્યા.

તેમના કાકાએ કરેલી સેવાઓ માટે તેમના ઉત્તરા-ધિકારીઓ માટે સરકારે પેન્શન મંજૂર કર્યું. એ રકમમાંથી રૂ.૭૦૦ ગાલિબના ભાગમાં આવતા, પરંતુ નસીબે ત્યાં પણ યારી ના આપી. તેમના જાણવામાં આવ્યું કે પેન્શન મુજબ રકમ મળતી નથી. ત્યારે તેઓ કલકત્તા પહોંચ્યા. તેમનો કેસ વર્ષો સુધી ચાલ્યો પણ પરિણામ શૂન્ય આવ્યું. કેસ લડવામાં ખર્ચ થયો, દેવાદાર



ગાલિબનો કાવ્યસંગ્રહ 'દસ્તંબો'



ગાલિબના કાવ્યસંગ્રહ
'દીવાન-એ-ગાલિબ'

બન્યા, મરતાં સુધી ઉધાર લીધેલા પૈસા ચૂકવવા પડ્યા. લગભગ બે વર્ષ સુધી તેમને કલકત્તા રહેવું પડ્યું. કલકત્તામાં રહેવાના લાભ તથા ગેરલાભ બન્ને પ્રાપ્ત થયા. ગેરલાભમાં તો કેસ હાર્યા, પૈસા ગુમાવ્યા, દેવાદાર થયા. આ બધા ગેરલાભ સાથે એક મોટો લાભ થયો. કલકત્તામાં રહેવાથી, વર્ષોથી તેમનામાં ચીટકેલા જરીપુરાણા ખયાલોને રુખસદ મળી ગઈ. તેઓ હવે નવા અભિગમ તરફ વળ્યા. કલકત્તાથી આવ્યા બાદ લખાયેલી શાયરીમાં તેમના નૂતન અભિગમની ઝલક નજરે પડે છે. વાત સાદી અને સરળ બની, ભાષા ચોટદાર અને સ્પષ્ટ બની. સમાજના રૂઢિચુસ્ત વિચારો અને ધર્મના આડંબરમઢ્યા ખોટા ખયાલો પર તેમણે ધારદાર શેર લખવાની શરૂઆત કરી. કલકત્તાએ તેમને નૂતન સંસ્કૃતિનાં દર્શન કરાવ્યાં. વિજ્ઞાનયુગનો પ્રારંભ, પશ્ચિમની હવાથી વહેતો નવો જીવનપ્રવાહ અને બુદ્ધિજીવીઓનો સંપર્ક - આ ત્રણે વસ્તુઓએ તેમના કવિહૃદયને કોઈક અનન્ય સજ્જતાનો નવો વળાંક આપ્યો. આમ, લક્ષ્મીદેવી રૂઠ્યાં પણ સરસ્વતીદેવી પ્રસન્ન થયાં.

આગ્રાથી દિલ્હી આવ્યા પછી ઘણી મુશ્કેલીઓનો સામનો તેમણે કર્યો. જાગીરદાર કુટુંબમાં ઉછેર થયેલો હોવાથી શાહી ખર્ચ કરવાની આદત, પત્ની નવાબની દીકરી હોઈ જે થોડું ઘણું પેન્શન મળતું તેમાંથી ગુજરાન ચલાવવાની મુશ્કેલી ને તેમાં વળી કિસ્મતે એક લપડાક વધુ મારી, તેમનો નાનો ભાઈ જે તેમને ખૂબ વ્હાલો હતો તે ગાંડપણનો શિકાર બન્યો. આમ, ચારે બાજુથી મુશ્કેલીઓએ ઘેરો ઘાલ્યો હતો. આપત્તિ ક્યારેક એકલદોકલ નથી આવતી, પણ સખી-સાહેલીઓને લઈને આવે છે તે વાત ગાલિબના સંદર્ભમાં પુરવાર થઈ. તેમના સ્વ-ભાવમાં રહેલો અહમ્, સ્વાભિમાન અને સામંતી સંસ્કારો તેમને ઝૂકવા દેતા નહીં. તેમની ખુમારી અજબગજબની હતી. તેમની વિદ્વત્તા અને ફારસી જ્ઞાનની વાત તે સમયના ટૉમસન નામના અંગ્રેજ સચિવે જાણી અને ગાલિબને દિલ્હીની કૉલેજના અધ્યાપક તરીકે નિયુક્ત કરવા પોતાના બંગલે બોલાવ્યા. સામંતશાહીમાં રાચતા આપણા આ ગાલિબ પાલખીમાં બેસી ટૉમસનના બંગલે પહોંચ્યા અને પોતાના આગમનના સમાચાર ટૉમસનને પહોંચાડ્યા. ટૉમસને તેમને બંગલાની અંદર આવવાનું કહ્યું અને એ સાંભળતાં સ્વાભિમાન ટકરાયું. ગાલિબ ચમકયા અને ટૉમસનને સંદેશો પહોંચાડ્યો કે તેમનું સ્વાગત કરવા તેઓ જાતે બંગલાની બહાર આવે. ગાલિબને સમજાવવામાં આવ્યા કે તેઓ નોકરી માટે આવ્યા છે તેથી તેમણે દર્શાવેલ સન્માનના તે અધિકારી બની શકે નહીં. અને ગાલિબનો ધારદાર જવાબ તો જુઓ. તેમણે કહેવડાવેલું કે, 'મારો ભ્રમ હતો કે મારી ઇજ્જત સરકારી નોકરીથી વધશે પણ અહીં તો રહીસહી ઇજ્જત છે તે પણ હાથમાંથી જશે માટે આવી નોકરીને સલામ.' આ શબ્દો સાથે પાલખી પાછી વાળી. જોયો એમનો જુસ્સો. આ પહેલાં ટૉમસન દરેક મુલાકાત વખતે ગાલિબને સન્માનવા ગયેલા પણ આ નોકરીની બાબત હતી, મુલાકાત નહીં. જે હોય તે; પણ ગાલિબ એમ માનભંગ થઈને નોકરી સ્વીકારવાની વિરુદ્ધ હતા એટલે જ તેમણે જડબાતોડ જવાબ આપ્યો. એક વાર તેમને આગા મીરને ત્યાંથી મળવા બોલાવેલા ત્યારે ગાલિબે સ્પષ્ટ શબ્દોમાં કહેલું કે તેઓ ખુશીથી આવવા તૈયાર છે પણ બે શરતો મંજૂર હોય તો. એક કે તે રોકડ રકમ નહીં સ્વીકારે અને બીજી શરત કે તેઓ મીરને ત્યાં પહોંચે ત્યારે આગા મીરે ઊભા થઈ તેમનું સ્વાગત કરવું. પરિણામ આપણને ખબર પડી જાય તેવું જ છે. બન્ને બાજુએથી કોઈ નમતું જોખે તેવું નહોતું. આ સમયે તેઓ પૈસાની ભયંકર ખેંચમાં હતા પણ સંપત્તિ કરતાં સ્વમાન વધારે વહાલું હતું.



ગાલિબની પુરાણી કબર

આમ છતાં ગરીબાઈના સકંજામાં સપડાયેલા આ શાયરને કેટલીક વાર અપાત્રોની પ્રશંસા કરવી પડતી, 'પેટ કરાવે વેઠ, પેટ વાજાં વગડાવે' એ અનુસાર સ્વભાવ વિરુદ્ધ જઈને અણગમતી વાતને માન્ય રાખવી પડતી. અપાત્રોના પ્રશંસાનો

મોટો ગેરલાભ એ થયો કે તેમની પોતાની અડધી કવિતા વેડફાઈ ગઈ. જુગારખાનુ ચલાવવાના આરોપસર એક વાર રૂ.૧૦૦નો દંડ થયો. ફરીથી એ જ ગુના માટે છ મહિનાની જેલ ભોગવવી પડેલી. આમ, ગરીબાઈના કપરા કાળમાં અધિક માસ જેવી દશામાં તેઓ સપડાઈ જતા. રાજદરબારમાં તેમનાથી નિમ્ન કક્ષાના કવિઓ માનમોભો મેળવી જતા અને આ શાયર તેમાંથી બાકાત રહી જતા. ક્યારેક ખુશામતનો આશરો લેવો પડતો અને આમ એમની જિંદગી અહમ્‌ને કારણે વધુ વેદનામય બની જતી.

એમના બે ઓરડા અને નાનકડા આંગણાવાળા મકાનમાં દિલ્હીના ઘણા શાયરો ભેગા થતા. આજે તો એ ખંડેર હાલતમાં છે, પણ લોકો તેને જોવા જાય છે; કારણ આગ્રામાં શરૂ થયેલી તેમની શાયરી આ મકાનમાં પૂર્ણપણે ખીલી હતી. અહીં તેમણે જિંદગી જોઈ, જાણી, પારખી અને નવા મિત્રો તથા દુશ્મનો પણ અહીં જ પ્રાપ્ત થયા.


બહાદુરશાહ જફર

આ સમયે દિલ્હીની ગાદી પર બહાદુરશાહ જફર ગાદીનશીન હતા, જેઓ ઉર્દૂના મહાન શાયર હતા. તેમણે મિર્ઝા ગાલિબને મોગલવંશનો ઇતિહાસ લખવાનું કામ સોંપ્યું, તદુપરાંત તેમને 'નજમુદૌલા', 'દબીરુલ મુલુ' અને 'નિઝામે જંગ' જેવી પદવીથી નવાજ્યા અને માસિક વેતન પણ બાંધી આપ્યું, આમ. એક શાયરે બીજા શાયરની યોગ્ય કિંમત આંકી. મોગલ ઇતિહાસનો પ્રથમ ભાગ 'મેહરે-નીમ-રોજ' ૧૮-૫૭માં પ્રકાશિત થયો. પરંતુ બીજો ભાગ ૧૮૫૭ના બળવાને લીધે લખી ના શકાયો. રાજકીય ઊથલપાથલ અને બળવાને લીધે દિલ્હી સ્મશાનરૂપમાં પલટાઈ ગયું. આ સમયે ગાલિબ ૬૦ વર્ષના હતા. આ સમય દરમિયાન તેમને ખૂબ વેઠવું પડ્યું. તેમને મળતું પેન્શન બંધ થયું, બહાદુરશાહ તરફથી મળતું માસિક વેતન પણ બંધ થયું, અને અંગ્રેજ સેનાનો વિજય થતાં લૂંટફાટનો આતંક મચી ગયો. ત્યારે અગમચેતી વાપરી સહીસલામત જગામાં રહેવા જતા રહ્યા છતાં પણ પત્નીના દાગીના તથા કુટુંબની બચેલી કેટલીક વસ્તુઓ પર બ્રિટિશ સૈનિકોના હાથ ફરી વળ્યા અને સર્વસ્વ લૂંટાઈ ગયું. નાના ભાઈ મિર્ઝા યુસુફના મૃત્યુજનાજામાં પણ પોતે હાજરી ના આપી શક્યા. ચોતરફ આફતોનાં ઘેરાં વાદળોથી ઘેરાયેલા તેમના જીવનમાં એક પણ તેજરેખા નજરે પડતી નહોતી. આપણે તો ૧૮૫૭ના બળવાનો ઇતિહાસ માત્ર વાંચ્યો છે પણ ગાલિબે તો તેની ભયાનક વ્યથા અનુભવી છે. હા, એક વાત તેમના પક્ષે હતી, તે એ કે, આ સમયે તેમના હિંદુ મિત્રોએ તેમને ઘણી મદદ કરેલી.

પ્રથમ તો તેઓ 'અસદ'ના તખલ્લુસથી લખતા, પણ એ જ નામના બીજા કોઈ કવિનો નકામો શેર વાંચી તેમણે નામ બદલી નાખ્યું અને 'ગાલિબ' તખલ્લુસ અપનાવ્યું. ગાલિબનો અર્થ થાય વિજયી, જેનું વર્ચસ પ્રવર્તતું હોય તેવી વ્યક્તિ. એમના જમાનામાં જે થયું હોય તે પણ આજે ૧૫૦ વર્ષ પછી આપણે આ શાયરરત્નને યાદ કરીએ છીએ - તે જ બતાવે છે કે તેમણે 'ગાલિબ' તખલ્લુસ સાર્થક કર્યું છે. સ્થૂળ જીવનમાં તો તેમણે ઘણું ઘણું જોયું, કષ્ટો ભોગવ્યાં, પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કર્યો પણ તેમનું કવિજીવન તો અંત સુધી અનોખું રહ્યું, મહેકતું રહ્યું. વૉલ્ટ વ્હિટમને 'લીવ્ઝ ઑવ્ ગ્રાસ' એ એક જ સંગ્રહ કર્યો તેમ ગાલિબે પણ 'દીવાન-એ-ગાલિબ' નામનો ઉર્દૂ પરંપરા મુજબ એક સંગ્રહ કર્યો અને અમર થઈ ગયા. તેમણે ફારસી કાવ્યો પણ લખેલાં, જે આકર્ષક જરૂર હતાં પણ ઉર્દૂમાં લખાયેલાં કાવ્યોએ તેમને ચિરંજીવ કર્યા. તદુપરાંત ગદ્યમાં પણ તેઓનું અર્પણ છે અને તે છે તેમના પત્રો. તેમને પત્ર લખવાની જબરી ટેવ હતી. બે-ચાર પત્રો ન આવે અથવા પોતે ના લખે ત્યાં સુધી તેઓ જંપે નહીં. પૈસાની ખેંચ હોય તો ટિકિટ વગર પત્રો પોસ્ટમાં નાખે! એમના પત્રોની એક આગવી શૈલી હતી. એ પત્રોમાં તેઓ જાણે સામી વ્યક્તિ સાથે વાતચીત કરતા હોય તેવુ પ્રકટ થાય છે. આ શૈલીનો એક અનોખો લાભ એ થાય કે સામી વ્યક્તિ સાથે તેઓ જાણે હાજરાહજૂર રહી વાત કરતા હોય તેવું અનુભવાય છે. તેમના વ્યક્તિત્વને આ પત્રો પ્રકટ કરે છે. 'દીવાન-એ-ગાલિબ' કરતાં પણ તેમના પત્રોનો સંગ્રહ વિપુલ છે. પત્રની ભાષા સાદી અને સરળ છે. તેમના પત્રોમાં ૧૮૫૭ની ક્રાંતિ બાદ દિલ્હીની દશા, કવિની પોતાની દશા-વ્યથા અને કવિતા વિષેના વિચારોનાં ચિતાર આવે છે.

૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની કેટલીક અપ્રાપ્ય માહિતી તેમના પત્રોમાં પ્રદર્શિત થઈ છે. આમ, ઉર્દૂ ભાષાના તે શાયર તો હતા પણ પત્રો દ્વારા ઉર્દૂ ગદ્યના સેવક પણ બન્યા. આવો, આપણે તેમનો એક પત્ર વાંચીએ અને પેલી વાતચીતની શૈલીનો અનુભવ કરીએ. પોતાના મૃત્યુ પહેલાં થોડા સમયે સૈયદ ગુલામ હુસેનને લખેલા પત્રમાં તેમના અંતિમ દિવસો કેવા હતા તેનું આબેહૂબ ચિત્ર મળે છે :

'હજરત,

ફકીરે હવે કવિતા ન લખવાની પ્રતિજ્ઞા લીધી છે. કોઈની કવિતા સુધારી ન દેવાની પણ પ્રતિજ્ઞા કરી છે. કવિતા સાંભળી તો શકતો જ નથી. કવિતા જોવી પણ ગમતી નથી. અત્યારે પંચોતેરનો થયો. પંદર વર્ષનો હતો ત્યારથી કવિતા લખું છું. સાઠ વરસ સુધી બકવાસ કરતો રહ્યો, ન પ્રશંસાનું વાક્ય સાંભળવા મળ્યું, ના મળી ગઝલની દાદ. સૌ કોઈને કહું છું

કે ભાઈ મને કવિઓની પંગતમાં ન મૂકતા અને આ બાબત મને કોઈ પૂછે પણ નહીં.'

આ પત્ર કેટકેટલું વ્યક્ત કરી જાય છે! કવિના થાકેલા, ઘવાયેલા ઋજુ હૃદયનું આબેહૂબ દર્શન આમાં થાય છે. આજે તો તેઓ નથી પણ તેમનો આત્મા જ્યાં હશે ત્યાં જરૂર સંતોષ પામશે કે તેઓ આજે ઉર્દૂ ભાષાના મહાન શાયર તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે. નિર્ધનતા, સંઘર્ષોની વણઝાર, અનિવાર્ય સંજોગોએ અર્પેલી ફકીરી અને જગતે કરાવેલા અવનવા અનુભવોમાંથી અવતરેલી તેમની શાયરી અમરત્વને પામી તે મહત્ત્વની વાત છે. ગાલિબની શાયરીઓનું નાનકડું પુસ્તક જોઈએ તો જાણે એકલાં રત્નોથી છલોછલ હોય તેવું લાગ્યા વગર રહે નહીં. આ શાયરીઓ ભારેખમ નહીં પણ સરળ લાગે છે.

નસીબે એમને ક્યારેય યારી આપી નહીં. સાત સાત સંતાનો થયાં પણ એકેય જીવ્યું નહીં. નાનો ભાઈ પાગલ થઈ ગયો. સાળીના દીકરા આરીફને દત્તક લીધો. તે પણ યુવાનીમાં મૃત્યુને ભેટ્યો. મોગલ દરબારમાં સ્થાન પ્રાપ્ત થયું ત્યારે મોગલ દરબાર જ ઊજડી ગયો. દિલ્હીની ઊથલપાથલમાં કેટલાય મિત્રો અને પરિચિતો ગુમાવ્યા. તેમના મિત્રને લખેલા પત્રમાં એક જ વાક્યમાં કેટકેટલી વેદના અને વ્યથા તેમણે વ્યક્ત કરી છે : 'ભાઈ, આ મારામારી કેવી? મારા જેવા ૭૦ વર્ષના વૃદ્ધને એ ન મારી શકી.' તેઓ લાંબું જીવ્યા, દુઃખ સામે ઝૂઝતા રહ્યા. કેટલાયે સ્નેહીઓ ગુમાવ્યા ત્યારે તેમને વસવસો એટલો થયો કે તેઓના મૃત્યુ બાદ કોઈ શોક કરનારું કે રડનારું નહીં રહે. બાળકોના ચાહક હતા. ભાણાના અવસાન બાદ તેના પુત્રોને પાસે રાખતા, જેઓ તેમના કાગળ રફેદફે કરી નાખતા, કાદવવાળા પગથી ચાદર બગાડતા, હઠ કરતા, રિસાતા, તો પણ ગાલિબ ચૂમીને તેમને મનાવતા, મીઠાઈ લાવી ખવડાવતા.

તેમના અંતિમ દિવસો દુઃખમય હતા. હરવા-ફરવાનું બંધ થઈ ગયેલું. પથારીવશ હતા. ખાવાપીવાનું પણ ઓછું થયેલું. છેલ્લે શરીર પર ફોલ્લા થયા! રોજ નસ્તર મૂકવું પડતું, દવા ભરવી પડતી પણ ગાલિબ જેનું નામ! ચૂપચાપ સહન કરતા. આ પરિસ્થિતિમાં પણ પત્રવ્યવહાર તો ચાલુ હતો. પત્રના ઉત્તર ક્યારેક લખતા અથવા લખાવતા. સમગ્ર જીવનમાં સંકટ, સહનશીલતા અને શાયરી આ ત્રણની છાયામાં જીવ્યા. ઈ.સ.૧૮૬૯ની ૧૫મી ફેબ્રુઆરીએ ૭૩ વર્ષની વયે અવસાન પામ્યા અને દિલ્હીમાં તેમના અંતિમ સંસ્કાર થયા. તેમના મૃત્યુ બાદ બરાબર એક વર્ષે, જે દિવસે ગાલિબ મૃત્યુ પામ્યા હતા તે દિવસે, ગાલિબની વરસીની તૈયારીઓ ચાલતી હતી ત્યારે તે જ દિવસે તેમનાં પત્ની ઉમરાવ બેગમ મૃત્યુ પામ્યાં.

મનમોજી, બેફિકરો, મસ્તરામ, અલગારી, વટનો કટકો, ખુમારીથી ભરપૂર, પૈસા આગળ નહીં ઝૂકનાર, સ્વમાની, અદ્ભુત શાયર આવા આ ગાલિબ જીવનના ચકડોળમાં ઉપર-નીચે ફર્યા, ફંગોળાયા છતાં સન્માન્ય બન્યા. શાયરી દ્વારા ગાલિબ તખલ્લુસને સાર્થક કર્યું. બીજાથી તદ્દન નિરાળા, ચડિયાતા અને કોઈ તેમનું અનુકરણ ન કરી શકે તેવા ઊંચા ગજાના આદમી સદા માટે કબરમાં પોઢી ગયા. વિશાળ હૃદયના અદના આદમી, સહુને પ્રેમ કરે, અન્યના દુઃખે દુઃખી થાય અને લાગણીપ્રધાન શાયર તેમની શાયરીઓ ભવિષ્યની પેઢીને અર્પણ કરતા ગયા. તેમની હયાતીમાં તેમની કવિતાને બહુ આદર ના મળ્યો 'ઘર કી મુરઘી દાલ બરાબર' જેવું થયું, પણ આજે ઉર્દૂ ભાષાના મહાકવિ તરીકે સન્માન પામ્યા છે. ગરીબાઈ, અનિવાર્ય બનેલી ફકીરી, જગતના અનુભવો, જીવનની ચડતી-પડતી - આ બધા અનુભવોનો નિચોડ તેમનાં કાવ્યોમાં પ્રકટ્યો છે.

તેમની કૃતિમાં 'દસ્તંબો', 'કાતે-બુરહાન', 'દુરાફિશ કાવિયાની', 'કુલ્લિયાતે-નસરે-ગાલિબ', 'પંજ-આહંગ મેહરે-નીમ-રોઝ' તેમના જીવન દરમિયાન પ્રકટ થયેલી. આવું સન્માન તે સમયના કોઈ ભારતીય લેખકને મળ્યું નહોતું. 'દસ્તંબો' ૧૮૫૭ના બળવા વખતે પ્રાચીન ફારસીમાં ડાયરી-શૈલીમાં લખાયેલ છે. તેમાં ૧૮૫૭ની જુલાઈથી ૧૮૫૮ સુધીની આપવીતી વર્ણવેલી છે. લૉર્ડ કેનિંગે પ્રેસની સ્વતંત્રતા પર કાપ મૂકેલો, જેમાં સરકારની જરા પણ ટીકા લખનારને દંડને પાત્ર થવું પડતું. આવા કટોકટીકાળે ગાલિબે માથે લટકતી તલવાર સાથે હાજરાહજૂર સાક્ષીની હેસિયતથી ઘણીબધી હકીકત તેમાં લખી છે. એક જગાએ તેમાં તેમણે લખ્યું છે કે, 'જે હાલત હું વર્ણવું છું તે હૈયાને દુઃખ પહોંચાડે તેવી છે, પરંતુ જે નથી કહી શકતો તે તો આત્માને કંપાવે તેવી છે.' ૧૮૫૭ પછી બાકી રહેલાં વર્ષોમાં તેમણે શાયરી, ડાયરી અને પત્રો દ્વારા નિર્મમ સચ્ચાઈ એકલા રહીને અભિવ્યક્ત કરી છે એ જોતાં સમકાલીન બુદ્ધિજીવીઓમાં તેમને અગ્ર સ્થાને મૂકી શકાય.

ઉચ્ચ માનવીય મૂલ્યો, નૈતિક આદર્શો અને સાંપ્રદાયિક એકતાના તેઓ પૂજારી હતા. તેમનાં આદર્શો અને નૈતિક મૂલ્યોએ તો તેમને પ્રેમ કરવાનું શીખવ્યું હતું. તેઓ કહે છે, 'હું સંપૂર્ણ માનવજાતિને જે ચાહે હિંદુ હોય, મુસ્લિમ હોય કે ઈસાઈ હોય - એ સહુને પ્રેમ કરું છું. અને એ બધાને મારા ભાઈ સમજું છું.' આજના સંદર્ભમાં ગાલિબના આ માર્ગે વિશ્વ જો વિચરે તો કેટલાં યુદ્ધો અને અશાંતિ દૂર થાય અને માનવી સાચો માનવી બની જીવી શકે. □

એકબીજીને રિપોર્ટ

સુરેશ ઓઝા

એ ત્રણ બહેનો હતી.

ત્રણેની ઉંમરમાં બે-બે વર્ષનું અંતર. વચલી અને મોટીને બહુ બને. પણ હમણાં હમણાંથી જરા ગરબડ થતી હોય તેવું લાગે છે. આમ તો પહેલાં જેટલું જ બને છે, પણ...

ને ક્યારેક તો વાત કરતાં કરતાં બેમાંથી એક એકદમ મૂંગી થઈ જઈ જોયા કરે - પછી દૂર દૂર.

જે મૂંગી બની ગઈ હોય તેને બીજી જોયા કરે મૂંગી મૂગી.

અત્યાર સુધી તો આવું કંઈ થતું ન હતું. હવે કેમ થવા માંડ્યું? બન્નેને મૂંઝવણ થતી. એકબીજાં તરફ તિરસ્કાર થાય એવું ન બને તે માટે મનમાં બંને પ્રયત્ન કરતી. તેમનાં મા-બાપ મૂંઝાય છે. બહુ તપાસ કરે છે, પણ મેળ નથી પડતો.

સૌથી મોટીને પહેલી પરણાવવી જોઈએ, નહિતર એ રહી જાય. આપણાં લોકો એવાં છે! તરત જ કંઈ વિચારે. 'મોટીમાં કંઈક ખોડ હશે. માંદી-બાંદી રહેતી હશે. કંઈક હશે નહિતર નાનીનું પહેલાં ન કરે.' મોટી અને વચલી તેમનાં માબાપની આ સ્થિતિ પામી ગઈ હતી.

બંનેને બનતું હતું ખૂબ, પણ હમણાં-હમણાં ગરબડ થઈ હતી. તેનું કારણ બેય મનમાં સમજતી હોય એવું લાગતું હતું, તેમના વર્તન પરથી. નાની મોટીનો દોષ તો કાઢી ન શકે. તે વહેલી જન્મી છે ને તેના કરતાં બે વર્ષે મોટી છે.

હવે વાત કરું -

મૂળ વાત આમ હતી. મોટીની ઉંમર બાવીસ વર્ષની થઈ ગઈ હતી. વચલીની વીસ વર્ષની. તેમનાં માબાપને આ ઉંમરનો તફાવત દેખાતો ન હતો. પણ બંને બહેનોને દેખાવા માંડ્યો હતો.

જ્યારે સૌપહેલાં બાપા વાત લઈને આવ્યાં અને બાને વાત કરી ત્યારે વચલી મોટી સામે જોઈ હસી રહી હતી. મોટી શરમાઈ ગઈ હતી. ત્યાર પછી 'નથી પરણવું' એવું પણ મનમાં ઊગી નીકળ્યું હતું, માત્ર અમથું અમથું. પણ મનમાં...

અને વચલીએ જ્યારે તે એકલી હતી ત્યારે ગાલ પર લપડાક મારી હતી ત્યારે તેની સામે જોઈ ખડખડાટ હસી પડાયું હતું - ફાગણના ગુલાલ જેમ. તેને આમ હસતી જોઈ વચલી બોલી હતી, 'જુઠ્ઠી!' 'શું જુઠ્ઠી?'

'નથી પરણવું મારે - એવું કેમ બોલી હતી?' 'ના રે.'

'ચાંપલાશ જોઈ હવે.'

તેમની વાત અહીં પૂરી થઈ. મોટીને ત્યાર પછી દુનિયા વિકસતી લાગી હતી. આ ઘર, આ જમીન - તે ઘર, તે જમીન. કોણ હશે? કેવું હશે? પણ પ્રેમના ખ્યાલમાં તેનું મન કંઈક અવનવી લિજ્જત માણતું થયું.

બાપાએ કરેલી વાત આગળ વધતાં વાર લાગી ત્યારે તેની બાએ તેના બાપાને યાદ દેવરાવ્યું. આનો પણ નશો થોડો ઢીલો પડ્યો હતો. તે રસોડામાં હતી ને તેને આ સંભળાયું. એકએક શબ્દ બા-બાપાનો સંભળાય માટે જડ થઈ સાંભળી રહી :

'બોલાવીએ એક દિવસ.'

'તમે છોકરો જોયો છે?'

'હા - પણ ખાસ નહિ.'

'ખાસ નહિ?'

'તેની સાથે વાત નથી કરી.'

'જોયો જ છે?'

'અનુકૂળતાએ બોલાવીએ.'

'આપણે તેમનું ઘર જોઈએ, તે આપણું જુએ.'

'હા.' 'હા. હા.'

'હા, તો કહું છું હું.' તેની મા એ વખતે ચિડાઈ હોય એવું આને લાગ્યું. ચિડાય જ ને! તેની મા કેટલી રઘવાઈ બની જતી હતી ક્યારેક, તેમને ઝાડની જેમ વધતી જોઈ. ત્રણેત્રણ હવે પુખ્ત હતી ને બધું સમજતી હતી. એક વાર તો બા બહુ કંટાળીને બોલી હતી : 'આપણે બહાર જ ન નીકળવું બસ.'

છોકરીઓ સામે જોઈ પછી તે આગળ બોલી ન હતી. પણ મોટી, વચલી ને નાની ત્રણેત્રણ સમજી ગઈ હતી - આનો અર્થ શું થાય? બાપાને આવી બધી વાતની ક્યાંથી ખબર હોય? બા ચિડાય જ ને!

બાપા કંઈ ધ્યાન નથી આપતા એવું તો આને પણ સમય જવા માંડ્યો ત્યારે લાગવા માંડ્યું હતું. ત્યાં તો એક દિવસ ખબર પડી કે તે છોકરાનું તો થઈ ગયું.

બા બાપા સાથે ત્યારે ઝઘડી ન હતી. એ વખતે વચલીને પણ દુ:ખ થયું હતું. તેની બહેન સામે તે જોઈ રહી, પછી બોલી, 'ફિર લડેંગે.' 'શું કીધું?'

વચલી તે વખતે ગંભીર થઈ ગઈ હતી. મોટી બોલી પડી હતી, 'એલી દુ:ખી તો મારે થવાનું છે. તું કેમ થઈ ગઈ?'

ત્રાંસી નજરે વચલી મોટીને જોઈ રહી પછી હસી અમથું અમથું, પરાણે હસતી હોય તેવું. મોટીને મનમાં કંઈક ખબર પડી ગઈ હતી. પછી બે-ચાર મહિનામાં ફરી પાછી વાત થઈ. આ વખતે તેની બા વાત લઈ આવી હતી. બાએ બાપાને કહ્યું, 'જો જો, ગયા વખત જેવું ન થાય. જરા જલ્દી તેમને મળજો.'

મોટી આ વાત સાંભળી રહી હતી પણ ખાસ ધ્યાન ન આપ્યું. સાવ ન આપ્યું એમ પણ નહિ. વચલી આ વાત રસથી સાંભળી રહી. પછી બોલી, 'તારી વાત થાય છે.'

'ખબર છે. મારે બદલે તું બેસી જજે ને.'

વચલીએ સામો જવાબ ન આપ્યો પણ પછી બોલી, 'એમ કરીશ.'

મા-બાપનો આ પહેલો જ અનુભવ હતો. મોટી અઢારેકની થઈ અને તેમના મનમાં ચણચણાટી શરૂ થઈ હતી. બિનઅનુભવીની જેમ આજકાલ આજકાલમાં બે-ત્રણ વર્ષ નીકળી ગયાં. ત્યારે મોટીને પણ પરણવું કેટલું અઘરું છે તેની ખબર ન હતી. મન પણ આળુ થાય એ પહેલાં વાત થઈ અને બાપા થાપ ખાઈ ગયા.

એટલે આ વખતે જરા પણ સમય ગુમાવ્યા વગર તેમણે લાગતાવળગતાને મળવાનું, કુટુંબ વિષે જાણવાનું શરૂ કર્યું. એક રવિવારે નક્કી થયા પ્રમાણે મળવાનું ગોઠવ્યું. એ વખતે વચલી અને મોટી બંને તૈયાર થઈ ગઈ. નાની પણ તૈયાર થઈ. ઘરના આગલા રૂમમાં ગોઠવણી સરખી કરી. પછી રાહ જોતાં હોય તેમ બીજા રૂમમાં જઈને બેઠાં. આગલા રૂમમાં બા અને બાપા જ રહ્યાં. અંદર ત્રણે બહેનો સમસમીને બેસી રહી - વાંચવાનો ડોળ, ગૂંથવાનો ડોળ કરતી.

નાની તેના બાપા પાસે જઈને બેઠી. બાપા કંઈ ન બોલ્યા. બા જોઈ રહી. થોડી વારે મોટી અને વચલી પાસે આવીને બેઠી. વાતો ન થઈ, પણ જોયા કર્યું મનમાં મનમાં, રાહ જોતાં હોય તેમ.

પાંચ વાગે આવવાના હતા. પણ છ થયા. હવે નહિ આવે. પ્રોગ્રામ પડતો મૂક્યો હશે. કંઈક કામ આવી ગયું હશે. બધાં લગભગ નાસીપાસ થઈ ગયાં.

ને અચાનક બધાં કોઈના લગનમાં આવ્યાં હોય તેમ આવી ચઢ્યાં. બે બહેનો, નાનો ભાઈ, મુરતિયો પોતે ને તેનાં બા-બાપુજી.

શું વાત થઈ ? કોણે કોને જોયો ? કોણે કોને જોઈ ? કોની ઓળખાણ પડાવી ? ને તેમનાં વચ્ચે શું વાતચીત થઈ એ બધું ઝપાટાબંધ પતે ત્યાં તો - ચાલો આવજો, જઈએ... કરીને બધાં ઊઠ્યાં.

બા-બાપા તેમને વળાવવા ગયાં. પાછાં આવ્યાં ત્યારે કંઈ જ ખ્યાલ ન બાંધી શકતાં હોય તેમ પાછાં આવ્યાં. સગાને નહિ પણ કોઈ સાવ અજાણ્યાને વળાવીને આવ્યાં હોય તેમ બેઠાં.

'શું લાગે છે?' પત્ની બોલી.

'કંઈ ખબર ન પડી તેમના મનની.' પતિએ કહ્યું.

બસ, આટલી જ વાત બા-બાપા વચ્ચે થઈ. પણ ત્રણ બહેનોની વાત સાવ જુદી થઈ.

પેલાં બધાં આવ્યાં ત્યારે ત્રણેના મન પર ખામોશી છવાઈ ગઈ. અચાનક યુદ્ધના મોરચે ખડાં કરી દીધાં હોય તેવું લાગ્યું. મોટી તો બહાર તેમની સામે જવા ઇચ્છતી જ નથી તેમ બેસી રહી. નાની બારણામાં ઊભી રહી. વારાફરતી બધાંને જોઈ રહી. વચલી તેમને ટ્રેમાં પાણી આપવા આવી ને જતી રહી, પાણી મૂકીને. આવનાર બધાં જોઈ રહ્યાં મૂંગાં મૂંગાં. પછી વાતો શરૂ થઈ: ચા પીઓ છોને? હા! ના! એમ થયું. ને મોટી ચા-કોફી લઈ રૂમમાં આવી. બધાંને ચા આપી પલંગ પર તેની બા પાસે ખૂણામાં સંકોડાઈને બેસી ગઈ. બધાં તેને જોઈ રહ્યાં. ફરી વાતો થઈ ને પછી ઊઠ્યાં - આવજો, આવજો, થયું.

ત્યાર પછી ત્રણેમાંથી એક પણ કોઈ સાથે કંઈ બોલી ન હતી. પરિણામની કલ્પના ન થઈ શકી. વંટોળ આવી ગયો હોય એવું બન્યું. વાત તો ભુલાઈ પણ ગઈ. બા-બાપા થોડાં નિરાશ થયાં. પણ હોય, અમે મન મનાવ્યું. બહેનોને ખબર ન પડી શું બન્યું. સૌથી નાની તેના બાપાને બોલતા સાંભળી ગઈ, 'પેલી વાતમાં ગરબડ ક્યાં થઈ, ખબર છે?' 'ના.'

'પછી મને જાણવા મળ્યું કે તેમને વચલી ગમેલી.'

'તો વાત કેમ કરી?'

'મોટીને જોવા આવેલા ને?'

આ વાત નાનીએ મોટી ને વચલી બેઠાં હતાં ત્યારે કરી. વચલીને પણ તેઓ જોઈને ગયા ત્યારે થયેલું - મારો વટ પડી ગયો છે. મોટીને પણ થયેલું ખરું. આ વચલી એટલે બંને મોટી ને વચલી ગૂંચવાઈ ગયેલાં. પણ વચલી કંઈ વટ પાડવા ઇચ્છતી ન હતી. છતાં આમ બન્યું.

મોટીને ખબર હતી કે વચલી વધુ ચબરાક છે ને નમણી પણ છે. બાએ તેને તેમની હાજરીમાં સામે મોકલાય જ નહિ. અને આમ વાત મનમાં મનમાં સમજી બંને સમસમી રહી.

ને સૌથી નાની બોલી ગઈ હતી, 'મને તો છોકરો ગમ્યો જ નથી.'

મોટી ને વચલી તેની સામે જોઈ રહી. વચલીએ ચોડી દીધું, 'પણ તને કોણ પૂછે છે વચમાં?'

વચલી અને મોટી બંનેનાં મન જુદાં થઈ ગયાં. વચલીને માટે અત્યારે ભવિષ્ય કે ભૂતકાળ બંને સરખાં હતાં. એ પણ હવે તો તૈયાર હતી ઝંપલાવવા.

'મારી દીકરીઓને તો હું...' વર્ષો પહેલાં બાપા આવું બોલતા ત્યારે ત્રણે માછલીઓની જેમ કૂદાકૂદ કરતી ને સળવળતી.

ફરી તપાસ શરૂ થઈ ત્યારે વચલી કે નાનીને તેમની સામે ફરકવા ન દેવી એવી ગોઠવણ કરવી એમ નક્કી થયું. પણ હજી મેળ પડતો જ નથી. પહેલાં તો મનમાં હતું ગામમાં જ ગોતવું, પણ હવે તો બહાર પણ મળે તો કરવું એમ વિચાર્યું. અને જ્યારે બીજી વખત નક્કી થયું ત્યારે સામેથી પેલાંઓએ કહેવરાવ્યું - તમે કન્યાને લઈને અહીં આવો. જોઈ-કારવી નક્કી કરીએ.

'શું કરવું? જવું?' છેવટે ન ગયાં.

પણ ત્યારેય તે વચલીને લાગેલું, હજી મોટીને પેલા પસંદ નહિ કરે. નહિ તો સામે શા માટે બોલાવે? ખરેખર પરણવું હોય તો સામે જ આવેને! ગામમાં હોય તો જવાય. આ તો બહારગામ.

જ્યારે ન જવાનું નક્કી થયું ત્યારે મોટી કંઈ જ વિચારી ન શકી. તેને માત્ર એટલું જ થયું - આ તે કેવું? વચલીને

એમ ન થયું કે બહેન પછી મારો વારો આવશે. પણ તેને લાગવા માંડ્યું... શું લાગવા માંડ્યું એ તે પોતે પણ કહી ન શકે એવું લાગવા માંડ્યું. તેને એમ પણ થયું, બાપાએ જઈ આવવું જોઈતું હતું. એ જ વખતે બાપાને પણ લાગ્યું, ગયા હોત તો સારું હતું. હવે તો મોડું થઈ ગયું.

તેની પત્નીએ કહ્યું, 'ન કરવાનાં બાનાં છે બધાં. ન ગયા તે સારું જ થયું.' ત્યારે વચલીને પણ લાગ્યું - સારું જ થયું. સાથેસાથે તેને એમ પણ થયું - અહીં આવત તો મને જ પસંદ કરત. વીજળીના ઝબકારા જેમ મનમાં આ વિચાર ઝબકી ગયો હતો. તે મનમાં શાંત રહેવા પ્રયત્ન કરી રહી.

નાની આ બાબતે અલિપ્ત હતી. તે બાને, બાપાને અને બંને બહેનોને જોયાં કરતી હતી, જાણે આ પ્રકરણ સાથે તેને કંઈ લેવાદેવા જ નથી!

બે બહેનોનો એકબીજી તરફનો ભાવ બદલાઈ તો ગયો જ હતો, પણ પરાકાષ્ઠાએ પહોંચે એ પહેલાં એક સંબંધી વાત લઈ આવ્યા. મૂરતિયો ઠીક હતો. બેય પક્ષે ગરજ હતી. ચાંદલા થઈ ગયા. મોટી જાણે મુક્ત થઈ. વચલી એ વખતે જરા ભારેખમ થઈ ગઈ. થોડા દિવસ પછી તે અચાનક બોલી પડી, 'પહેલા જોવા આવેલા એવો છોકરો નથી.'

નાની હવે તેની સમોવડિયણ થઈ ગઈ. પટ બોલી ગઈ, 'એણે તને પસંદ કરી હતી એટલેને?'

ઝંખવાઈ જઈ વચલી બોલી, 'એવું નથી.' અને વચલીની પ્રતિભા હણાતી હોય એવું લાગ્યું. તે જાણે પકડાઈ ગઈ. પોતાની જાત એકદમ કદરૂપી લાગવા માંડી. આવું કહેવાની શું જરૂર હતી? નાનીય તે...

પહેલાં નક્કી થયું બંનેનાં સાથે લગ્ન કરવાં. છ મહિનામાં વચલીનું પણ ગોતી નાખવું. બોલી પ્રમાણે છ મહિના પછી લગ્ન કરવાં પડે. બહુ બહુ તો છ મહિના વધુ લંબાવાય.

વચલી એકલી પડી ગઈ. તેને કોઈ જોવા આવતું તો પહેલાં જેવી સ્ફૂર્તિ તેનામાં ન રહી. ખાલીખાલી તેની શક્તિ વપરાઈ ગઈ હોય તેવું તેને લાગ્યું. શરીર પણ થોડું લેવાઈ ગયું હતું. પાતળું તો સારું. પણ આનું પાતળું શરીર સારું નહોતું લાગતું. રૂપને શું બચકાં ભરવાં? સ્ફૂર્તિ ક્યાં જતી રહી?

મોટીને જોવા આવેલા ને જે ઉત્સાહથી તે સામે ગયેલી તેમ હવે નહોતી જઈ શકતી. નમણી છે મોટી કરતાં, રૂપાળી છે મોટી કરતાં. તો પણ કંઈક લોચો પડી ગયો છે. તે મોટીની આડે આવી ગઈ હતી કે મોટી તેની આડે? કંઈ સમજણ પડતી નથી. પણ તેને મનમાં થતું - મોટી! મોટી!

મોટીના અનુભવ પરથી માબાપે વચલી માટે તરત જ ગોત શરૂ કરી. છ મહિના તો ચપટી વગાડતાં નીકળી ગયા. જાણે તેમને ગરજ છે દીકરી વરાવવાની એવું બનવા માંડ્યું.

મોટીનું ગોતતાં હતાં ત્યારે વચલી પસંદ પડતી. ને વચલીનું ગોતીએ છીએ ત્યારે ટેટો બાઝતો નથી. અને હવે તો વચલીનું કરશો ત્યાં નાની... મનમાં માબાપને ખબર હતી કે નાની પણ તૈયાર થઈ ગઈ છે. તેમ છતાં પતિપત્નીથી આ શબ્દો બોલાઈ ગયા ને નાની સાંભળી ગઈ.

તેણે તેની માને કહ્યું, 'મારી ચિંતા નો કરતાં.'

'તું શું કરવાની છે?' 'નહિ પરણું.'

'એમ?' મા બોલી પડી હતી, 'તો તો સારું જ ને.'

વચલીનું કંઈ ગોઠવાયું નહિ. એક વર્ષ રાહ જોઈ મોટીને પરણાવી. મોટી જ્યારે વળાવવાની થઈ ત્યારે વચલી ને મોટી ભેટીને ખૂબ રડ્યાં - દુશ્મનો વચ્ચે સંધિ થાય ને જ્યાફત ઊડે તેમ.

મોટી ગઈ એટલે ઘર થોડું એકલું પડી ગયું. થોડા દિવસોમાં વળી પહેલાંની જેમ બધું શરૂ થયું. વચલી પણ થોડી મુક્ત થઈ. તેનામાં સ્ફૂર્તિ દેખાવા માંડી. શરીર થોડું વળ્યું. માને થયું તેને જોઈને - હવે વાંધો નહિ આવે. ને તેના હોઠ પણ એ રીતે ફફડી ગયા. વચલી સાંભળી ગઈ. બોલી. 'શેનો?'

'કંઈ નહિ.'

વચલી સમજી ગઈ ખરી, પણ કંઈ બોલી નહિ.

નાનીની હાજરીની હવે નોંધ લેવાવા માંડી. તે થોડી લાડકી હતી ઘરમાં. વચલીનું પતે પછી તરત જ તેનું પણ પતાવી નાખવું. પણ મન માને એવી જગાએ ગોતવું. મોટીમાં જરા પસ્તાવા જેવું ખરું. માબાપ બંને સમજતાં હતાં.

માબાપને બહેનો માટે છોકરો ગોતવામાં જે તકલીફ ભોગવવી પડતી હતી તેની નોંધ તેના મન પર સતત રહ્યા કરી હતી. અને તે માનસિક રીતે પણ ઘણી તૈયાર થઈ ગઈ હતી. વચલીનું પતે તેની માબાપ રાહ જુએ છે તે પણ તે જાણતી હતી પણ દેખાવા ન દેતી વર્તનમાં. નાની મનથી પુખ્ત હતી.

વચલીને મોટી સાથે બનતું એટલું નાની સાથે ન બનતું. નાનીને બંને સાથે સરખું ફાવતું.

મોટીનાં લગ્ન થયાં પછી વચલી તેના તરફ ઢળતી જતી હતી. એટલે તે બંધનમાં આવતી જતી હોય તેવું અનુભવતી હતી. અને આપોઆપ પોતે પણ વચલીના બંધનમાં સામેથી ફસાતી જતી હોય એવો અનુભવ પણ ક્યારેક તેને થતો.

હવે તેને વચલી સ્પષ્ટ દેખાવા માંડી. તે પરણી જશે પછી બધું સ્પષ્ટ. પછી કંઈ જ ચિંતા નહિ. આવા વિચારો કેમ આવે છે તે નાનીને સમજાતું નહિ. કોઈ તેનું ધ્યાન રાખે છે એમ પણ તેને હવે લાગતું હતું.

વચલીની તપાસ ચાલે છે ત્યારે તેને પસંદ કરનાર મળતું નથી. ભણી નથી. દૂબળી છે. વાન શ્યામ છે - બહાનાં બધાં, ન કરવાનાં બહાનાં!

તેનું કોઈ ધ્યાન રાખે છે તેની હવે સ્પષ્ટ ખબર પડી.

વચલીએ તેને એક વખત કહ્યું, 'નાની?' તેના અવાજમાં કડકાઈ હતી. 'કેમ?' નાનીએ પૂછ્યું.

'કંઈ નહિ.'

'તો આમ કેમ તોછડાઈથી બોલી?' 'બસ...'

'શું બસ?'

'તને જો કોઈ પસંદ કરે તો બાપાને કહીશ કે તારું પહેલાં કરી નાખે!' 'કંઈ તને થઈ ગયું છે?'

'ના.' 'મને તો એવું લાગે છે.'

'સાચું કહું છું.' વચલી બોલી, 'આપણે એકબીજીને -' પહેલાં તો નાનીને થયું વચલી આમ કેમ બોલે છે? પછી તેને ખ્યાલ આવ્યો કે વચલી કંઈક જુદા જ અર્થમાં બોલતી હતી. પહેલાં તો તે ગૂંચવાઈ હતી. થયું હતું - અમને જોયાં હશે?

તેની માએ એક-બે વખત વિચિત્ર ટકોર કરી હતી. ત્યારે વાતને ઉડાવતી હોય તેમ ટોળ કરેલો. પણ વચલી આજે આમ સ્પષ્ટ બોલી એટલે વળી એને થયું - કંઈક ગરબડ છે. વચલી કંઈક જાણે છે.

પછી જ્યારે જ્યારે વચલી તેની વધુ નજીક જવા પ્રયત્ન કરતી ત્યારે છૂપો છૂપો તેને ડર લાગતો.. સંકોચાતી હોય તેવું અનુભવતી. બહુ સહન ન થયું ત્યારે તેણે વચલીને પૂછી નાખ્યું, 'તું તે દિવસે એવી રીતે કેમ વાત કરતી'તી?'

વચલી તેના આખા ચહેરા સામે જોઈ રહી. તિરસ્કાર કે ધૃણાથી નહિ પણ એક પ્રકારની લાગણીથી. પછી હળવે રહી બોલી, 'વર્તન પરથી ન ખબર પડે?'

'શેનું વર્તન? કોનું?' 'તારું.'

'હું તને બધી વાત કરીશ.' 'મારે નથી સાંભળવી.'

'એટલે તું લગનની વાત કરતી'તી તે દિ?'

'હા.' ને ઉમેર્યું, 'મોટીનું કરવામાં બાપાને કેટલી તકલીફ પડી!'

'તારું પણ ક્યાં ગોઠવાય છે -' નાનીને થયું, બોલું. પણ તે પહેલાં વચલી બોલી, 'એટલે જ કહું છું. તારું ગોઠવાતું હોય તો પહેલાં કરવું.'

બંને જીવનના નિર્ણયો પોતે લેવાની હોય એમ પુખ્ત બની વાત કરતી હતી એવું બેયને લાગ્યું. રસ્તો કેમ કાઢવો તે નાનીને સમજ ન પડી.

'બાપાને ખબર પડશે તો?' વચલી બોલી. 'ભલે પડે.'

'સારું, તો ભોગવ.'

બા-બાપાની બીક તો હતી જ.

સાથે જ બેયનાં લગન કરવાં એવા નિર્ણય પર મા-બાપ આવી ગયાં. ત્યારે નાની જાગૃત થઈ ગઈ. હવે કંઈક કરવું પડશે.

વચલીને જ્યારે કોઈ જોવા આવતું ત્યારે તેને પણ સાથે સાથે જોઈ લેતું.

વાત તો ગૂંચવાવા માંડી. ત્યારે વચલી બોલી, 'હમણાં ધીરજ રાખ, પછી બધું થઈ પડશે.'

'કઈ રીતે?'

'એમ ને એમ.'

'એમ ને એમ કંઈ થતું હશે. તુંય તે સાવ...' નાની બોલી. વચલી તેની મશ્કરી કરતી હોય એવું લાગ્યું. નાનીને ચિંતા વચલીની હતી. ધારો કે પોતે કંઈક પગલું લે - પગલું એટલે નાસી જવાનું; તો વચલીનું શું થાય? તેનો હાથ કોણ ઝાલે? તેણે નક્કી કર્યું વચલીનું કંઈ ન થાય ત્યાં સુધી કંઈ ન કરવું. રાહ જોવી. જેવું વચલીનું પતે કે તરત પતાવવું - ગમે તે રીતે.

તેને રાતે ઊંઘ ન આવતી. વચલીને પણ ઊંઘ ન આવતી. માબાપની પણ બેચેની વધતી જતી હતી.

વચલીનું જો ન થાય તો એક વર્ષ પછી લગ્ન કરી લેવાં. નાનીએ મનમાં નક્કી કરી નાખ્યું. બાપાને પણ વાત કરવી. મનમાં નક્કી કર્યાં પછી વચલીને જ તેણે આ વાત બાને કરવા કહ્યું.

બાએ કહ્યું, 'ક્યાં ગઈ એ?'

'કેમ, અહીં છું.' નાની બેધડક બોલી, 'શું કહે છે?'

બાને, વચલીએ ને નાનીને - ત્રણે જણાને કેમ વાત કરવી તે સમજ ન પડી. ત્રણે જણાં આઘાંપાછાં થઈ ગયાં. ઠપકો પણ ન આપ્યો. ત્યારથી ઘરમાં નાનીનું વજન પડવા માંડ્યું.

'તેને અહીં લાવજે તો ખરી.' બાપા બોલેલા, 'વચલીનું પતવા દે પછી તારું પણ ત્યાં જ ગોઠવશું.'

નાનીને તેની ઇચ્છા પ્રમાણે કરવા દેવામાં વાંધો નથી એમ છેવટે બાપાએ કહ્યું.

આટલી બધી સહેલાઈથી પતશે તેવું તો નાનીની કલ્પનામાં પણ નહોતું. તે હળવીફૂલ થઈ ગઈ.

માબાપે છોકરાના કુટુંબ વિશે જાણ્યું. છોકરાને ઘરે બોલાવ્યો, પણ ન આવ્યો. શરમાતો હશે - માબાપને થયું.

વચલી માત્ર તેમની સામે જોઈ રહી.

આ લોકો છોકરાના ઘરે ગયાં, પણ નાની ન ગઈ. છોકરો ગમ્યો. વચલીને છોકરા સાથે વાત કરવી ન ફાવી.

નાની પણ એ બધાને ગમી હતી. વચલીનું નક્કી થાય પછી સાથે કરી નાખીએ. વચલીનું થવા પર બધું છે. વચલીનું થયા વગર નાનીનું કેમ થાય?

બંને કુટુંબો સંમત થયાં. ઉજાણી જેવું વાતાવરણ ઘરમાં જામી ગયું. વચલીએ કહ્યું, 'તારું તો રસ્તે ચડી ગયું.'

'તારું રસ્તે ચડતું નથી ને!'

વચલી કંઈ તેની દુશ્મન ન હતી. તેમ છતાં તેને સમજાતું નથી કે પોતાને શું થાય છે. બેચેની લાગતી હતી. તે તો તેનાં બા-બાપુજીને કહી શકે નહિ - જલ્દી કરો.

વેવિશાળ કરી નાખવામાં શું વાંધો છે એમ નાનીને થતું

- પણ ના! વચલીનું થાય પછી જ. સામેવાળાં તૈયાર છે તો પછી વેવિશાળ કરી નાખવું જોઈએ. વચલી પણ તેની સાથે ઓછું બોલતી. મનમાં સમજી શકતી, નાનીને શું થાય છે તે. પણ શું થાય?

વચલી અને નાની વચ્ચે આવું રંધાતું હતું.

એક રિપોર્ટ

વચલીનું ગોઠવાય પછી આપણે વેવિશાળ જાહેર કરીશું એમ બંને પક્ષ સંમત થયા. નાનીનાં મા-બાપને સંતોષ હતો. છોકરાના બાપે સમજૂતી પર આવ્યા પછી છોકરાનો ઉધડો લીધો, 'હવે તમે બધા તમારા નિર્ણયો જાતે લો છો, એમ? તમે કહો એમ અમારે કરવું, કેમ? તમારી આંખમાં અમારે માટે શરમ નથી.'

પછી આગળ બાપે કહ્યું, 'જે છોકરી પોતાનાં માબાપની નજર ચૂકવી આ ધંધા કરે તે ચારિત્ર્યમાં કેવી હોય? તારી સાથે ભવિષ્યમાં કેમ રહેશે? તારી સાથે સંબંધ બાંધ્યો એ પહેલાં પણ તેણે...'

અહીં બાપા અટક્યા. થોડો વિસામો લીધો. પછી તોલી તોલીને બોલ્યા, 'સારું થયું અમને ખબર પડી; નહિ તો તને લઈને એ નાસી જાતને!'

હવે છોકરાએ હિંમત કરી. બોલ્યો, 'તો પછી તમે તેને ઘેર શા માટે ગયા? એમને આપણા ઘરે શા માટે બોલાવ્યાં?'

'એ તને ન ખબર પડે.'

'ભલે.'

'એની એક દીકરી હજી બાકી છે.'

'તે શું થયું?'

'સંબંધ બાંધવા તે રમત વાત નથી.'

'પ્રેમ?' છોકરો મુડમાં આવી બોલી ગયો. એ એમ બોલવા ઈચ્છતો ન હતો.

બાપાએ ફડ દઈને જવાબ દીધો, 'માત્ર રમત છે.'

છોકરો બોલવા તો ઘણું માગતો હતો, પણ બોલ્યો નહિ. સમસમી રહ્યો. છોકરાને થયું બાપાએ મને બનાવ્યો.

ત્યાર પછી નાનીને જ્યારે તે મળ્યો ત્યારે પૂછ્યું, 'આ પહેલાં તારે કંઈ ગરબડ હતી?'

નાનીએ જવાબ ન આપ્યો. પેલાએ બીજા પણ કેટલાક સવાલ પૂછ્યા. નાનીએ તેના એક પણ સવાલનો જવાબ ન આપ્યો. માત્ર સાંભળ્યા કર્યું ને જોયા કર્યું - બાઘા થઈને.

નાનીના મનની શંકા સાચી પડી. કંઈક રંધાઈ ગયું છે. તેણે વચલીને કહ્યું, 'વચલી, તને શું કહું? તું કંઈક કર.'

તે શું બોલી રહી હતી તે તેને ખબર નહોતી. આવેશમાં અને તોરમાં તે બોલી રહી હતી.

વચલી તેની સામે જોઈ રહી - શું કરવાનું આ કહે છે? તે વિચારી રહી. □

જાણીતા માણસની અજાણી વાતો

— પુષ્કરભાઈ ગોકાણી —

છેલ્લાં ચાર-પાંચ વર્ષથી પંડિત જસરાજ દ્વારકા આવે છે. અમારા મિત્ર આર્કિટેક્ટ ઈશ્વર પૂજારી તેમને દ્વારકાધીશ મંદિરમાં લાવે, તેના યજમાન બને એ રીતે. અગાઉ અમારા મિત્ર મુકુંદ ગાંધીની પુત્રી ડોલીએ પ્રથમ પરિચય કરાવેલો ત્યારે પંડિતજી સ્વેકમૈકના નેજા હેઠળ પ્રથમ વાર દ્વારકા ગાવા આવેલા. પરિચય વધ્યો એટલે કહેવાઈ ગયું : 'પંડિતજી, પહેલી વાર કોઈના ઈજનથી દ્વારકાધીશ મંદિરમાં દ્વારકાની જનતાને લાભ આપી ગયા, પણ હવે તો લગભગ દર વર્ષે આવો છો!'


'ખરું કહું તો પહેલી વાર દ્વારકા આવ્યો ત્યારે શ્રીકૃષ્ણનો વિગ્રહ (મૂર્તિ) જોઈ હું તેના પ્રેમમાં પડી ગયો છું. પુણ્ય સ્મરણ, મીરાંજી જેવી ભક્તિ તો ક્યાંથી હોય, પણ એમ થાય કે એમના આશ્રયમાં એમની કૃપાથી મળેલ કંઠ દ્વારા એમના ગુણ - મારી સીમાઓ સાથે - એમને સંભળાવું અને આપ સૌમાં રહેલા એ જ પરમાત્માનું પણ રંજન કરું.' બહુ જ ભક્તિભાવે પંડિતજી બોલ્યા.

-"પંડિતજી, અમે જોયું કે આપ ભજન ગાતી વખતે આંખો મીંચીને પૂરા ભાવથી ગાવામાં ડૂબી જાવ છો. આપ શ્રોતાઓનો પ્રતિભાવ એમની આંખોમાં જોવાયે આંખ ખોલતા નથી. 'કલા તો છે ભોજ્ય મીઠી છે, ભોક્તાવિણ કલા નહિ', એમ અમારા સૂફી કવિ કલાપી કહી ગયા છે!"

'મારો ભોક્તા તો નંદલાલો - આ દ્વારકાધીશ - છે. એટલે એમને સંભળાવવા અને એમાં મારું ચિત્ત પૂરું પરોવાય તે માટે સહજ જ હું આંખો ઢાળીને ગાઉં છું. અહીં જ નહિ, પણ જ્યાં પણ હું પ્રભુપ્રેરિત આ કલા રજૂ કરું છું, ત્યારે મારાં નયન ઢળેલાં જ રહે છે. હું મારામાં અને શ્રોતાઓમાં બેઠેલા એ એક પરમાત્માને લક્ષ્ય કરી મારો કંઠ, મારામાંથી ઊઠતું સંગીત, સાદર રજૂ કરું છું.'

પંડિતજી સારું ગુજરાતી બોલે છે, વાંચી જાણે છે. દર વર્ષે મારી પાસેથી મારી પુસ્તિકા 'મૃત્યુની મહેક' લઈ જાય, વાંચે અને મિત્રોને આપે. આ વખતે તો જતી વખતે યજમાન ઈશ્વર પૂજારીને ઘરે અમોને સાથે લઈ ગયા. મંદિરમાં શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન કરતાં એમની આંખોમાંથી સહજ જ પાણી વહેતાં હતાં. જતી વખતે પોતાની ઉમ્મર અને ખ્યાતિનો લિહાજ કર્યા વગર જ ગાડીમાં બેસતી વખતે ભરબજારમાં મને પગે લાગ્યા. કહે, 'ઉમ્મરે થોડા મોટા છો અને ઋજુહૃદયથી તમે રજૂ કરેલ 'મૃત્યુનો અનુભવ' વાંચી ચિત્ત નમે છે. વળી, તમે તો આ કૃષ્ણચરણરજની રજોટાયેલી ભૂમિમાં ઘૂમો છે; એટલે તમોને તો વંદન હોય જ.' તેમને નમતા ઉઠાડી હું ભેટી પડ્યો. ત્યારે મારી આંખોમાં નીર વહેતાં હતાં. □


ફિજીમાં બળવો



ડૉ. જયકુમાર ર. શુક્લ

૧૯ મે, ૨૦૦૦ના રોજ લાલ રંગની એક મોટરગાડી ફિજીના પાટનગર સુવામાં સંસદભવનના સંકુલ પાસે જઈને ઊભી રહી. તેમાંથી રાઈફલો અને પિસ્તોલોથી સજ્જ થયેલા આદિવાસી ફિજિયનો, પાઈનવુડ બનાવતી કંપનીના અગાઉના અધ્યક્ષ જ્યૉર્જ સ્પેટની આગેવાની હેઠળ બહાર આવ્યા. તેઓ ભારતીય મૂળના વડાપ્રધાન મહેન્દ્ર ચૌધરીની ચેમ્બરમાં એકાએક ધસી ગયા. પ્રધાનમંડળના સભ્યો સાથે દેશના આર્થિક વિકાસની ચર્ચામાં તરબોળ વડાપ્રધાન ચૌધરીની સામે બંદૂક ધરીને સ્પેટે કહ્યું કે, તે પોતે વડાપ્રધાન બને છે અને તેમને તેમના (ત્રીસ જેટલા) સાથીઓ સહિત પ્રમુખ રતુ મારા તેની માગણીઓ ન સ્વીકારે ત્યાં સુધી બાનમાં રાખે છે.

ફિજીનો ટાપુસમૂહ નૈઋર્ત્ય પૅસિફિક મહાસાગરમાં ન્યૂઝિલૅન્ડથી ઉત્તરમાં લગભગ ૧૮૦૦ કિ.મી. અને ઑસ્ટ્રેલિયાના સિડની શહેરથી ઈશાનમાં આશરે ૨૭૦૦ કિ.મી. દૂર આવેલો છે. ફિજી ખરેખર તો ૮૦૬ જેટલા ટાપુઓનો બનેલો છે. તેમાં અગત્યના ગણાતા ૩૦૦ ટાપુઓના સમૂહનું ઉત્તર-દક્ષિણ અંતર ૫૮૬ કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ અંતર ૫૩૮ કિ.મી. છે. આ બધા ટાપુઓમાં વીતી લેવૂ તથા વાનૂઆ લેવૂ બે વિશેષ ઉલ્લેખનીય છે. આ ઉપરાંત તાવે ઊની, કંદાવૂ, કોરો, ન્ગાઉ, ઓવા લાઉ વગેરે પણ ત્યાંના મહત્ત્વના ટાપુઓ છે. વીતી લેવૂ ટાપુ પર આવેલું સુવા તેનું પાટનગર છે.



નૈઋર્ત્ય પૅસિફિક મહાસાગરમાં ફિજી ટાપુસમૂહ



વડાપ્રધાન મહેન્દ્ર ચૌધરી

ફિજીની કુલ વસ્તી ૮,૧૩,૦૦૦ છે. ત્યાંની કુલ વસ્તીના ૫૧ ટકા આદિવાસી ફિજિયનો, ૪૪ ટકા ભારતીયો અને બાકીના અન્ય જાતિસમૂહો છે. તેઓ અંગ્રેજી કે ઉર્દૂમિશ્રિત હિંદી બોલે છે. ફિજિયનો મેલેનેશિયન તથા પૉલિનેશિયન જાતિનાં લોકો છે. ભારતીયો ૧૮૭૯થી ૧૯૧૬ સુધી શ્રમિકો તરીકે ત્યાં જઈને પાછળથી સ્થાયી થયેલા છે. લોટોકા, નાંદી, બાઉ અને નવસારી જેવાં નગરો ફક્ત ભારતીયોથી જ વસેલાં છે. ફિજીનાં ઘણાંખરાં ભારતીય નાગરિકો જમીનદારો, ધંધાદારીઓ, વેપારીઓ કે સારી નોકરીઓ કરનારા અને ફિજિયન નાગરિકો કરતાં વધુ ધનિક છે. દેશના આર્થિક અને વિવિધલક્ષી વિકાસમાં ભારતીયોનું પ્રદાન નોંધપાત્ર છે.

ઓગણીસમી સદીમાં ચાકોબાઉ નામનો ફિજિયન આગેવાન વીતી લેવૂ સહિત પૂર્વ તરફના ટાપુઓ પર પોતાનું વર્ચસ્ જમાવી ફિજીના રાજા તરીકે જાણીતો બન્યો. તેણે ૧૮૭૪ના ઑક્ટોબરમાં આ ટાપુઓ બ્રિટિશ સરકારને સોંપ્યા અને ફિજી બ્રિટિશ સંસ્થાન બન્યું. સર આર્થર ગૉર્ડન ત્યાંનો પ્રથમ બ્રિટિશ ગવર્નર બન્યો. ત્યાં શેરડીના વાવેતર માટે ભારતીય કામદારોની આયાત કરવાનો ઠરાવ કરી, ભારતની બ્રિટિશ સરકારને તે વિષે જણાવ્યું. તે મુજબ ૧૮૭૯માં કરાર કરીને પ્રથમ વાર આશરે બે હજાર કામદારોને મોકલવામાં આવ્યા. આ રીતે ૧૯૧૬ સુધી ત્યાં દર વર્ષે કામદારો આયાત કરવામાં આવ્યા. આમ, આશરે ૬૩,૦૦૦ ભારતીયો આવ્યાં અને કરારની



ફિજીના પાટનગર સુવામાં સંસદભવન સંકુલ



સીતીવેની રંબુકા



જ્યોર્જ સ્પટ

મુદત પૂરી થતાં ૨૬,૦૦૦ જેટલાં લોકો દેશમાં પાછાં ગયાં. બાકીનાં કાયમી વસવાટ માટે ત્યાં જુદા જુદા ટાપુઓમાં રહ્યાં. પૂર્વ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા તથા ટાન્ઝાનિયાની જેમ ફિજીના વિકાસમાં ગુજરાતીઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. વીસમી શતાબ્દીના શરૂના દાયકાઓમાં સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાંથી સાહસિક ગુજરાતીઓ ફિજી ગયા અને ત્યાંના આર્થિક વિકાસમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ફિજી ૧૯૭૦ના ઑક્ટોબરની ૧૦મી તારીખે બ્રિટિશ શાસનમાંથી સ્વતંત્ર થયું. ૧૯૮૭ સુધી ત્યાંના આગેવાન રાતુ સર કોમિસીસ મારા (રાતુ મારા)એ બહુજાતિસમૂહોના પ્રતિનિધિત્વવાળી સરકાર ચલાવી. ૧૯૮૭ના મે મહિનામાં લેફ્ટેનન્ટ કર્નલ સીતીવેની રેબુકાના નેતૃત્વ હેઠળ લશ્કરે બળવો કરી ચૂંટાયેલી સરકારને ઉથલાવી નાખી. ફિજિયનોને રાજકીય શ્રેષ્ઠતા આપતું નવું બંધારણ ૧૯૯૦માં ઘડીને લોકશાહી સ્થાપવામાં આવી. રાતુ મારા નવી સરકારના વડાપ્રધાન બન્યા. ૧૯૯૩માં પ્રમુખ ગાનિલાઉના અવસાન બાદ રાતુ મારા પ્રમુખ બન્યા. એપ્રિલ ૧૯૯૭માં નવું બંધારણ પસાર કરવામાં આવ્યું. તે મુજબ બહુપક્ષીય પદ્ધતિ રાખી અને સંસદની ૭૧ બેઠકોમાં ૩૧ વંશીય ફિજિયનો, ૨૭ ભારતીયો તથા ૩ અન્ય જાતિઓની બેઠકો રાખવામાં આવી. મે ૧૯૯૯માં ફિજીમાં યોજાયેલી ચૂંટણીઓમાં મહેન્દ્ર ચૌધરીની ફિજીયન લેબર પાર્ટીને ૩૭ બેઠકો મળી. તેમણે અન્ય પક્ષોનો ટેકો લેવાથી કુલ ૭૦ ટકા સભ્યોના સમર્થનવાળી સ્થિર સરકારની રચના કરી. મહેન્દ્ર ચૌધરી પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા.

આદિવાસી ફિજિયનો અને ફિજી-ભારતીયો વચ્ચે ૧૯૮૭થી જાતિ તંગદિલી પ્રવર્તે છે. વેપાર, ઉદ્યોગ અને વ્યવસાયોમાં વધુ ભારતીયો હોવાથી ફિજિયનોને તે બાબત ખૂંચે છે. હાલ બાનમાં રાખવામાં આવેલા પ્રધાનમંડળના સભ્યોમાં ફિજીના પ્રમુખ રતુ મારાની પુત્રી અદી કોઈલાનો પણ સમાવેશ થાય છે. વડાપ્રધાન મહેન્દ્ર ચૌધરી સાથે બળવાખોરો અપમાનજનક વર્તન દાખવે છે, અને વારંવાર તેમના જીવનને જોખમ હોય એવા દેખાવો કરવામાં આવે છે. બળવાખોરો લોકશાહીથી ચૂંટાયેલી સરકારને દૂર કરી સત્તા લઈ લેવા માગે છે. પરન્તુ હવે ફિજીના લશ્કરી વડાએ સત્તા આંચકી લીધી હોવાથી બળવાખોરો કઈ રીતે સમસ્યા ઉકેલવી તેનો ઉપાય શોધી રહ્યા છે. પોલીસે સંસદભવનની આસપાસ કડક બંદોબસ્ત ગોઠવ્યો છે. આ નાટક સાથે પાટનગર સુવામાં તથા આસપાસનાં કેટલાંક ગામોમાં ભારતીયોનાં મકાનો તથા ઑફિસોમાં લૂંટ કરીને તેમને આગ લગાડવામાં આવી. પ્રમુખ રતુ મારા પણ આ કટોકટી પેદા થવા બદલ ભારતીયોને હવે દોષ દેવા માંડ્યા છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે થતી મંત્રણામાં ભારતીયોને કાંઈ સ્થાન નથી.

લશ્કરના સેનાપતિ સીતિવેની રબુકાએ ૧૯૮૭માં બળવો કરીને સત્તા આંચકી લીધી હતી ત્યારે જુલમ થવાને કારણે આશરે એંસી હજાર ભારતીયો ફિજીમાંથી ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ અને કેનેડા નાસી ગયાં હતાં. તે પછીનાં પાંચ વર્ષ બાદ ફિજીમાં પરિસ્થિતિ સુધરવાથી કેટલાંક ભારતીયો ફિજીમાં પાછાં ફર્યાં હતાં.

હાલમાં થયેલા બળવાની સાથે ગામડામાં વસતાં ભારતીયોનાં મકાનોમાં પણ લૂંટ કરીને બાળવામાં આવ્યાં છે. સમગ્ર દેશમાં ભારતીયોનાં મકાનો પર વારંવાર પથ્થરમારો કરવામાં આવે છે, તથા અપશબ્દો બોલીને ભારતીયોને અપમાનિત કરવામાં આવે છે. સુવાથી ૭૦ કિ.મી.ના અંતરે રહેતાં ૧૫ ભારતીય કુટુંબોને લૂંટીને ત્યાંનાં લોકોએ ત્રાસ આપ્યો હતો. ફિજીના પોલીસતંત્રમાં ૬૦ ટકા તથા લશ્કરમાં ૯૮ ટકા ફિજિયનો છે અને ભારતીયો મદદ માટે બોલાવે ત્યારે તેઓ ત્યાં જવામાં ખાસ ઉત્સાહ દેખાડતા નથી.

ભારતીયોના નૅશનલ ફેડરેશન પાર્ટીના નેતા જયરામ રેડ્ડી અને સીતીવેની રબુકા વચ્ચે ૧૯૯૭માં એક સમજૂતી થઈ તે મુજબ ફિજિયનો તથા ભારતીયોને સમાન નાગરિક અને રાજકીય અધિકારો પ્રાપ્ત થયા. આ તોફાનો તથા બળવાના મૂળમાં આ સમજૂતી રહેલી છે. તે સમયે ફિજિયન પ્રાંતોએ તેનો વિરોધ કર્યો હતો. પરન્તુ રબુકાનો કરિશ્મા અને જયરામ રેડ્ડીની પ્રામાણિકતા આદિવાસી ફિજિયનોના નેતાઓનું સમર્થન પ્રાપ્ત કરવામાં સફળ થઈ હતી.

આદિવાસી ફિજિયનોના સમૂહોમાં વિભાજન તથા ચૌધરીને મળેલી ઘણી મોટી બહુમતીને લીધે તેમની સરકાર સલામત હતી. પરન્તુ એવો આક્ષેપ કરવામાં આવે છે કે ચૌધરી ઘમંડી છે. વળી, તેમણે કરેલા આર્થિક સુધારા ફિજિયનોમાં અપ્રિય બન્યા હતા. આ બળવાનો નેતા જ્યોર્જ સ્પેટ રબુકાનો ટેકો ધરાવે છે અને પોતે વિરોધ પક્ષના નેતાનો પુત્ર છે. આ બળવા પછી ફિજીમાં વસતાં અને સમાન નાગરિક અધિકારો ભોગવતાં ભારતીયોનું સ્થાન નીચું ઊતરીને બીજા કે ત્રીજા વર્ગનાં નાગરિકો જેવું થઈ જવાની શક્યતા છે. ફિજિયન બળવાખોરો લોકશાહી સરકારના વડાપ્રધાનને સત્તા પરથી

(અનુસંધાન પૃ.૪૪૬)

અનુપમ P-II અને પરમ

પ્રહ્લાદ છ. પટેલ

૧૯૭૫માં અંકીય પરિપથોના બૃહત્‌માન સંકલન ધરાવતી પ્રયુક્તિ આખું ને આખું કમ્પ્યૂટર અક્ષરો ભૂંસવાના પાતળા રબર જેવડી ચિપ ઉપર લાવવાનું શક્ય બન્યું. આવા માઈક્રોકમ્પ્યૂટરથી ટેક્નોલૉજિ અને સમાજ ઉપર અસાધારણ અસરો થવા લાગી છે. તમામ પ્રકારનાં ઘરગથ્થુ યંત્રોથી માંડી ઉપગ્રહોનું નિયંત્રણ કરવામાં આવાં કમ્પ્યૂટર અનન્ય કામગીરી બજાવી રહ્યાં છે. માઈક્રોકમ્પ્યૂટર એ ઈલેક્ટ્રૉનિક પ્રયુક્તિ છે, જેનું હાર્દરૂપ અંગ માઈક્રોપ્રોસેસર મધ્યસ્થ પ્રક્રિયા એકમ છે. માઈક્રોપ્રોસેસરમાં અંકીય કમ્પ્યૂટરના જ ઘટકો હોય છે, જેવાં કે નિયંત્રણએકમ, ગણિતીય અને તાર્કિક એકમ, રજિસ્ટરના નામે ઓળખાતી ખાસ સંચયવ્યવસ્થા, ઉચ્ચ આવૃત્તિ ઘડિયાળ અને ઇનપુટ-આઉટપુટ પ્રયુક્તિઓ.


એક જ સમયે કેટલી માહિતીની કેટલા પ્રમાણમાં પ્રક્રિયા થઈ શકે છે તેનો ખ્યાલ રજિસ્ટર પ્રયુક્તિ આપે છે. કેટલી ઝડપે પ્રક્રિયા કરી શકાય છે તેનું નિદર્શન ઘડિયાળની આવૃત્તિ કરે છે. કમ્પ્યૂટરના ગણનાદર, લઘુરૂપતા અને કિંમત ઉપર તેનું મહત્ત્વ છે. સુપર કમ્પ્યૂટરનો ગણનાદર પુષ્કળ હોય છે, તે વિશાળ સંચયવ્યવસ્થા ધરાવે છે અને તે સાથે ભારે કિંમત પણ. યુ.એસે. ૧૯૮૪માં ૪૦૦ મેગાફ્લોટ્સનું સુપરકમ્પ્યૂટર બનાવ્યું. મેગાફ્લોટ્સ એટલે Million Floating Points Operation Per Second એટલે કે પ્રતિ સેકન્ડે દશ લાખ પ્લવન-બિંદુ પ્રક્રિયાઓ થતી હોય છે.

આણ્વિક, પારમાણ્વિક, વૈમાનિકી, વૈશ્વિક ઘટનાઓ, સંરચનાત્મક યંત્રવિદ્યા, મોસમવિજ્ઞાન જેવા વિષયોના અભ્યાસ અને ગણનાઓ તો માત્ર સુપરકમ્પ્યૂટરથી જ થઈ શકે. હવામાનની આગાહી માટે જે તે સ્થળનાં તાપમાન, દબાણ, સમુદ્રની સપાટીથી ઊંચાઈ, સમુદ્રતટથી અંતર, પવનોની દિશા, પવનોનો વેગ જેવાં અન્ય પંદરેક પ્રાચલોની જાણકારી અનિવાર્ય છે. ઉપરાંત તેમના આંતર-સંબંધોનો અભ્યાસ પણ જરૂરી છે. આ બધામાં એકાદ પ્રાચલમાં ફેરફાર થતાં અન્ય ઉપર કેવી અને કેટલા પ્રમાણમાં અસર થાય છે તે જાણવું મહત્ત્વનું અને જટિલ છે. સુપરકમ્પ્યૂટર જ તે કામ કરી શકે.

બહારની કોઈ પણ ટેક્નિકલ સહાય સિવાય ઉક્ત ઉચ્ચ હેતુઓને પહોંચી વળવા માટે ભાભા પરમાણુ સંશોધન કેન્દ્ર (B.A.R.C. બાર્ક)માં સુપરકમ્પ્યૂટર માટે ૧૯૯૧થી તેના સંશોધન અને વિકાસનો પ્રારંભ કરવામાં આવ્યો. પરિણામ સ્વરૂપે ૧૯૯૯માં બાર્કે ૧.૩ X ૧૦ મેગાફ્લોટ્સની ઝડપવાળું સુપર- કમ્પ્યૂટર વિકસાવ્યું. જે અનુપમ પેન્ટિઅમ તરીકે ઓળખાય છે.

આ સુપરકમ્પ્યૂટર સમાંતર પ્રક્રિયા ટેક્નિક ઉપર આધારિત છે. પહોળા રાષ્ટ્રિય ધોરી માર્ગ ઉપર આવવા-જવા માટે જેમ સમાંતર માર્ગો વધુ તેમ વાહનવ્યવહાર વધુ સલામતીથી અને વધુ ઝડપે આવનજાવન કરી શકે છે તે જ રીતે કમ્પ્યૂટરમાં આવી અસંખ્ય સમાંતર-પ્રક્રિયા-ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે, જેથી ગણનાની ઝડપ અને માત્રા વધે છે. બાર્કમાં આવા સુપરકમ્પ્યૂટરની ટેક્નોલૉજિ પૂરી થઈ ગઈ છે. તેમાં અંગત કમ્પ્યૂટર (PC)નો ગણના સંબંધી પર્વસંધિ (nodels) અને અંતરાસંચાર ((intercommunication) માટે ત્વરાથી કાર્ય કરતી સ્વિચોની જાળ માટે ઉપયોગ થાય છે. તેમાં ૧૬ 'પીસી'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બધા સમાંતર પ્રક્રિયાના સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે. (જુઓ આકૃતિ) CRAY/ YMP વર્ગના સુપરકમ્પ્યૂટર કરતાં અનુપમની ઝડપ ત્રણ ગણી વધારે છે. ઇન્ટેલ પેન્ટિઅમ-૨ના પાયા પર રચેલ 'પીસી'નો ઉપયોગ કરીને અનુપમ પેન્ટિઅમની ઝડપ સરળતાથી વધારી શકાય છે. ભારતના વિજ્ઞાનીઓ અને તજ્જ્ઞોએ તૈયાર કરેલ સ્વદેશી કમ્પ્યૂટરતંત્ર અનુપમ સ્વનિર્ભરતાની દિશામાં મહત્ત્વનું કદમ છે. સુપરકમ્પ્યૂટર માટે ભારતની માગને ફગાવી દેનાર અમેરિકાને 'અનુપમ' જડબાતોડ જવાબ છે. મ.સ. યુનિવર્સિટી (વડોદરા)માં થોડાક સમયમાં તેની સ્થાપના થનાર છે. તેના આંશિક ઉપયોગથી દર સેકન્ડે ૪૦ કરોડ ગણતરીઓ કરવામાં અધ્યાપકો સફળ થયા છે. બાર્કમાં સ્થાપિત કરેલા અનુપમનો ઉપયોગ આ યુનિવર્સિટીના અધ્યાપકો કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ભારત પરમાણુ-બૉમ્બ બનાવશે તેવી દહેશતને આધારે અમેરિકાએ તારાપુરના રિએક્ટર માટે જરૂરી યુરેનિઅમ આપવાનું બંધ કર્યું. તેના જ કારણસર અમેરિકાએ સુપરકમ્પ્યૂટર આપવાની



પણ ના પાડી. આ બંને બાબતે અમેરિકાએ નનૈયો ભણીને ભારતને સ્વનિર્ભર બનવાની ઉત્તમ તક પૂરી પાડી છે.

તેમાં ઉચિત ફેરફારો કરીને 'પરમ' સુપરકમ્પ્યૂટર પણ બનાવ્યું છે.

જમીનમાં કેટલી ઊંડાઈએ ખનિજ તત્ત્વોનું પ્રમાણ કેટલું છે તે જાણવા, બૅંગલોર ખાતે ભારતના મિસાઈલ-વિકાસકાર્યક્રમને વિકસાવવા સુપરકમ્પ્યૂટર એકમાત્ર વિકલ્પ છે. વાવાઝોડાં, ધરતીકંપ જેવી કુદરતી આફતો અને વરસાદની આગાહી માટે આવું જ કમ્પ્યૂટર કામ લાગે.

અનુપમ પેન્ટિઅમ શ્રેણી ઉદ્યોગમાં પ્રમાણભૂત હોય તેવા 'પીસી' હાર્ડવેર અને ઝડપી-જાળ-સ્વિચો ઉપર રચાયેલી છે. આ સુપરકમ્પ્યૂટર અત્યંત વિશ્વસનીય પણ મોંઘાં છે. પણ વિજ્ઞાનીઓ અને ઇજનેરો માટે સીમાંત સંશોધન અને વિકાસ માટે આ સુપરકમ્પ્યૂટરે દ્વાર ખોલી દીધાં છે.

૧૯૯૧થી શરૂ કરેલ અનુપમ પેન્ટિઅમ શ્રેણીને ૩૦, ૫૨, ૧૧૦, ૧૯૦ અને ૪૦૦ મેગાફ્લોટ્સ જેટલી કરવામાં આવી છે.

બાર્ક અને દેશનાં બીજાં મહત્ત્વનાં સંગઠનોમાં જટિલ કોયડાઓના ઉકેલ માટે અનુપમ-૮૬૦, અનુપમ-આલ્ફા અને અનુપમ-પેન્ટિઅમનો આજકાલ વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. ખાસ કરીને પ્રોટીન-સંરચના અનુકૂલતમ ઇલેક્ટ્રોનિક સંરચના અને ન્યૂટ્રૉન પરિવહન ગણનાઓ, આણ્વિક ગતિકી અનુકરણ, ગણનાકીય સંરચનાત્મક પૃથક્કરણ, ગણનાકીય તરલ ગતિકી, હવામાનની આગાહી અને ગામા-કિરણ-ખગોળ-વિજ્ઞાનના અભ્યાસ વગેરે ક્ષેત્રોમાં અનુપમ તંત્રનો સફળતાપૂર્વક ઉપયોગ થાય છે. જટિલ કોયડાઓ, જેમનો ઉકેલ અન્ય કમ્પ્યૂટરો માટે અસંભવિત છે ત્યાં અનુપમ ઝડપથી અને આધારભૂત રીતે કામગીરી બજાવે છે. ન્યૂ દિલ્હીના રાષ્ટ્રિય હવામાન આગાહી કેન્દ્ર અને મુંબઈમાં આઈ.આઈ.ટી.ના વિમાનઉડ્ડયન ઇજનેરી વિભાગમાં અનુપમતંત્ર ગોઠવવામાં આવ્યું છે. ૧૬ ગ્રંથિ (nodes) ધરાવતા અનુપમ પેન્ટિઅમતંત્રની કિંમત ૨૦-૩૦ લાખ રૂપિયા જેટલી થાય છે. પુણે યુનિવર્સિટી પરિસરમાં C-DAC (સેન્ટર ફૉર ડેવલેપમેન્ટ ઑવ્ ઍડવાન્સ્ડ કમ્પ્યૂટિંગ) સંસ્થાએ માર્ચ, ૧૯૯૮માં 'પરમ' સુપરકમ્પ્યૂટરનું વિશિષ્ટ વૃત્તાંત રજૂ કર્યું છે. તે પ્રતિ સેકન્ડે ૧૦૦ અબજ ગણતરીઓ કરી શકે છે. ૧૦૦ ગીગા ફ્લોટ્સ (= એક લાખ મેગા-ફ્લોટ્સ) સુપરકમ્પ્યૂટરનો ઉપયોગ વ્યાપક હશે. તેમાં ભૂકંપી માહિતીની પ્રક્રિયા, હવામાનની આગાહી, કુદરતી તેલ અને વાયુના જથ્થાની ખોજ, દૂરસંવેદ, દવાખાનાને લગતા માહિતીતંત્ર, દૂરઔષધીય શસ્ત્રક્રિયા અને અન્ય ધંધાકીય પ્રયોજનોનો સમાવેશ થાય છે. પુણે યુનિવર્સિટીના નૅશનલ પરમ સુપરકમ્પ્યૂટિંગ ફૅસિલિટી(NPSF)ના મકાનમાં આ સુપરકમ્પ્યૂટર સ્થાપિત કરવામાં આવ્યું છે. તેના વડે યુનિવર્સિટી પરિસરમાં તૈયાર કરવામાં આવેલા તંતુ-પ્રકાશિકીય (fiber optics) નેટવર્ક અને ઇન્ટરનેટ વડે સુવિધાઓ ઉપલબ્ધ છે. નૅશનલ ઇન્ફર્મેશન સેન્ટરે (NIC) 'પરમ ૧૦૦૦૦'ને સ્થાપિત કરવા નિર્ણય કરી દીધો છે. આમ, ભારતનું કમ્પ્યૂટર ક્ષેત્રનું ભાવિ અતિ ઉજ્જ્વળ જણાય છે. □

લઘુકથા

તે

રીતા ત્રિવેદી

ધોધમાર વરસાદ હમણાં જ અટક્યો હતો. ડામરની સડકો અને દિશાઓ જાણે કે ધોવાઈને ચકચકિત બની ગયાં હતાં! મનને સાંત્વનાથી ભરી દેનારી એક અજબ ખુશબૂ ચારે તરફ ફેલાયેલી હતી. વરસાદમાં નહાઈને તાજાં બનેલાં ગુલમહોર હવામાં મસ્તીથી ઝૂમી રહ્યાં હતાં. તેના મનમાં યજુર્વેદનો પેલો સુવિચાર વીજળીની પેઠે ઝબકી ગયો : आ नो भद्रा क्रतवो यन्तु विश्वतः ।

આટલી સુંદર સાંજ! કેટલો નસીબદાર હતો તે ! પુત્રીના ઍડમિશનની ચિંતા, પૂરા થઈ ગયેલા તેલના ડબાની ચિંતા, અને હજુ તો છવ્વીસમી જ થઈ હોવાની ચિંતાની આરપાર પણ આ સાંજને તે પામી શક્યો હતો!

કદાચ... આવી જ કોઈ સાંજે, તમસાને કાંઠે વાલ્મીકિના વિહારયાત્રા દરમિયાન ક્રૌંચવધમાંથી રામાયણ જન્મ્યુ હશે ને! પગ ચાલતા જતા હતા ને મનની માંડણી મંડાતી જતી હતી. અચાનક જ ભૂંડનાં ત્રણ-ચાર નાનાં નાનાં બચ્ચાં તેની તરફ દોડી આવ્યાં ને સામેની ઝાડીમાં ચિચિયારી કરતાં ઘૂસી ગયાં. પાછળ જ એક માણસ હાથમાં સોટી-દોરી લઈને દોડી ગયો. ઝાડીમાંથી બચ્ચાંઓની આક્રંદભરી ચિચિયારીઓએ તેનું ધ્યાન તોડ્યું. પેલો માણસ હાથમાં એક રક્તરંજિત, વજનદાર કોથળી લઈને નીકળ્યો. તે સ્તબ્ધ થઈ ગયો. ઝડપભેર પરિસ્થિતિ તેને સ્પષ્ટ થઈ આવી. મનમાં તો થયું કે વાલ્મીકિની જેમ જ તેને શાપ આપી દઉં! પણ...

અન્યમનસ્ક બની તે ઘરે પાછો ફર્યો. પત્ની ક્યારનીય રાહ જોતી હતી : 'ક્યાં હતા તમે? 'કહેલું તો ખરું કે રીમાના ઍડમિશન માટે જવાનું છે. તમારામાંથી પરવારો તો વાસ્તવિકતા યાદ આવે ને! પૂરણપોળી પણ ઠંડી થઈ ગઈ. હમણાં જ તમારી રાહ જોઈને જમીને અમે ઊઠ્યાં. હવે તમે જમી લો.'

યંત્રવત્ તે જમવા બેઠો. પૂરણપોળીનો કોળિયો મોંમાં મમળાવતાં જ તેના માનસપટ ઉપર ભૂંડનું બચ્ચું ને વાલ્મીકિ તરવરી ગયાં. અને ઠંડીનું એક લખલખું તેને આવી ગયું. □

प्रसंगपराग

श्रद्धानुं बळ

विनोद अध्वर्यु

श्रद्धा अनेअंधश्रद्धा वच्चे बहु पातळी भेदरेखा छे. जो के जेम अंधश्रद्धा तेम अंध-अश्रद्धा पण होई शके! पण ए तात्त्विक चर्चानो विषय छे.

અહીં તો જે પ્રસંગ રજૂ કરવો છે તે એટલું જ દર્શાવવા કે સાચી કે ખોટી પણ માણસનું મન જેને પૂરા વિશ્વાસથી વળગી રહે છે તે 'શ્રદ્ધા' માણસને ટકાવી રાખતું આલંબન અને તેને સામર્થ્ય આપનાર શક્તિ પણ બની શકે છે. અલબત્ત, બૌદ્ધિકતાના પાયા વગરની કોઈ શ્રદ્ધાના ભ્રાન્તિમૂલક આલંબનનો - અંધવિશ્વાસનો કોઈ બચાવ ન જ હોઈ શકે. પરંતુ હકીકતરૂપે જણાય છે કે જેમ ભ્રાન્તિને કારણે દોરડાને સાપ માનતા માણસ માટે તો તે દોરડું સાપ જ છે એટલે તેની ધારણા ભલે ભ્રાન્તિમૂલક હોય, પણ તેનો પ્રતિભાવ તો તે સમય પૂરતો સાચો જ હોય છે - તે ખરેખર ભય પામે છે!

તે જ રીતે શ્રદ્ધાના આલંબનને સ્વીકારી લઈને વર્તતા માણસની પણ તજ્જન્ય મનોવૃત્તિ તેના પોતાના માટે તો યથાર્થ જ હોય છે. આવું બધું મનમાં જાગે છે એક નાનકડો પ્રસંગ યાદ આવે છે ત્યારે.....

વર્ષો પહેલાંની વાત. હરદ્વારનો ગંગાકિનારો. દિવાળી પછીના તરતના દિવસો. હવામાં ઠંડીનો ચમકારો અનુભવાય છે. અને હરદ્વારનો ગંગાપ્રવાહનો હિમાલયના ઓગળેલા બરફનો જલપ્રવાહ ગિરિકંદરા છોડીને પ્રથમ વાર મેદાનમાં પ્રવેશતો! એમાં પ્રચંડ વેગ છે. તીવ્ર શીતળતા છે.

પણ તેમાં સ્નાનનો તો ભારે મહિમા છે!

હરદ્વાર તો એક અગ્રતમ ભારતતીર્થ! વિષ્ણુભક્તો હરિદ્વાર કહે, શિવભક્તો હરદ્વાર! પણ ઉભય માટે આ ધર્મદ્વાર તો ખરું જ! અને ગંગા તો ભારતની પવિત્રતમ દેવીસ્વરૂપ ગણાયેલી સરિતા! આમ, સરિતા જ નહીં, સંસ્કૃતિનો-ધર્મનો-પુણ્યનો સનાતન પ્રવાહ!

હરદ્વારની યાત્રામાં મહિમા જ ગંગાસ્નાનનો! એટલે વહેલી સવારે ટ્રેનમાંથી ઊતરી, ઉતારો સિદ્ધ કરી લઈ દોડીએ છીએ ગંગાઘાટે!

રમણીય પ્રકૃતિદર્શન! હવાનો શીતળ ચેતનસ્પર્શ! સામે પ્રવહમાન પુણ્યસલીલા ગંગાનો વિશાળ પટવાળો પ્રચંડ ગતિશીલ પ્રવાહ! ચોપાસ અનુભવાતું એક પ્રકારનું શૈત્યપાવનત્વ! સ્નાન કરતાં પહેલાં જ ચિત્તને જે શાંત પ્રસન્નતાનો અનુભવ થયો તેથી લાગ્યું કે તીર્થયાત્રા તો આ ક્ષણે જ સાર્થક થઈ ગઈ! પણ... ગંગાપ્રવાહ જાણે ઊછળતી વિચીમાલાથી આમંત્રતો હતો!

સાચવીને પગથિયાં ઊતર્યાં. હોંશથી પાણીમાં પગ મૂક્યો કે તરત જ પાછો ખેંચી લીધો! વીંછીનો ડંખ વાગ્યો હોય એવી શીતળતા! આ જળમાં, ખુલ્લા આકાશ નીચે, વહેતી હવામાં, સ્નાન કરવાનું! અને ડૂબકું દેવાનુંય...? હિંમત કેમ ચાલે?

આપણે તો કૉલેજિયન! બુદ્ધિવાદી! રમણીયતા માણીએ, સાંસ્કૃતિક વાતાવરણ પણ ગમે. ગંગાને કાંઠે બેસી 'ગંગાલહરી' ગાવી ગમે, ને સાન્ધ્ય આરતીટાણે હરકી પાયરીનું દૃશ્ય જોયું... નદીનાં જળમાં આરતીનું પ્રતિબિંબ જોયું... ગુલાબનાં ફૂલ ભરેલા દડિયામાં દીવો મૂકી પ્રવાહમાં વહાવવો અને સાન્ધ્ય આરતીના ઘંટારવ વચ્ચે ગંગાપ્રવાહ પર તરતા જતા દીવાનું દૃશ્ય માણવું... બધું બરાબર. પણ બુદ્ધિવાદી મનમાં એવી શ્રદ્ધા તો નહીં જ કે ગમે તેમ કરી આ ડંખ મારે એવા શીતળ જળમાં સ્નાન કરવાથી પુણ્યપ્રાપ્તિ થશે, પાપ જશે, મોક્ષનાં દ્વાર ઊઘડશે!

એટલે આ આધુનિક ચિત્તને તો ગંગા રમણીય પણ નદી હતી! ગંગાસ્નાન એટલે નદીજળમાં ન્હાવાનું જ હતું! મુસાફરીનો થાક ઊતરે! નદીસ્નાનની મોજ આવે! પણ... તેથી આટલાં બર્ફીલાં ઠંડાં પાણીમાં કેમ ન્હવાય? પ્રવાહ જોઈ ન્હાવાની ઇચ્છા થાય, પણ પગ પાણીમાં મૂકતાં જ ઠંડીથી ઇચ્છા ઠરી જાય!

થોડી વાર થઈ. વડીલો... ખાસ કરીને મોટાંમા-પિતામહી... વૃદ્ધ અને પ્રમાણમાં અશક્ત... ન્હાવાની તૈયારી કરતાં હતાં!

'આવાં ઠંડાં પાણીમાં?... ને ખુલ્લામાં?... ઠંડી!... પવન?...' પુછાઈ ગયું.

તો માએ કશું જ કહ્યા વગર ઘાટ પરના એક ખૂણા તરફ આંગળી ચીંધી. એક અત્યંત - મોટાંમાથી પણ - વૃદ્ધ જણાતી અને ઘણી અશક્ત જણાતી માંડ હલનચલન કરતી ડોશી સાંકળ પકડીને 'ગંગામા' 'ગંગામા' કરતી ડૂબકાં દેતી હતી... ને અવારનવાર ઠંડીથી ધ્રૂજતા, ને તેથી અસ્પષ્ટ, ઉચ્ચારે ભગવાનનું નામ લેતી હતી!

મોટામા નહાવા ઊતરતાં હતાં...

મનમાં થયું. આ અશક્ત ડોશી કઈ શક્તિથી આ શીતળ સ્નાનને જીરવતી હશે? ને શા માટે? ને ઝબકાર થયો 'શ્રદ્ધા'ની શક્તિ!

અખાડાનું અભિમાન ધરાવતો ને તંદુરસ્ત યુવાન જે હિંમત નહોતો કરી શકતો, જે ઠંડી નહોતો જીરવી શકતો, તે આ સાવ અશક્ત ડોશીમા કરી શકતાં હતાં!

એની શ્રદ્ધાની શક્તિ આગળ ભણતર-બુદ્ધિવાદ-યુવાની બધાં લજવાયાં! અને માત્ર કાંઠે બેસી લોટા વડે જ સ્નાન કરવાનો આગ્રહ કરતાં વડીલો રોકે એ પહેલાં યુવાનીએ સાંકળ પકડીને પ્રવાહમાં ડૂબકું માર્યું! □

આથમતાં અજવાળાં - ૧

નેળિયું

ભગીરથ બ્રહ્મભટ્ટ

બે તરફ થોરની ઊંચી ઊંચી વાડ અને વચ્ચે ઊભી વાટ. એ વાટે કેટકરેટલાં વટેમાર્ગુઓ ચાલ્યાં હશે! એ વાટ ક્યારે બની, કોની? કોણ છે એનું સાક્ષી? નેળિયાં - રાજમાર્ગો એક અર્થમાં લોકવાઙ્મયની જેમ લોકસમર્પિત જંગમ સહાયકો છે, પ્રજાની મૂંગી પરબો જાણે! એની અડખેપડખે થોર હોય તોય ભલે, ધતૂરા હોય તોય ભલે, બોરડી હોય કે કંથેર, ઝાડ હોય કે ઝાંખરાં, ગાડું ચાલે કે ગાંડા, ડાહ્યા ચાલે કે મૂરખ, ઢોર હોય કે પંખી, સાપ હોય કે સિંહ, સસલું કે શિયાળ નેળિયું ક્યારેય કોઈને 'ના' પાડતું નથી. નેળિયું તો સેતુ છે. મુકામે પહોંચાડે એ સૌ યાત્રિકોને.

નેળિયું અને સડક બંનેમાં તફાવત છે. એકે પોતાના દેહને ઢાંક્યો છે. પોતાના દેહ પર અંચળો ઓઢીને મ્હોરું પહેરીને સડક ઊભી છે. સડકને નથી પરિચય થતો યાત્રિકોના પગરવનો, યાત્રિકોની વેદનાનો. એણે તો પશ્ચિમના માણસની જેમ જાત ઉપર ડામર લીંપીને સંવેદનની અવરજવરનાં બારણાં બંધ કરી દીધાં છે. એને નથી વસંત બેસતી, નથી બેસતી વર્ષા. એ વાદળોને નથી જોઈ શકતી, નથી જોઈ શકતી આકાશ. એ તો શાહમૃગની જેમ મોં સંતાડીને સૂતી છે. બહારનો આનંદ કે બહારનું તોફાન એના ભીતરને સ્પર્શી શકતાં નથી. પરિણામે સડક કોઈને સહાયરૂપ થતી નથી. અકસ્માતો સડક ઉપર વધુ થાય છે. એમાં યાત્રિકો કરતાં સડક વધારે જવાબદાર છે - કારણ કે આકર્ષક સંવેદનશૂન્યતાને અકસ્માતોની ગંભીરતા સમજાતી હોતી નથી. જ્યારે નેળિયું તો? એને ઉનાળાનો પરિચય થાય છે, એની ત્વચા ગરમ થાય છે. શિયાળાનો પરિચય થાય છે, એની ત્વચા ઠંડી પડે છે. ચોમાસાનો પરિચય થાય છે, એ આનંદથી કણકણને ભીંજવે છે. એને મોસમની મહેક સ્પર્શે છે. એ યાત્રિકોને સમજે છે - જાણે છે. એની ભીતરમાં સંવેદનતંત્ર છે. અલબત્ત, નેળિયું ક્યારેય ફરિયાદ કરતું નથી. એ સડકની જેમ પ્રસરેલું નથી. એને તો યાત્રિકોને પહોંચાડવાનાં ટૂંકાં ટૂંકાં અંતરોને અંતરમાં સંઘર્યાં છે. ક્યારેક એના ઉપર થઈને યાત્રિક વાહનો - ટ્રેકટર, ટ્રક પસાર થાય છે ત્યારે એના ઉપર બળાત્કાર થતો હોય એવું એ અનુભવે છે. પણ એ તો હિંદુ નારીનો પર્યાય છે; એને વળી ફરિયાદ કેવી? સહન કરવું, તીતીક્ષા એ એનો જીવનમંત્ર છે. એના પર સડક કરતાં અકસ્માતો ઓછા સર્જાય છે, કારણ કે નેળિયાની ભીતરમાં ધબકતું સંવેદનતંત્ર છે. એ દરેકે દરેક યાત્રિકને સમજે છે, વાંચે છે. નેળિયાના હૃદયમાં કેંટકેટલાં પગલાં પડે છે! કેટકેટલી સ્મૃતિઓ સાચવે છે નેળિયું! સડકની એકવિધતા સામે નેળિયા પાસે કેટકેટલાં વૈવિધ્ય છે!! એની પડખે ઝીણું ઝીણું ઘાસ ઘાટું પીળું પડી જાય ત્યાં સુધી નેળિયાને દીપાવે છે. એની જમણી તરફ, ડાબી તરફ ઊંચે ગયેલાં વૃક્ષોનાં મૂળ તો નેળિયાએ એના હૃદયમાં સાચવી રાખ્યાં છે. કેટકેટલી વલ્લીઓ વીંટળાય છે થોરને!! એ બધાંની ઇચ્છા તો એમ હોય છે કે નેળિયાને બાથ ભીડવી, આશ્લેષવું - પણ!!... એ નેળિયું ચોમાસુ હોય કે ઉનાળો, શિયાળો હોય કે રાત્રિઓ ક્યારેક થાકતું નથી. પશુઓ, પંખીઓ, પ્રાણીઓ, વનસ્પતિઓ, માણસો - કેટકેટલું સજીવ સજીવ એને સ્પર્શે છે!!! ગામડાની ગભરુ છોકરીએ એના ખોળામાં બેસી પ્રેમ કર્યો છે, પ્રેમીની પ્રતીક્ષા કરી છે. સંતાઈ છે, દોડી છે, પ્રેમીઓની વિફળતા, વિફળતાનું એ સાક્ષી છે. ભક્તોનાં ભજનોનું પગેરું પણ નેળિયાની નાભિમાંથી મળી આવે... કેટકેટલા ઓલિયાઓને નેળિયું ઓળખે છે!! અમારા ગામના એક તરસ્યા ગાંડાને નેળિયાએ સાચવ્યો છે - આખી જિંદગી. એના ઉદરમાં સદીઓનાં અજવાળાં પાંગરી રહ્યાં છે, પીગળી રહ્યાં છે.. નેળિયાને કેટકેટલાં સ્નેહીજનો!! એનું વર્તુળ જ મોટું!! નેળિયામાં ગાડા સાથે દોડ્યાનું, ભેંસ લઈને પાણી પાવા ગયાનું, સામે કોઈનું હળ આવે તો ભેંસને હળવેથી બાજુમાંથી પસાર કર્યાનું, ચારનો ભારો લઈ એના પરથી પસાર થયાનું, ઉનાળામાં દાઝ્યાનું, શિયાળામાં ઠર્યાનું - કોઈ છોકરી ગામમાંથી જતી, ત્યારે એની રેતમાં ક્યાંક ટકો મુકાયો હોય, તો તે શોધી લેવાનું, ખોવાયેલા પૈસા શોધવા એની રેત ચાળવાનું - કેટકેટલાં સ્મરણો સચવાયાં છે!! એની નિકટતા જ એની સાથે મને જોડેલો રાખે છે, કપાઈ જવા દેતી નથી. હું તરછોડાતો નથી એનું રહસ્ય એની સાથેની નિકટતા! નેળિયાનાં ઊંડાણોમાં સંસ્કૃતિના અવશેષો સચવાયા છે. સડક તો ક્યાં કશુંય ઊંડે ઊતરવા દે છે? નગરોનું ઉપનગરોમાં રૂપાંતર કરવાનું કામ સડક કરે છે. તમારી બાજુમાં રહેવા આવેલા માણસને પણ તમે નથી ઓળખતા એવું સડક પર બને છે - બાજુમાંથી પસાર થનારને તમે ક્યાં ઓળખો છો? જ્યારે નેળિયાનાં જનોમાં તો અંતરનો સંબંધ છે.

કેટકેટલા રાગદ્વેષનું એ સાક્ષી છે? એના પર વિશ્વાસ રાખીને કેટકેટલાં પ્રેમીજનોએ હૈયાવરાળ ઠાલવી છે? નેળિયાએ પોતાનો પ્રતિભાવ આપ્યા વગર સૌને સાંભળ્યાં છે. પણ માણસો એને વાંકુંચૂકું કરી નાખે, મરડી નાખે, ખરબચડું કે લિસ્સું કરી કાઢે, લૂખું કે ગંદું કરી નાખે - હોય, એને એ બધું મંજૂર છે. એના પર કાંટા વેરાય કે ફૂલો, ઘાસ ઢળે કે ધન બધું એને મન યજ્ઞની આહુતિનાં દ્રવ્યો સમાન છે. તેની રક્ષા કરતા કોઈ વૃક્ષને તમે એને પૂછ્યા વગર કાઢીને લઈ જાઓ તો પણ એ ક્યાં ફરિયાદ કરે છે? એના ભીતરમાં વેદના

(અનુસંધાન પૃ.૪૨૦)



સંમુખ સાગરમઠ-૧૫

આનંદનો અવસર

—— પ્રીતિ સેનગુપ્તા ——

મન મોકળું થઈ જાય એવી ખુલ્લી જગ્યા. પહાડોના પહાડોની વચ્ચે મેદાનોનાં મેદાનો. લાગણીઓ નાચવા માંડે એવો પરિસર. આપોઆપ જ ગાવા મંડી જવાય એવો માહોલ.

સાવ અચાનક ત્યાં બે-ત્રણ ઘર આવે - બસ, બે-ત્રણ જ- ને ચિત્રમાં પ્રાણ પુરાઈ જાય. લીલા-બદામી મસૃણ ઢોળાવો પર ચરતાં ઘેટાં, ગાયો અને યાક. લીલોતરી હોય તો તદ્દન અછડતી જ, પણ જે મોંમાં આવે તે. આટલું ય તાજું ખાવા મળે એવા દિવસો કેટલા મળવાના એમને! નદીઓ ને પહાડોનું નિઃશબ્દ બૃહત્પ્રમાણ જેનો ધ્યાનભંગ કરી શક્યું નહોતું તેવો એક કિશોર, સામા સૂરજથી માથું ઢાંકી, એક ટેકરી પર લેસન કરવા બેઠો હતો. મારું હૃદય એ ક્ષણાર્ધને બહુ કાળ સુધી સાચવી રાખવા ઇચ્છી રહ્યું.


ઝરણાના પથમાં આવતો રસ્તો ઠેકઠેકાણે બિલકુલ ખરાબ હતો. કિનારીઓ તૂટી પડેલી, ખાડાઓનો હિસાબ નહીં, જ્યાં ત્યાં વચ્ચે પથ્થરો ઊખડી પડેલા. બસ માંડમાંડ જતી હતી, ને એટલું પણ ખાસ્સું ખતરનાક હતું. એક જગ્યાએ તો રસ્તો રહ્યો જ નહોતો. સાવ ધોવાઈ ગયેલો. ભેખડો તૂટી પડેલી. છેક નદીના ભાઠામાંથી પસાર થવું પડ્યું. એમાં પથરા જ પથરા હતા. અમારાં બધાંના જીવ ઊંચા થઈ ગયેલા. એમ કહો કે વરસાદ નહોતો - નહીં તો ક્યાં તો પૈડાં લપસત, ક્યાં તો કાંપમાં ફસાત. તો કોઈ રીતે પણ બસ બહાર નીકળી હોત ખરી? આમેય ડ્રાઇવરને બહુ મહેનત પડી. એનું યુક્તિ-ચાલન અમે ધ્યાનથી જોતાં રહ્યાં. કોતરોવાળા ઢોળાવો પર અંતે જ્યારે બસ ચડી ત્યારે તાળીઓથી અમે ચાલકનાં શ્રમ અને કૌશલ્યની કબૂલાત આપી. આવી જગ્યાઓ અન્યત્ર બીજી બે વાર આવી, પણ પહેલી વાર જેટલી જોખમી નહોતી.

એક ગામ પહાડ પર એવી રીતે વસેલું હતું કે એની સાથે સાવ ભળી જ જાય. ઘરોની મેલી થયેલી દીવાલો ટેકરીઓના પીત-રાતુલ વર્ણ સાથે સામંજસ્યમાં હતી. નકશામાં જેનું નામ ન્યાન્ગ ચુ છે તેવી નદીની કોરે માઈલોથી વાવેતર થયેલાં દેખાયાં કર્યાં હતાં. જંવ અને ઘઉંનો મબલખ કહેવાય તેવો પાક હતો. તિબેટમાં આવી પણ ક્યાં અપેક્ષા હતી? તેથી એ હરિયાળી જોઈ મનમાં હરખ જ થતો હતો.

નદીને નીચે મૂકીને રસ્તો ઉપર ચડે છે. ભેખડો અહીં પણ તૂટું-તૂટું જ થઈ રહી છે. પછી વળી રસ્તો નીચે ઊતરે છે. મને થાય છે, 'એ જાય છે ક્યાં?' કારણ કે એ પણ પથરાળ ભાઠું જ છે. ત્યાંથી પણ ખૂબ જ મહેનતપૂર્વક, ઘણા આંચકા ખાતાં ખાતાં નીકળવું પડ્યું. એક તરફ નદી, બીજી તરફ અનેક ટ્રકો, ને પછી તો ઘણું કામ ચાલતું નજરે પડ્યું. ચીની સરકારે ત્યાં ખાણ ખોદાવવાનું કામ શરૂ કરાવ્યું હતું. અમારા ગાઈડે તો કશો ઘટસ્ફોટ કર્યો નહીં, પણ પછી ખબર પડેલી કે યુરેનિઅમ મેળવવા માટે ખોદકામ થઈ રહ્યું હતું. નદીનું પાણી જ નહીં, આખું વાતાવરણ દૂષિત બનતું હતું અને એ આખો વિસ્તાર નાશ પામવાનો હતો - એ બાબતોની જાણે કોઈને ચિંતા જ નહોતી. અમારામાંનાં કેટલાંકનું માનવું હતું કે જળવિદ્યુત ઉત્પન્ન કરવા બંધ બંધાઈ રહ્યો હતો. હું માનતી હતી કે ખાણ ખોદાઈ રહી છે, પણ ચીની સરકારનાં રહસ્ય કોણ પામી શકે?

ખાણકામના એ હિસ્સામાં ખૂબ ધૂળ ઊડતી રહી. અધધધ, કેટલી બધી ટ્રકો! ખોદેલી માટી ભરીભરીને જતી હતી ને આવતી હતી. આઠ કલાકથી અમે કાચા-પાકા રસ્તા પર હતાં. મિનિટે મિનિટે આંચકા ખાધા કરેલા. હવે આ ધૂળ - શ્વાસ પણ ના લેવાય એવી. સાજો માણસ પણ માંદો થઈ જાય એવી સફર હતી. 'ગ્યાંગ્ત્ઝે હવે ક્યારે આવશે, ભાઈ?', એમ મનમાં મને થયા કરે, પણ યુ જાલને મેં એ પ્રશ્ન પૂછ્યો નહીં. એ જ થાકેલો ને કંટાળેલો હતોને!

આમ કરતાં કરતાં સાંજે સાડા પાંચેક વાગ્યે અમે ગ્યાંગ્ત્ઝે પહોંચ્યાં. એ તિબેટનું ત્રીજું શહેર છે. પણ એને શહેર શું કહેવું? ગામ જ વળી. ગામમાં પહોંચતાં વચ્ચે ટ્રાફિકનું એક ગોળ હતું, ને ત્યાંથી ચારે બાજુ ચાર રસ્તા જતા હતા. તે જ! પણ પંદરમી સદીમાં નાના એક રાજ્યનું એ પાટનગર હતું, અને ઓગણીસમી સદીમાં અંગ્રેજ સત્તા નીચેના ભારત સાથેના વેપારનું મુખ્ય શહેર હતું. એ ઇતિહાસનો અણસાર પણ હવે રહ્યો નહોતો. હા, ગામને ઓથ આપી રહેલા પહાડ પર પાંચસો વર્ષ પુરાણો કિલ્લો હતો ખરો. બાકી રહ્યા હશે તો



તિબેટના ગ્યાંગ્ત્સે ગામની બહાર આવેલો કુમ્બુમ નામના બૌદ્ધવિહાર અને ઢોળાવો પર જતી પ્રાચીન કિલ્લાની દીવાલ


અવશેષો જ, પણ એનો દેખાવ નાટ્યાત્મક હતો. ૧૯૦૫માં બ્રિટિશ ફોજી ટુકડીએ ગ્યાન્ગ્ત્ઝે પર ચડાઈ કરેલી, પાંચ હજાર જેટલા તિબેટીઓને હરાવેલા અને તોપગોળાથી આ કિલ્લાનો ધ્વંસ કરેલો.

ગામને એક છેડે અમારી હૉટેલ હતી. નવી, મોટી અને સારી હતી. તિબ્બેટને અનુરૂપ સાદી પણ હતી. ઓરડામાં પૂરતી બત્તીઓ હતી, ને બાથરૂમમાં સરસ ગરમ પાણી આવતું હતું. આટલું પરીક્ષણ કરી, સામાન મૂકી, તરત હું ચાલવા નીકળી પડી. એક રસ્તે નાની શાળા હતી. ત્યારે જ છૂટેલી, ને નાનાં બાળકો રસ્તા પર નીકળી આવ્યાં હતાં. એમને સાચવીને ચાલવાની ચિંતા નહોતી, કારણ કે ત્યાં વાહનો ગણતરીનાં જ હતાં. એથી વધારે તો ગધેડાગાડીઓ જતી હતી. દરેક પ્રાણીને ગળે બાંધેલી ઘંટડીઓ ઝીણું રણકતી હોય. જૂના જમાનાનું સરહદી સ્થાન હોય એવું લાગે. બધે નીચાં, એક માળનાં, સપાટ છાપરાંવાળાં મકાન. નવાં બનાવેલાં તે પણ એ જ શૈલીનાં. થોડી દુકાનો ય હતી. કાંઈ કપડાં, એલ્યુમિનિઅમની કીટલીઓ, પ્લાસ્ટિકની બરણીઓ જેવી સાધારણ ચીજો દેખાઈ. એક મોટી, નવી, અજવાળી દુકાન ચીની મુસ્લિમોની હતી. બંને પુરુષોને દાઢી હતી, ને માથે લાક્ષણિક ટોપી પહેરેલી. ત્યાં તો ઘડિયાળો, રેડિયા, ઊનની આંટીઓ, પાઉડર, પર્ફ્યુમ વગેરે આધુનિક વસ્તુઓ વેચવા મૂકેલી હતી. ગામડાગામનાં ગામઠી લોકોને શું જરૂર એ બધીની?

બીજે રસ્તે ચાલી તો રહેઠાણો આવ્યાં. ત્યાં કાદવ પણ હતો, રખડતી ઈંટો યે પડેલી, ને નકામા ઘાસનો કચરો યે ઘણો હતો. ત્યાં પણ બે-ચાર જૂની દુકાનો હતી. ક્યાંક ટેલિવિઝન હોય, તો બારણે ત્રણ-ચાર જણ ઊભાં રહી ગયાં હોય. એક દુકાન આગળથી હિન્દી સિનેમાનાં ગીત સંભળાયાં. તે રિડયો પરથી હશે? હોટેલના ટેલિવિઝન પરની કોઈ ચૅનલમાં હિન્દી કાર્યક્રમ નહોતા, પણ કદાચ રેડિયો પર હોય.

કિલ્લો ચડવાનો વિચાર તો આવ્યો, પણ હું ગઈ નહીં. ચઢાણ ઘણું હતું, ને પવન પણ બહુ હતો. સાંજ, જોકે સરસ હતી. ને પવન પણ બંધ થઈ ગયો પછી તો. હોટેલ તરફ પાછાં ફરતાં એક નાના ઓરડાની રેસ્તુરાં પર નજર પડી. ચોખ્ખી હતી, પૂરતું અજવાળું હતું. એનું નામ હતું જિનજાન્ગ રેસ્તુરાં. ચીનના સેચુઆન પ્રાંતમાંની એક જગ્યા પરથી એ પાડેલું. રેસ્તુરાં ચલાવતું યુવાન, હસમુખું દંપતી એ પ્રાંતમાંથી આવીને આટલે ઉત્તરે વસ્યું હતું. એમણે મને શાકાહારી 'ચાઉમીન' નૂડલ્સ અને લસણવાળી ભાજી બનાવી આપી. સાથે જાસ્મીન-ચા. મઝા આવી ગઈ!

હું જમતી હતી ને ઘણાં સ્થાનિક યુવકો ત્યાં આવી ચડ્યા- ટેલિવિઝન ચાલતું હતું તેથી. પણ માલિકણે તરત એમને બહાર મોકલી આપ્યા - ખોટી દખલ ના થાય તેથી. જમીને હું નીકળી ત્યારે અંધારું થઈ ગયું હતું, અને રસ્તા પર બત્તીઓ નહોતી. મને થયું, 'ફક્ત આ સ્થાન જ બહુ દૂરનું નથી, ત્યાંનું જીવન પણ બહુ દૂરનું છે, બહુ જુદું છે.'



તેરમી સદીમાં થયેલું એક બૌદ્ધધર્મગુરુનું તૈલચિત્ર

ગ્યાન્ગ્ત્ઝે ગામના દેખાવથી સાવ જુદી પડતી એ એક હોટેલ હતી. નવી જ ઊભી થયેલી હતી, આધુનિક શૈલીમાં હતી - જેમ કે, વિશાળ પ્રવેશકોષ્ઠ, એમાં બેસવા માટે ઘણી ખુરશીઓ, અને ઉપર કાચનો ઊંચો ત્રિકોણાકાર, જેમાંથી આખો દિવસ લૉબિમાં સૂર્યનો પ્રકાશ આવતો રહે. સવારનો નાસ્તો પણ સારો હતો. હું તો ઈંડાં કે આમિષ કશું ખાઉં નહીં, પણ ચીની શાક અને જવના લોટમાંથી પાડેલાં ચીની પકોડાં ખાઈ શકી - ને તેય સવારે આઠ-સવા આઠ વાગ્યે!

નવ વાગતાંમાં તો બસ ગામમાં થઈને જતી હતી. દુકાનો હજી માંડ ખૂલી રહી હતી. પહેલાંનાં બધાં ઘરના વાડાની દીવાલો આછી બદામી હતી, ને એમની ઉપર તરફ કાળા તથા મરૂન રંગના પટા ચિતરેલા હતા. લાક્ષણિક હતી આ રંગરીતિ તિબેટમાં. અલબત્ત, નવાં બનેલાં ઘર પર આ આકર્ષક રંગસંયોજન નહોતું. સૈકાઓ જૂની એ લોકપ્રથા કાળક્રમે આમ ને આમ ઘસાઈ જવાની.

ગામની પાછળ ચૉન્ગ પર્વતોની હારમાળા હતી. એના પરના કિલ્લાની છાયાકૃતિ સુસ્પષ્ટ હતી. પ્રાચીન રાજ્યની સુરક્ષા માટે પર્વતોની ટોચો પર બાંધેલી પ્રાચીન દીવાલ સર્પાકારે જતી દેખાતી હતી. એ રસ્તાને છેડે હતો પાલ્ખોર ચૉડેન બૌદ્ધવિહાર. છેક ચૌદમી સદીમાં એની સ્થાપના થયેલી. એની અંદર અસાધારણ ભિત્તિચિત્રો હતાં, અને નેપાળી શૈલીનાં બૌદ્ધશિલ્પો. વિહારના મુખ્ય મકાનમાં મુખ્ય પ્રાર્થનાકક્ષ હતો, જેની વચ્ચે સિંહાસન પર 'ભવિષ્યના બુદ્ધ'ની મૂળકાલીન મહાપ્રતિમા પધરાવેલી હતી. થીજેલા માખણમાંથી ઘડીને, રંગીને સુંદર, સુશોભિત આકૃતિઓ જોવી હંમેશાં ગમે છે.



ધર્માભ્યાસમાં રત-ભિખ્ખુ-વિદ્યાર્થીઓ

યાકના માખણ પૂરેલા અનેક પ્રદીપોનો સુગંધી પ્રકાશ સ્થાનને સમુચિત લાગતો હતો. બીજાં કેટલાંયે સાધનસામગ્રી હંમેશ મુજબ સર્વત્ર રાખેલાં હતાં. કક્ષ જેટલો સુંદર હતો, તેટલો જ પવિત્ર હતો. બે તરફ બનાવેલાં પૂજાઘરમાં રોજેરોજ પૂજા-આચાર થતાં લાગ્યાં. પીળા શિરાંચલવાળા બુદ્ધ-ગુરુ ત્યાં પ્રતિષ્ઠિત થયેલા હતા. દસમા પંચનલામાના ફોટા પણ લટકાવેલા હતા. હવે પછીના - અગિયારમા - પંચનલામા ચીની સરકારે પસંદ કરી લીધા છે. દસેક વર્ષના તિબેટી કિશોરને બેજિન્ગમાં રાખવામાં આવ્યો છે, પણ આજના દલાઈ લામાએ એને સ્વીકાર્યો નથી.

પ્રાર્થનાખંડમાં, સિંહાસનની સામે, મરૂન કપડાથી ઢાંકેલી સાંકડી, લાંબી ગાદીઓ હારબંધ ગોઠવેલી હતી. કિશોર ભિખ્ખુઓ ત્યાં ધર્માભ્યાસ તેમજ ભક્તિ માટે દિવસના અમુક કલાકો બેસતા હશે. એવા પ્રસંગ પણ અન્યત્ર જોયા છે, પણ એ મઠનો ખંડ ત્યારે ખાલી હતો. ઘણા ભિખ્ખુવિદ્યાર્થી પોતાની કોઈ ને કોઈ ચીજ પોતાની બેઠક પર છોડતા ગયેલા - મરૂન ઝભ્ભા, વાડકા, ઘડા કે અભ્યાસપોથીઓ!

વિહારનો શ્રેષ્ઠતમ અંશ હતો નવ માળનો બહુકોણી આકારનો સ્તૂપ - 'કુમબુમ', જેનો અર્થ થતો હતો 'એક લક્ષ દેવાકૃતિઓ.' વાસ્તવમાં, આ સ્તૂપની ખ્યાતિ એટલી પ્રસરેલી છે કે આખો એ વિહાર સાધારણતયા 'કુમ્બુમ' તરીકે ઓળખાય છે. મઠના ચોગાનમાં જતાં સાથે ડાબી બાજુ આ સ્તૂપ દેખાય છે, અને આપોઆપ જ પ્રશંસા કરી બેસાય છે. એની બદામી દીવાલોના ઉપલા છેડા પર લાક્ષણિક ચિત્રાકૃતિઓ અને પીળા પટા છે. સોનેરી ઘુમ્મટ અને છત્ર ટોચ પર સોહે છે. એમની તળે આવેલા ચોરસ દેવગૃહની બહારની દીવાલો પર બુદ્ધની આંખો ચિતરેલી છે. આ નેપાળની અસર લાગે છે. કારણ કે નેપાળના બૌદ્ધસ્તૂપોની ટોચે આવાં નેત્રચિત્ર સર્વસામાન્ય રીતે થયેલાં જોવા મળે છે. ચારે દિશામાંથી તથાગતનાં નયન ભક્તો પર કૃપા વરસાવતાં રહે છે, એ સંકેત એમાં રહેલો છે.

નવ માળ, ને એમને ફરતી સાંકડી નવ અગાશી. દાખલ થવા નાનાં બારણાં, ને ચડવા માટે સાંકડી, અંધારી સીડીઓ. પકડી પકડીને ચડવાનું, ને બહાર નીકળો એટલે આંખો અંજાઈ જાય. નવ માળ પર થઈને કુલ સિત્યોતેર કક્ષિકાઓ હતી. બધી કોટડીઓ જેવી, પણ દરેકમાં કળાનો ખજાનો. અપૂર્વ-સુંદર ભિત્તિચિત્રો દ્વારા બુદ્ધના જીવનની કથાઓ પ્રસ્તુત થઈ હતી. વળી, બુદ્ધનાં વિવિધ સ્વરૂપો - અમિતાભ બુદ્ધ, રક્ષક બુદ્ધ, હિંસક કાળ-ભૈરવ વગેરે. કુમ્બુમની અંદર દસ હજાર તો બુદ્ધ પ્રતિમાઓ વસેલી હતી. એક પછી એક પૂજાકક્ષ જોતી જાઉં, ને આનંદ વધતો જાય. એકની અંદર દેવી તારાનું અસાધારણ શિલ્પ હતું. એના જમણા પગનો સ્પર્શ કર્યા વિના તો ના જ રહેવાયું.

છેલ્લે એક યુવાન લામાએ હજી એક કમાડ ખોલી આપ્યું. પાળી વગરની સૌથી ઉપલી અગાશી હતી એ, ને શું દૃશ્યપટ ગોચર થતો હતો ત્યાંથી! પાછળ પેલી લાંબી કોટ-દીવાલ, એક છેડે પેલો કિલ્લો, નીચે પથરાયેલું આખું ગામ, એને ફરતાં લીલાં ખેતરો, રસ્તા પર જતાં ઘણાંબધાં ઘોડા ને ગધેડાં જોડેલાં ગાડાં. શું અક્ષતસુંદર પરિસર! મારા મનનાં સંવેદન એની સાથે સુમેળમાં હતાં. મને લાગતું હતું કે હું તથાગતની કૃપાને પાત્ર બની હતી. (ક્રમશઃ)

અનુસંધાન। નેળિયું ।પૃ.૪૧૭થી

નહિ થતી હોય એમ સમજીને આપણે તો આપણી અનુકૂળતાને આકાર આપી ચાલ્યા જઈએ છીએને? નેળિયું તો સ્થિતપ્રજ્ઞ જાણે!

ઘૂઘરા રણકાવતા બળદો, ટોળામાં જતી ગાયો, ભેંસો, બકરાં. ઊંટ વગેરેને નેળિયામાંથી પસાર થતાં જોયાં છે? નેળિયું પણ પુલકિત થઈ ઊઠે છે - એટલે તો એ એના શરીરમાંથી આનંદની છોળો ઉડાડે છે, જેને આપણે ધૂળ ઊડી એમ કહીએ છીએ! નેળિયું શિવ જેવું છે. સાપ પણ એને ઘસાઈને ચાલે છે. સાપ શું કરવા? વીંછી, વાઘ, ચિત્તો પણ ક્યારેય... નેળિયાને એમનો કોઈનો ડર લાગતો નથી. એ ડરે છે માત્ર માણસથી, કારણ કે માણસ એના દેહ ઉપર ધખધખતો ડામર રેડી દેતો!! બીક છે નેળિયાને માણસની.

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૧

પ્રા. પ્રવીણ ન. શેઠ

હાઈટેકમાં અદ્‌ભુત 'ટેક-ઑફ'ની ઊર્ધ્વ દિશામાં

ભારતીયો પહેલાં ટેકૂનિકલ સેવા આપતી જૉબ મેળવીને આગળ વધવા માગતા હતા. તે પછી એંશીના દશકાના મધ્યભાગમાં ટેકૂનિકલ સાથે મૅનેજમેન્ટની લાઈન લેવા એમ.બી.એ.ની ડિગ્રી લેવા પર તેમનો ઝોક વધ્યો. છેલ્લા દશકામાં આપણે આગળ જોયું તેમ ઉચ્ચ ટેકૂનિકલ સ્થાન મેળવવાથી સંતોષ ન પામતાં તેમાંનાં ઘણાં હવે ઉદ્યોગ સાહસિકો બન્યાં. મૉટેલ-હોટેલ, ફાઈનાન્સ, ઈન્ફોટેક, બાંધકામ વગેરે ક્ષેત્રોમાં તેમની સ્વતંત્ર કંપનીઓ કાઢીને સફળ બન્યાં છે. મુંબઈથી આવેલા શૈલેષ મહેતા અમેરિકાવ્યાપી પ્રોવિડીઅન ફાઇનાન્સ જેવી કંપનીના પ્રમુખ છે. સાન ફ્રાન્સિસ્કો પાસે અમેરિકાના પૂર્વના 'વ્હાઇટ હાઉસ' ગણાતા (એક પ્રમુખીય ઉમેદવારનું ઘર તેમણે ખરીદી લીધું છે.) તેમના વિશાળ મહેલને મેં જોયું છે. પણ તેના માળ અને વિશાળ રૂમોના અટપટા આર્કિટેક્ચરને સમજાવી ન શકું, એટલી સંકુલ તેની રચના છે. બીજા પ્રદીપ સિંધુ ૪૨ બિલ્યન ડૉલરની માર્કેટ કેપિટલ ધરાવતી જૂનિઅર નેટવર્ક્સના સહસ્થાપક છે.

થોડાં વર્ષો પહેલાં ભારતીયો યહૂદી સિવાય બીજી બિનગોરી જાતિઓની જેમ પોતાની જૉબમાં યોગ્યતા અને કાર્યપ્રતિભા પુરવાર થયા હોય તો પણ તે કંપનીના મુખ્ય તંત્રવાહક (ચીફ એક્ઝીક્યૂટિવ ઑફિસર - સીઈઓ) કે પ્રમુખના સ્થાને પહોંચી શકતા નહીં, તેને કંપનીના ટોચના સ્થાનનો માત્ર આભાસ થાય, પણ તે મળે નહીં, તેવી 'ગ્લાસ સીલિંગ'નો અનુભવ થતો, પણ ભારતીયો હવે આવી ગ્લાસ સીલિંગને ભેદીને અમેરિકન કંપનીમાં ટોચના સ્થાન અંકે કરી શક્યા છે. દા.ત. અહીંની અને વિશ્વની સૌથી મોટી એરલાઈન્સ કંપનીમાંની એક એવી યુ.એસ. એરવેઝના વડા રાકેશ ગંગવાલ છે, તો યૂનાઇટેડ એરલાઈન્સના વડા રોના દત્તા છે. હજારો એરક્રાફ્ટના અટપટાં ઉડાણ-સમયપત્રકો અને લાખો પ્રવાસીઓનું ધ્યાન આપીને અબજો ડૉલરનો નફો કરી આપવાને કારણે તેઓ આવા પહેલા બિનગોરા વડા બની શક્યા છે. વિશ્વવિખ્યાત મૅનેજમેન્ટ કન્સલ્ટન્સી મેક્કિડન્સી એન્ડ કં.ના વડા રજત ગુપ્તા છે. (જેઓ ચંદ્રબાબુ નાયડુના નિમંત્રણથી હૈદરાબાદમાં એન.આઈ.ટી.ટી. જેવી વિશ્વસ્તરની ઈન્ફોટેક સંસ્થાને ઊભી કરવા થોડો સમય ભારત રહેશે). અરુણ નેત્રાવલી, બેલ લૅબ્સ.ના પ્રમુખ બન્યા છે. મેન્ઝેસ સિટીબૅન્ક જેવા પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રિય બૅન્કના વડા છે. મોહન ગ્યાની (એટી એન્ડ ટીના વાયરલેસ સર્વિસીસ એકમના પ્રેસિડન્ટ અને સીઈઓ) અનિલ કૃપલાણી (કવાલકોમ વાઇસ પ્રેસિડન્ટ), જયશ્રી ઉલાલ (સિસ્કોના એક વાઈસ પ્રેસિડન્ટ), એચ.કે. દેસાઈ (ક્યુલોજિકના પ્રેસિડન્ટ અને સીઈઓ), રવિ વીરમણિ (નોબેલ એન્ડ હેવીટ્સ, ઇન્ડિયાના સીઈઓ), પ્રીતિ કુમાર (અમરોપ ઇન્ટરનેશનલના મૅનેજિંગ ડિરેક્ટર), અમન મહેતા (એચ.એસ.બી.સી. બૅન્કના વડા) છે. જમશેદ વાડીઆ આર્થર એન્ડરસનના વડા છે, તો રાજીવ ચૌધરી અમેરિકા ઑન્ લાઈન જેવી ખ્યાતનામ કંપનીના વડા છે. પ્રીતિ બાંસલે ન્યૂ યૉર્ક જેવા રાજ્યના સ્ટેટ ઍટર્નિ જનરલ તરીકે નામ કાઢ્યું છે. રમણી આયર હાર્ટફર્ડ કંપનીના વડા છે. નોંધપાત્ર બાબત એ છે કે લગભગ છેલ્લાં દોઢ વર્ષથી જ ગ્લાસ સીલિંગ ને ભેદીને બહુરાષ્ટ્રિય કંપનીના ઉચ્ચોચ્ચ સ્થાને ભારતીયો પહોંચે તેવાં રેખાચિત્રો સાથેના હેવાલો મળતા રહ્યા છે. વીર રમણી કહે છે, 'ભારતીયો અનેક પ્રકારનાં કપરાં કામોને સાંકળતી અને વિવિધતાઓ સમજવાની વિરલ શક્તિ ધરાવે છે અને તેથી આવી ઉચ્ચ મૅનેજરીઅલ જવાબદારીને સફળતાપૂર્વક નભાવી શકે છે.' ટાઈમ્સ ઑવ્ ઇન્ડિયામાં વિનય કામઠ બતાવે છે, 'બે (EE)ઈ પરિબળોનો પણ તેમાં ફાળો છે. ઈમોશનલ (લાગણીજન્ય) પરિપકવતા અને એન્ટરપ્રીન્યુઅરીઅલ કૌશલ (જોખમ લેવાની સજ્જતા)નો. એમાં આપણે બે બીજાં ઈ-પરિબળ ઉમેરી શકીએ : એન્વાયરમેન્ટલ સાનુકૂળતા (કૌટુંબિક પીઠબળ, સમાજીકરણ અને શિક્ષણ) આમ આ 'ઈ' પરિબળો, ઉપકારક બને છે. આમ, સાંસ્કૃતિક પોષણમાં પણ તેમની સિદ્ધિનાં મૂળિયાં શોધી શકાય છે.

વેન્ચર કેપિટાલિસ્ટ ભારતીયો કોરીઅનો અને ચીનાઓની જેમ પોતાના જાતિભાઈઓને સહાય કરવાની વૃત્તિ ધરાવે છે. આપણે આગળ જોયું છે કે પટેલ-મોટેલ મૉડલની વ્યાપક સફળતામાં પોતાની કોમ-પ્રદેશનાં લોકોને મોટેલ ચલાવવામાં કે લેવામાં સ્થિરસંપન્ન થઈ ચૂકેલાઓ સહાય કરે છે, તે બાબતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તે જ પ્રમાણે નવી સ્ટાર્ટઅપ કંપની સ્થાપવામાં મોટી રકમનું ધિરાણ કરનાર વેન્ચર કેપિટાલિસ્ટ (વીસી) તરીકે જાણીતા વર્ગમાં ભારતીયો પણ છેલ્લાં ચારપાંચ વર્ષથી જાણીતાં બન્યાં છે. વિનોદ ખોસલા, કંવલ રેખી, સુહાસ પાટિલ, રાજસીંધ, રાજ પારેખ, રાજ જસવા, દેવેન વર્મા ચિત્તરંજન વોરા વગેરે આવા જાણીતા વીસી છે. તેમાંના ઘણા સફળ ઉદ્યોગસાહસિકો તો છે જ. નવા, યુવા ભારતીય ઉદ્યોગસાહસિકોને તેઓ લાખો ડૉલરનું ધિરાણ આપવા ઉપરાંત તે ઉદ્યોગને ઊભા કરવા માટે માર્ગદર્શન પણ આપે છે.

મજાની વાત તે એ છે કે આમાંના લગભગ બધા જ ભારતીયો ભારતમાં અત્યાર સુધી જોવા મળતું તેમ પરંપરાગત વ્યાપારી કુટુંબોમાંથી નથી આવતા. મોટા ભાગના એન્જિનીઅરિંગની ડિગ્રી અને અનુભવ ધરાવે છે.

પોષક પરિબળો : આ મહત્ત્વના ઘટનાપ્રવાહને ત્રણ પરિબળોએ પોષણ આપ્યું છે.

એક, સફળ ભારતીયો માટે સમભાવ ધરાવતા અગ્રણી ઉદ્યોગસાહસિકો-વીસીઓની સંસ્થા 'ટાઇ' તેમને અનેક સંમેલનો યોજી અને સંસ્થાકીય તેમજ વ્યક્તિગત ધંધાદારી રાહે પ્રોત્સાહન અને સહાય આપે છે.

બીજું, આવા નીવડેલા ઉદ્યોગ સાહસિકોમાંથી ભારતની આઈ.આઈ.ટી. સંસ્થાઓ અને બીટ્સ (પિલાની) જેવાં ઉત્કૃષ્ટ ટેકનિકલ શિક્ષણકેન્દ્રોમાં ડિગ્રી મેળવીને અહીં આવેલા છે. અહીં ભારતીય ઉદ્યોગપતિઓમાંના પાંચમા ભાગના આઈ.આઈ.ટી. ગ્રેજ્યુએટો છે. તેજસ્વી હોવાને કારણે તેઓ મેનેજમેન્ટ, ફાયનાન્સ વગેરે બાબતોને પણ ખૂબ ઝડપથી સમજીને તેનો ઉપયોગ કરી શક્યા છે. ખોસલા, રેખી, ગુરુરાજ, રાજસીંઘ આવા દષ્ટાંતો છે. આઈ.આઈ.ટી.ની એટલી ઊંચી છાપ છે કે આ સંસ્થાઓમાં ભારતમાં ભણેલા યુવાનોને અમેરિકાની કેટલીક જાણીતી યુનિવર્સિટીઓ ભારત આવીને, તેમને ફેલોશિપ વગેરે બધી સુવિધાઓ આપીને ૧૯૯૯થી અહીં આકર્ષવા માંડી છે!

ત્રીજું, ટેક્નોમેનેજરીઅલ વિષયો પર ભારતીય ઉદ્યોગપતિઓ વચ્ચે માહિતી અને વિચારની આપ-લે કરતું 'સિલીકોન્ડિયા' નામનું ઉત્કૃષ્ટ સ્તરનું માસિક આ ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સપ્ટેમ્બર ૧૯૬૭થી અમેરિકામાં આ વિષયના એંગ્નિક માધ્યમોમાં તેણે નિજી હસ્તી ઊભી કરી છે. ને ભારતીય અમેરિકનો માટે એક સેતુ અને ઉદ્દીપક ભૂમિકા ભજવી રહ્યું છે. તેમજ અમેરિકા અને ભારત વચ્ચે અહીંના ભારતીયો દ્વારા ટેક્નોલૉજિ-ટ્રાન્સફર અને આર્થિક સહયોગ વધે તે માટેની ભૂમિકા પણ ભજવે છે. કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ ડૉ.અમિત શેઠ (જેઓ 'તાલી' નામની ડિજિટલ સૉફ્ટવેર સ્ટાર્ટઅપના પ્રમુખ અને સીઈઓ પણ છે.) આ ઘટનાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજાવે છે. ભારતીયોનું વિશ્લેણક્ષમ દિમાગ, જોખમ ઉઠાવવાની તૈયારી, સાહસના પ્રારંભમાં પરિશ્રમ કરવાની વૃત્તિ, અંગ્રેજી ભાષાની સરળતા અને સ્થિર કુટુંબ અને સામાજિક સંબંધોને કારણે ટકી રહેતું મનોબળ - આ તેની સાહસસિદ્ધિના મુખ્ય ચાલક તત્ત્વો છે. અહીંના ઇન્ડસ્ટ્રિઅલ ટાઇમ્સ નામના જાણીતા વ્યવસાયી જર્નલમાં એક અમેરિકન પત્રકાર બતાવે છે તેમ ટાઈના અગ્રણીઓ વ્યવસાયી ગોષ્ઠી-નિર્ણયો સાન્તા ક્લૅરા મેરિટ હૉટેલમાં ભારતીય ભોજન ખાતાં ખાતાં કરતા હોય છે. આ પ્રસિદ્ધ અમેરિકન હોટલ ચેઈનના મેનૂ સંભાળનારા ઇડલી, ઢોંસા, ભારતીય શાકની વાનગીઓ, ચપાટી, દાળ-કરી, વિશેષ ગળી વાનગીઓ બરાબર બનાવવાનું જાણે છે. આ 'curry network'ની અનૌપચારિક વ્યવસ્થામાં ઉદ્યોગસાહસ અને જે તેને ધિરાણ આપવા તથા ટાઈના કાર્યક્રમો અંગેના કાચાપાકા નિર્ણયો લેવાઈ જાય છે. આમ, પટેલ-મોટેલ ઉદ્યોગની જેમ હાઈટેક ક્ષેત્રમાં ભારતીય ઓળખ અને નેટવર્ક એક પ્રોત્સાહક ભૂમિકા બાંધી આપે છે. (પશ્ચિમની પ્રજાઓ આવો સાંસ્કૃતિક લાભ ભોગવતી હોતી નથી).

અલબત્ત, કોઈ પણ ઊંચી કાર્યસફળતા કે સિદ્ધિની કિંમત પણ ચૂકવવી પડતી હોય છે. અમેરિકાની મૂડીવાદી વ્યવસ્થા અને ભૌતિકવાદી વિચારસરણી કુનેહ ધરાવતા અને આગળ ધપવા માગનાર બધી મોકળાશ આપે તેવો સિદ્ધિ-સંપ્રેરિત (એચીવમેન્ટ-ઓરીએન્ટેડ) સમાજ છે. પણ સિદ્ધિ મેળવવા માટે ઘણાં ભારતીય વ્યવસાયીઓ-ટેક્નોક્રેટ ઉદ્યોગપતિઓએ પોતાના કૌટુંબિક સમયનો ભોગ આપવો પડે છે. અહીંના નિષ્ઠુર સ્પર્ધાત્મક અર્થકારણમાં હરીફ કંપની કે વ્યવસાયી સામે ટકી રહેવા કે પોતાનું અગ્રસ્થાન ટકાવી રાખવા સફળ અને સમૃદ્ધ ભારતીયોને પણ રોજના, કોઈ વાર વીકએન્ડ સહિત, બારેક કલાક આ માટે આપવા પડે છે. સાંજે કુટુંબ સાથે જમવાનું, અને પત્ની કે બાળકો સાથે થોડી નિરાંતની પળો ગાળવાનું સહજસામાન્ય રહેતું નથી. શ્રેષ્ઠ પ્રકારની કાર, ઑફિસ અને ભોગવપરાશની ચીજવસ્તુ તેને માટે સુલભ છે, પણ પોતાને માટે થોડી આરામની પળ રોજ મળે કે કુટુંબ સાથે પૂરા એક-બે કલાકો ફાળવી શકાય એ તો તેને માટે લક્ઝરી બની જાય છે. આમાંથી ઉદ્ભવતો ધંધાકીય તનાવ તેને સતત પજવે છે. કુટુંબમાં તે પારકો કે પરાયો બની જાય છે. ભૌતિક અને વ્યવસાયી સિદ્ધિ સાથે તેને શાંતિનો અને કૌટુંબિક જીવનનો ભોગ આપવો પડે છે. આ એક પામી ન શકાય તેવી કિંમત છે. કોઈક કમ્પ્યૂ-જીવડાએ તો કામના દબાવને કારણે ડિપ્રેશન જેવા મનોરોગને કારણે સાઇક્યાટ્રિસ્ટ દ્વારા અને હૉસ્પિટલમાં સારવાર પણ લેવી પડી છે.


ભારતીયોએ આ પ્રશ્નો અંગે કેવા ઉપચારયુક્ત પ્રતિભાવો આપ્યા છે ? નાસાના વૈજ્ઞાનિક, કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ વગેરે પાંચેક ભારતીયોએ પોતાના અને મિત્રોના અનુભવને આધારે 'બગાબુ' નામની ફિલ્મ બનાવી છે. ખૂબ વૈભવમાં આળોટતાં તથા વ્યવસાયી સફળતાને વરેલાં ભારતીય ટેક્નોક્રેટો કેવો અજંપો અનુભવે છે, તેમને દુન્યવી દૃષ્ટિએ ઘણુંબધું મેળવ્યાં છતાં કશાક અમોલ તત્ત્વની ખોટ તેમને સાલે છે. કશુંક અંતર્ગત તત્ત્વ ખૂટે છે, અને તે તેમને કોરી ખાય છે. તેની ખોટ અને દબાવના પ્રશ્નોના ઉકેલની ખોજમાં તેઓ પરોવાય છે. (ક્રમશઃ)

શિકારનાં પત્તાં

કિશોર ન. ગોરધનદાસ

પંદરમી સદીનો આ એક જ જાણીતો અને હાથે ચીતરેલો ગંજીફો (રમવાનાં પત્તાં) અસ્તિત્વમાં છે. આ પત્તાંની જોડનો સમય ઈ.સ. ૧૪૭૫થી ૧૪૮૦ની વચ્ચે મૂકવામાં આવે છે. આ જોડમાં પૂરેપૂરાં બાવન પત્તાંનો સમાવેશ થએલો છે. હાલની જોડમાં રહેતાં પત્તાંમાંના વિદૂષકો (જોકરો)ની શોધ ઓગણીસમી સદીના અંતથી જ થઈ હોવાથી આ ગંજીફામાં બાવન પત્તાંને કારણે તે ગંજીફો પૂર્ણ કહી શકાય. આ પત્તાંનાં ચિહ્નો બીજાં કોઈ જૂનાં પત્તાંમાં ન જોવા મળે એવી શિકારની




















સામગ્રીનાં બનેલાં છે.

ડૉગ કૉલર અને વાજાંનાં ચિહ્નો (suits) લાલ રંગનાં છે તથા દામણાં (tethers) અને ગાળિયો (noose) ભૂરા રંગમાં ચીતરેલાં છે. તેમ છતાં આ ચાર ચિહ્નોમાં કયાં સૌથી ભારે અને કયાં ઊતરતા ક્રમનાં છે તે જાણી શકાયું નથી. લંબગોળાકાર જેવાં આ પત્તાં અદ્‌ભુત અને અજોડ ગણાયાં છે તથાપિ પંદરમી સદીનાં હાથે ચીતરેલાં બીજાં જાણીતાં પત્તાંઓની જોડ કરતાં શિકારનાં ચિહ્નોવાળાં આ પત્તાં કદમાં સૌથી નાનાં છે. કદમાં ૭૦ મિલિમીટર x ૧૩૦ મિલિમીટરનાં આ પત્તાં શાહી અને પેનથી દોરાએલ તથા સોનેરી રંગથી પ્રકાશિત કરાએલ છે.

આ પત્તાં પહેલી વાર જયારે ફ્રાન્સમાં શોધાયાં ત્યારે અને બીજી વખત જયારે અમેરિકાના મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ ઑવ્

(અનુસંધાન પૃ.૪૪૬)

હું અને અંધારું

પ્રફુલ્લ રાવલ

જોવાનો પ્રયત્ન કરીએ છતાંય કશું જ ન દેખાય એ અંધારાનું સાચું રૂપ. નજરને પહોંચવાનો જરાય અવકાશ નહીં. બધું ય કાળું ધબ્બ લાગે! આમેય અંધકારને કાળાશ સાથે અભિન્ન નાતો રહ્યો છે. છતાં કોઈ વિશિષ્ટ ક્ષણે રાજેન્દ્ર શાહને અંધકાર ધવલ લાગે તે અંતરની દ્યુતિ. એમ જ પ્રહ્લાદ પારેખને અંધકાર ખૂશ્બુભર્યો લાગે અને મણિલાલ દેસાઈને અંધકાર માણવાની આકાંક્ષા થાય, તો રાવજી અંધકારમાં ઊકલી પડે. અંધકાર આવે છે અને જાય છે અરવ પગલે. એને નથી કોઈ આવકારતું કે નથી કોઈને એની પ્રતીક્ષા. હા, એના અસ્તિત્વને ભૂંસવાનો સતત પ્રયાસ થાય છે. હું અંધારામાં અસંગ-વિસંગ બેસવાની ઈચ્છા સેવું છું. પરન્તુ અંધારું મને પજવે છે. હું મૂંઝાઈ જાઉં છું. હું દીર્ઘકાળ લગી એનો પ્રતિકાર કરવા અસમર્થ છું. મારે અજવાળું જોઈએ છીએ. અને જેવું અજવાળું થાય છે કે તરત મારામાં નવો સંચાર થાય છે. જાણે કશુંક અલભ્ય પ્રાપ્ત ન થયું હોય! છતાંય અંધારું મને ગમે છે, કેમ કે અંધારામાં જ મારી સ્મૃતિ આળસ મરડીને બેઠી થાય છે. પછી સ્મરણોની વણઝાર ચાલે છે. હું રળિયાત થઈ જાઉં છું.

અંધારાનો પહેલો અનુભવ આઠ વર્ષની વયે થયો હતો. ઢળતી સંધ્યાએ પકડદાવની રમતમાં હું છેવાડાના અવાવરું ઓરડામાં સંતાઈ ગયો હતો, જ્યાં નહોતું જાળિયું કે નહોતી વીજળીની સુવિધા. હતું કેવળ અંધારું! મારી પાછળ જ સખી સંતાઈ હતી. બહાર નીકળું તો પકડાઈ જઉં અને અંધારું નિગૂઢ થવા માંડ્યું હતું! સખી અંધારાની બીકમાં મારી સોડમાં લપાતી જતી હતી. કશુંક ગણગણતી હતી. હું પકડાઈ ન જવાય તે માટે મૌન રહેવા ઈશારો કરતો હતો. એ બીકમાં વધુ ને વધુ મારી નજીક આવતી જતી હતી. પરન્તુ ત્યારે સ્પર્શનું જ્ઞાન નહોતું અને અંધારામાં કશુંક પમાય એવી સમજ પણ નહોતી. ત્યાં તો હાથમાં દીવડું લઈને બા આવી. અમને સંતાયેલાં જોયાં. 'બહાર નીકળો' કહીને હાથ ઝાલી બહાર કાઢ્યાં. સખી ધ્રૂજતી'તી. પણ મને જરાય બીક નહોતી લાગી. આજેય નથી લાગતી. અંધારાનો મને ભય નથી. માટે હું અભય છું એમ ન કહી શકું. આમેય અભય થવું સહેલુંય નથી. વૃત્તિઓને કેટલી ગાળીએ ત્યારે અભય થવાય!

હું ક્યારેક અંધારામાં જાત સાથે સંવાદ કરું છું. તો ક્યારેક વિસંવાદ. ક્યારેક વળી બાખડી પડું છું. અંધારામાં જ જાતને સાચી ઓળખી શકાય છે, જાણી શકાય છે. અંધારામાં મારી ચેષ્ટાઓ મારા વ્યક્તિત્વને ઝાંખું પાડતી નથી. હું ક્યારેક અંધકારને માણું છું, તો ક્યારેક ચાવું છું, તો વળી ક્યારેક ચૂસું છું. મન સાથેની ગોષ્ઠિ કરવાની તક અંધકારમાં મળે છે. અધર્મને હું જાણું છું તેય અંધકારમાં અને ધર્મને ય જાણું છે તેય અંધકારમાં. હું અસલ હું અંધકારમાં બની રહું છું. અંધકારમાં મારા અહંની દીવાલ તૂટે છે. મને મારી ભૂલ સમજાય છે. મીઠા ઝઘડાની સુલેહ અંધકારમાં જ થાય છે. ક્યારેક હું અંધારી રાતમાં વલવલતી વૈદર્ભીને યાદ કરું છું અને વલોપાત કરું છું. મારી ભીતર પડેલું સત્ત્વ અંધારામાં છતું થાય છે. પણ વળી પ્રકાશમાં અહંનાં પડળ ચડે છે.

પ્રકાશ વગરની સ્થિતિ તે અંધારું. પરન્તુ હું ક્યારેક પ્રકાશમય પરિસ્થિતિમાં પણ અંધારાનો અનુભવ કરું છું. સઘળે અંધારું છવાઈ જાય છે. કશો જ માર્ગ મળતો નથી. આથી જ ક્યારેક હું મારા ખંડમાં રાતે અંધારું-અજવાળુંની રમત રમું છું. આ રમતમાં નથી થતી હાર કે નથી થતી જીત. માત્ર ઉભયની ભ્રાન્ત પ્રતીતિ થાય છે. એમ અંધારાથી ટેવાઈ જવા યત્ન કરું છું. અંધારું ક્યારેક મારા મનનાં દ્વાર ખોલી નાખે છે. હું મને ઓળખું છું - પણ આંશિક જ. અંધારામાં મૌન બેસવું મારા માટે એક સાધના છે, એક સમાધિ છે. હું ઉપાધિમાં સમાધિસ્થ થવા મથું છું ત્યારે અંધારું શોધું છું. ક્યારેક મને લાગે છે - અંધારાને હું ગમું છું, કારણ કે એ મારા અસલ અસ્તિત્વને ઓળખતું નથી. જ્યાં સુધી અસલની ઓળખ થતી નથી ત્યાં સુધી કેવળ અહીંતહીં ફાંફાં મારવાં પડે છે. હુંય ફાંફાં મારું છું અંધકારમાં. ક્યારેક તો પમાશે તે ખ્યાલે, તે ખ્યાબે. પણ અત્યારે તો અંધારામાં રાચું છું ☐

જ્ઞાનકથા

આત્મજ્ઞાન - અજ્ઞાન

બહાદુરભાઈ જ. વાંક

કેટલાક પંડિતોએ ગુરુ બજુવાને પૂછ્યું : 'આપને આત્મજ્ઞાન કેવી રીતે થયું?'

બજુવા બોલ્યા : 'આત્મજ્ઞાનની તો મને પણ ખબર નથી. પરંતુ કંઈક હસવા જેવી એક ઘટના તમને કહી સંભળાવું. એક દિવસ સવારના હું દર્પણમાં મારો ચહેરો જોતો હતો, ને દર્પણમાં દેખાતા મારા પ્રતિબિંબને જ અચાનક મેં પૂછ્યું : 'તું કોણ છે?'

ને મારા પ્રતિબિંબે જવાબમાં મને સામું પૂછ્યું : 'તું કોણ છે?'

હું કંઈ જવાબ આપું એ પહેલાં જ સજીવન થઈને દર્પણ બોલી ઊઠ્યું : 'તમે એકમેકને પ્રશ્નો પૂછવામાં મારી મોજૂદગીની નોંધ લેવાનું પણ ભૂલી ગયા?'

'દર્પણનો પ્રશ્ન સાંભળીને, બસ, એ દિવસથી હું સાવ ચૂપ થઈ ગયો છું. મારી આ ચૂપકીદીને તમે મારું આત્મજ્ઞાન કહી શકો!'

'પણ આત્મજ્ઞાનનું શું?' પાછું પંડિતે પૂછ્યું.

બજુવા બોલ્યા : 'તમારા આ પ્રશ્નનો સાચો જવાબ સ્વયં દર્પણ જ આપી શકે. હું નહીં!'

'તમે જવાબ કેમ ન આપી શકો?' પાછું પંડિતે પૂછ્યું.

ને બજુવા ઉવાચ : 'દર્પણમાં જોઈ-જોઈને હું મારી જાતને જ ભૂલી ગયો છું એટલે!!' ☐

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ભાષા, સાહિત્ય અને સંસ્કાર

તા.૮-૧-૮૪. ભાષા, સાહિત્ય અને સંસ્કાર વચ્ચે કેવો ગૂઢ (ગાઢ તો ખરો જ પણ ગૂઢ પણ ખરો! ગૂઢ એટલે છૂપો, તરત જ ન સમજાય તેવો, abstract) સંબંધ છે તેના એક બે દાખલા યાદ આવે છે.

૩૦મી ડિસેમ્બરે મારા એક મિત્રની ગાડીમાં અમે બધાં (મિત્ર, મિત્ર-પત્ની, મારાં પત્ની અને હું) વડોદરા ગયાં હતાં. ડ્રાઇવિંગ મારા મિત્ર કરતા હતા. વળતાં (વડોદરાથી અમદાવાદ આવતાં) નડીઆદ બાઇપાસમાં દાખલ થઈએ કે તરત જ રેલવે લાઈન ઉપર એક ઓવર બ્રિજ આવે છે. ત્યાં બરાબર બ્રિજને મથાળે પહોંચ્યાં ત્યારે સામેથી એક ટ્રક આવે અને તે ટ્રકને ઓવરટેક (બ્રિજ પર ઓવર ટ્રેક ન કરાય છતાં) કરતું એક ઑઈલ ટૅન્કર નજરે પડ્યું. અમારી ગાડીને જવાની જગ્યા જ નહોતી. મિત્રે બ્રેક લગાવી, ટૅન્કર ડ્રાઇવરે પણ બ્રેક મારી અને ટ્રકની બાજુમાંથી તે ટ્રકની પાછળ થઈ ગયો અને અમારી ગાડીને રસ્તો મળી ગયો. આ બધું પાંચ-દસ સેકન્ડમાં થઈ ગયું અને જેવી અમારી ગાડી ટૅન્કર પાસેથી પસાર થઈ તેવી મારા મિત્રે ટૅન્કરના ડ્રાઇવરને ભૂંડાબોલી ગાળ દીધી!! હું તો ઠીક પણ મારાં પત્ની અને પોતાની પત્નીની હાજરીમાં આવી ગાળ મોંમાંથી નીકળી!

એમ.એસસી., પીએચ.ડી., ડી.એસસી. થવાથી કે હજારોના પગાર કમાવાથી સંસ્કાર પોષાતા નથી. સંસ્કાર તો ભાષા અને સાહિત્યથી પોષાય છે. આ મિત્રદંપતી એક- બીજાંને કે પુત્રોને અંગ્રેજીમાં કાગળો લખે છે. ગુજરાતી સાથે કદાચ ગાળ બોલવા સિવાય બીજો સંપર્ક નથી એટલું જ નહિ, અંગ્રેજી સાહિત્ય સાથે પેરી મેસન કે સ્ટેન્લી ગાર્ડનર સિવાય સંપર્ક નથી. એટલે ઉત્તેજનાના પ્રસંગે માંહ્યલો રાક્ષસ જોર કરી જાય છે!

હવે એક બીજો સુખદ પ્રસંગ. પડોશમાં રહેતી મુન્ની રોજ તેને શાળામાં મળેલા ઘરકામના ગણિતના દાખલા મારે ઘેર નીચે ડાઇનિંગ ટેબલ ઉપર ગણવા આવે છે. આજે સવારના પહોરમાં મુન્ની દાખલા ગણવા આવી કે તરત જ તેની મમ્મીનો ફોન આવ્યો કે મુન્ની દૂધ પીધા વગર આવી છે. મુન્નીને દૂધ પીવાનો કંટાળો છે. એટલે ભૂલી જાય છે. આ વાત મુન્નીની ભાભી જાણે છે. ભાભીએ મુન્નીને જે કહ્યું તે હું ઉપર બેઠો બેઠો સાંભળતો હતો. ઝાઝી દાખલા-દલીલમાં ન પડતાં જે તલસ્પર્શી વાક્ય ભાભીએ કહ્યું તે જ અહીં ઉતારું છું : 'દૂધ ન પીએ તો મરી ન જવાય. પણ સમૃદ્ધ જીવન જીવવું હોય તો મળે છે તો દૂધ પીવું જોઈએ.' સૂત્ર તરીકે ટાંકી શકાય તેવું સુંદર વાક્ય! જ્યારે દિલ દ્રવી ઊઠે કે ઉત્તેજિત થઈ જાય ત્યારે, જો શિષ્ટ સાહિત્ય સાથે સંપર્ક હોય તો માંહ્યલું દૈવી તત્ત્વ જાગ્રત થાય. જો આવો સંપર્ક ન હોય તો માંહ્યલું આસુરી તત્ત્વ જોર પકડે...

જોશીઓ અને સિગરેટ છતાં પ્રગતિ!

તા.૩-૨-૮૪. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હૉલમાં અખિલ ભારતીય જ્યોતિષીઓનો નૅશનલ સેમિનાર આજે યોજાયો છે. હા, ભાઈ યોજાય જ ને! યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પાસ થવા માટે આજકાલ વાંચવાની જરૂર ઓછી રહે છે. કુંડળી જોવરાવવાની જરૂર વધારે રહે છે એટલે કુંડળી-જોશીઓનું અધિવેશન યુનિવર્સિટીને આંગણે જ ભરવું જોઈએ ને!

જોશીઓએ અધિવેશનને ટાંકણે યુનિવર્સિટીના પ્રવેશદ્વાર ઉપર ખાસ શણગારેલો દરવાજો બનાવ્યો છે. દરવાજા ઉપર National Seminar on Astrology એમ સોનેરી અક્ષરે લખ્યું છે અને દરવાજાના બન્ને થાંભલા ઉપર બ્રિસ્ટલ સિગરેટની મોટી જાહેર ખબર ચીતરી છે. હા, એ પણ આજકાલ યુનિવર્સિટીઓનું એક બહુ અગત્યનું કામ છે - દેશના યુવાનોને બીડી પીતા કરવા! અને જેમ ડૉક્ટરોની પરિષદમાં દવાવાળાઓની જાહેરખબરો હોય, સાયન્સ કૉંગ્રેસમાં વૈજ્ઞાનિક સાધનોની કે પુસ્તકોની જાહેરખબર હોય તેમ જોશીઓની આ પરિષદમાં પણ કોઈક જાહેરખબર તો હોવી જ જોઈએ ને! જોશીઓનો ધંધો જેવો અતાર્કિક (Irrational) તેવી જ અતાર્કિક આદત (Irrational habit) સિગરેટ પીવાની. એટલે આમ તો બધું બંધ બેસતું આવે છે. અફસોસ ફક્ત એટલો જ રહે છે કે યુનિવર્સિટી પણ આમાં બંધબેસતી થઈ ગઈ!! છતાં...

તા.૧૩-૧૧-૮૮. છતાં કોણ કહે છે કે દેશમાં પ્રગતિ થઈ રહી નથી? ૧૯૪૨માં મેં પહેલવહેલી સાઇકલ ખરીદી હતી. કિંમત રૂ.૪૦/- તે ડેટન સાઇકલ Made in U.S.A. હતી. ૧૯૮૮માં ગઈ કાલે વડોદરા નજીક વાઘોડીઆ ગામે ગુજરાત સાઇકલ્સ લિમિટેડનું ઉદ્ઘાટન થયું. ગુજરાત સરકાર અને હીરો સાઇકલ્સના સંયુક્ત ઉપક્રમે આ કારખાનું શરૂ થયું છે અને તે મુખ્યત્વે વિદેશમાં નિકાસ કરવા માટે સાઇકલો બનાવે છે! ૧૯૪૨માં આપણે સાઇકલો આયાત કરતા હતા, ૧૯૮૮માં આપણે સાઇકલો નિકાસ કરીએ છીએ.

આ જ પરિસ્થિતિને બીજી રીતે જોઈએ તો ૧૯૪૨માં અમેરિકન ઉદ્યોગના પ્રગતિના પ્રતીક તરીકે સાઇકલની નિકાસ લઈએ તો ૧૯૮૮માં આપણે ૧૯૪૨ના અમેરિકાની સ્થિતિએ પહોંચી ગયા છીએ !!

(અનુસંધાન પૃ.૪૨૮)

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર ૧૪મી ઑગસ્ટ ૧૯૪૨

પ્રિય કિટી,

એક સંપૂર્ણ મહિનો મેં તને યાદ કરી નથી. પણ સાચે તો અહીં ખાસ કાંઈ બનતું જ નથી. એટલે તારા મનોરંજન માટે રોજ રોજ મારી પાસે કાંઈ જ હોતું નથી. ૧૩મીએ વેનડાન લોકો અહીં રહેવા આવ્યાં. અમારી ધારણા પ્રમાણે એ લોકો ૧૪મીએ આવવાનાં હતાં. પરંતુ ૧૩મી અને ૧૬મીના ગાળામાં જર્મનોએ મળે એ બધાંને જ કહેણ મોકલવાં શરૂ કર્યાં. આથી લોકોમાં ખૂબ ગભરાટ ફેલાયો અને એટલે સલામતી ખાતર અને બહુ મોડું થઈ જાય એ પહેલાં જ થોડાં વહેલાં જ એ લોકો અહીં આવી ગયાં. સવારે સાડા નવ વાગ્યે (અમે હજી બ્રેક ફાસ્ટ કરતાં હતાં) વેનડાનનો દીકરો પીટર આવ્યો. હજી પૂરાં સોળ વર્ષનો પણ નથી થયો. અતિ સુંવાળો, શરમાળ અને નિસ્તેજ છોકરો છે. એની પાસેથી કંપનીની ખાસ આશા રાખવી ખોટી. એ સાથે પોતાની બિલાડી માઉશીને લઈ આવ્યો છે. અડધા કલાક પછી શ્રી અને શ્રીમતી વેનડાન આવ્યાં. શ્રીમતી વેનડાન હૅટના ખોખામાં પોતાની પૉટી (ખુરશી-જાજરૂ) લઈને આવ્યાં હતાં એ જોઈને અમને હસવું આવ્યું. 'મને મારા ચેમ્બર (પૉટી) સિવાય ક્યાંય ફાવે નહિ.' આવતાં વેંત એમણે જાહેર કર્યું અને દીવાનની નીચે પોતાનું સ્થાન પામવાવાળી એ એમની પહેલી ચીજ હતી. શ્રી વેનડાન એમની પૉટી લાવ્યા નહોતા પણ બગલમાં એક ફોલ્ડિંગ ટી-ટેબલ લઈને આવ્યા હતા.

એ લોકો આવ્યાં એ દિવસથી અમે રોજ સાથે જમીએ છીએ, ત્રણેક દિવસ પછી તો અમારું એક વિસ્તૃત કુટુંબ જ બની ગયું. બહારની માનવવસ્તીની દુનિયામાં એક અઠવાડિયું અમારા કરતાં વધુ રહ્યાં હોવાને લીધે, સ્વાભાવિક રીતે જ એમની પાસે કહેવાલાયક ઘણા સમાચાર હતા. બાકીની અન્ય હકીકતો સાથે અમને અમારા ઘરનું અને શ્રી ગાઉડસ્મીટનું શું થયું એ જાણવામાં વધુ રસ હતો. શ્રી વેનડાને માંડીને વાત કરી :

'શ્રી ગાઉડસ્મીટે મને સોમવારે સવારે ફોન કર્યો અને ઘેર આવવા વિનંતી કરી. હું તરત જ ગયો અને જોયું કે એઓ ઘણા જ અસ્વસ્થ હતા. એમણે મને ફ્રેન્ક કુટુંબે લખેલી ચિઠ્ઠી વાંચવા આપી, અને ચિઠ્ઠીમાં જણાવ્યા પ્રમાણે પડોશમાં બિલાડી પહોંચાડવા કહ્યું. આ જોઈ હું રાજી થયો. શ્રી ગાઉડસ્મીટને ડર હતો કે ઘરની ઝડતી લેવાશે એટલે અમે બધા ઓરડાઓમાં ફરી વળ્યાં, થોડી સફાઈ કરી, બ્રેકફાસ્ટની વસ્તુઓ સાફ કરી નાખી. અચાનક મને શ્રી ફ્રેન્કના ટેબલ પર એક પેડ મળી આવ્યું, જેની પર માસ્ટ્રીખ્ટનું સરનામું લખેલું હતું. હું તો જાણતો જ હતો કે આ બધું હેતુસર કરેલું છે, તો પણ અચંબો પામ્યાનું અને ધક્કો લાગ્યાનું મેં નાટક કર્યું, અને શ્રી ગાઉડસ્મીટને આ બદનસીબ કાગળને ફાડી નાખવા વિનંતી કરી.'

'આમ હું જાણે કાંઈ જાણતો જ નથી એવું નાટક કર્યે રાખ્યું. પણ આ ચિઠ્ઠી જોઈને મને એક તુક્કો સૂઝ્યો. 'શ્રી ગાઉડસ્મીટ સાહેબ -' મેં કહ્યું - 'મને હવે યાદ આવે છે કે છએક મહિના પહેલાં એક ઊંચી પદવીનો ઑફિસર પેઢીએ આવ્યો હતો અને બનતાં સુધી શ્રી ફ્રેન્ક સાથે એને મિત્રાચારી બંધાઈ હતી અને જરૂર પડ્યે એણે મદદ કરવાની તૈયારી પણ બતાવી હતી. એનો મુકામ માસ્ટ્રીખ્ટમાં છે. મને લાગે છે કે એણે એનું વચન પાળ્યું અને કોઈ રીતે એમને બેલ્જિયમ પહોંચાડીને આગળ સ્વીટ્ઝર્લૅન્ડ પહોંચતાં કર્યાં હશે. મિત્રો પૂછપરછ કરે તો, અલબત્ત માસ્ટ્રીખ્ટનું નામ ન લેતાં, આ વાત કહેવી જોઈએ.'

'આમ કહીને મેં ઘર છોડ્યું. તમારા ઘણાખરા મિત્રોને ક્યારનીય જાણ થઈ ગઈ છે, કારણ કે આ જ વાત ખુદ મેં જુદાં જુદાં લોકો પાસેથી સાંભળી છે.'

અમને આ વાત જાણીને મજા પડી અને જ્યારે શ્રી વેનડાને વિગતવાર ખબર આપી ત્યારે તો લોકોના મુક્ત કલ્પનાવિહાર પર અમે ખૂબ હસ્યાં. એક કુટુંબે અમને બહેનોને સવારનાં સાઇકલ પર જતાં જોયાં હતાં તો એક બહેન ખાતરીપૂર્વક જાણતાં હતાં કે મધરાતે લશ્કરી ગાડી આવીને અમને પકડી ગઈ હતી.

લિ. એન.

શુક્રવાર ૨૧મી ઑગસ્ટ ૧૯૪૨

પ્રિય કિટી,

અમારી છૂપી જગ્યાના પ્રવેશદ્વારને હવે સંપૂર્ણ રીતે ઢાંકી દીધું છે. શ્રી કુગ્લરનું કહેવું થયું કે એની આગળ એક પુસ્તકનો કબાટ મૂકી દેવો જોઈએ (કારણ કે સંતાડેલી સાઇકલ શોધવા માટે ઘણાં ઘરની ઝડતી લેવાય છે.), પણ એ કબાટ બારણાની જેમ ઊઘડી શકે તેવો હોવો જરૂરી હતો. શ્રી વૉસ્ક્યુલે એ બનાવ્યો. અમારા સંતાવાની વાત એ હવે જાણે છે. અને

અનેક રીતે અમારી મદદે આવ્યા છે. અમારે હવે નીચે જવા માટે વાંકા વળીને કૂદકો મારીને બહાર જવું પડે છે, કારણ કે હવે પેલું પગથિયું નથી રહ્યું. શરૂઆતના ત્રણ દિવસ તો બધાં જ માથે ઢીમચાં લઈને ફરતાં હતાં. કારણ કે બધાંનાં માથાં નીચી બારસાખે ભટકાયાં હતાં. હવે ત્યાં એક ભૂસું ભરેલી થેલી ખીલા મારીને ઠોકી દીધી છે. જોઈએ એનાથી શું ફેર પડે છે.

હાલ હું ખાસ કંઈ કામ કરતી નથી. સપ્ટેમ્બર સુધી રજા છે. પછી પપ્પા મને ભણાવશે. અત્યાર સુધીમાં હું કેટલું બધું ભૂલી ગઈ છું એ જાણીને મને શોક જ લાગ્યો. અમારા જીવનમાં કાંઈ ખાસ બનતું જ નથી. શ્રી વૅનડાન અને હું બહુ જ સહેલાઈથી એકબીજાંને માઠું લગાડી શકીએ છીએ. અને એનાથી વિરુદ્ધ એમને માર્ગટ સાથે ઘણું ફાવે છે. ઘણી વાર મમ્મી તો હું જાણે નાનું બાળક હોઉં એમ વર્તે છે, જે મારાથી જરાય સહન થતું નથી. એ છોડી દો તો બધું ઠીક ચાલે છે. હજી પણ મને પીટર ગમતો નથી. સાવ જ કંટાળાજનક છે. એનો અડધો વખત તો પથારીમાં આળોટવામાં જ જાય છે. થોડું સુથારીકામ કરે ન કરે ત્યાં વળી પાછું ઝોકું ખાઈ લે. સાવ કેવો મુરખ છે!

મોસમ એકદમ ખુશનુમા છે. આ પરિસ્થિતિમાં પણ માળિયાના કૅમ્પબેડ પર પડ્યાં પડ્યાં બારીમાંથી આવતો તડકો અમે ભરપૂર માણીએ છીએ.

લિ. ઍન.

બુધવાર ૨જી સપ્ટેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

શ્રી અને શ્રીમતી વૅનડાન ભયાનક ઝઘડ્યાં. આ પહેલાં આવું તો મેં કદી જોયું જ નહોતું. મમ્મી અને પપ્પા તો એક-બીજાં સામે રાડો પાડવાનું સ્વપ્ને પણ વિચાર ન કરે. અને કારણ પણ એટલું તો ક્ષુલ્લક હતું કે આખો પ્રસંગ શક્તિનો નર્યો બગાડ જ હતો. પણ ખેર, આ તો દરેકનો પોતાનો મત હોય.

પીટરની હાલત બહુ ખરાબ થઈ જાય છે. એને મૂક સાક્ષી બનવું પડે છે. બાકી એ એટલો તો આળસુ અને મિજાજી છે કે એની કોઈ વાત ગંભીરતાથી લેવાતી જ નથી. ગઈ કાલે ભાઈ ચિંતામાં ડૂબી ગયા હતા, કારણ કે સવારે એની જીભ લાલ ને બદલે થોડી ભૂરી દેખાઈ હતી. હવે આ અસામાન્ય ઘટના જેવી અચાનક પેદા થઈ હતી તેવી જ અચાનક જતી પણ રહી. આજે ભાઈને નસ્નક થઈ ગયું છે. એટલે ગળે મફલર વીંટાને ફરે છે. એના હિસાબે તો એને લંબેગો જ થયું છે. હૃદયનો, મૂત્રપિંડનો અને ફેફસાંનો દુઃખાવો તો એને માટે સામાન્ય વાત છે. સાચે તો એ 'હું-માંદો' રોગથી પિડાય છે. (આવાં લોકો માટે આ જ શબ્દ યોગ્ય છે નહિ?)

મમ્મી અને શ્રીમતી વૅનડાન વચ્ચે પણ ખાસ કાંઈ સખ્ય નથી, અને અણબનાવ માટે કારણો પણ ઘણાં છે. તને એક નાનકડો દાખલો આપું. અમારા સહુના સામાન્ય કબાટમાંથી શ્રીમતી વૅનડાને પોતાની ત્રણ ચાદરો કાઢી લીધી. એમના હિસાબે તો મમ્મીની ચાદરો બધાં માટે છે. એમને જ્યારે ખબર પડશે કે મમ્મીએ પણ એ જ કર્યું છે ત્યારે એવાં તો ચાટ પડશે કે બસ!

જમવામાં એમનાં થાળી-વાટકા વપરાય છે અને અમારાં નહિ એ એમને જરાય ફાવતું નથી. અમારાં થાળી-વાટકા અમે ક્યાં મૂક્યાં છે એ શોધવાનો એ ખૂબ પ્રયત્ન કરે છે. પણ એમને ખબર નથી કે ધારે છે એના કરતાં સહેલી જગ્યાએ છે. માળિયામાં જે અનેક કચરાપટ્ટી છે એની પાછળ એક ખોખાંમાં જ પડ્યાં છે. અમે અહીં છીએ ત્યાં સુધી એમના હાથે લાગવા દેવાનાં નથી. અને એ જ યોગ્ય છે. પરંતુ મારું નસીબ પણ કેવું છે! ગઈ કાલે મારાથી એમનો સૂપનો વાટકો ફૂટી ગયો અને એના હજાર કટકા થઈ ગયા. એકદમ ગુસ્સે થઈને તાડૂક્યાં, 'અરે, ધ્યાન રાખવું જોઈએ કે નહિ. મારી પાસેનો આ છેલ્લો જ વાટકો હતો.' આજકાલ શ્રી વૅનડાન મારી સાથે મીઠામધ જેવાં વર્તે છે. એવું જ હંમેશાં રહે તો સારું. આજે સવારે ફરી મમ્મીએ મારી પર ભાષણબાજી કરી. મને આ બિલકુલ સહન થતું નથી. અમારાથી તદ્દન વિરુદ્ધ છે. પપ્પા બહુ સારા છે, ક્યારેક ગુસ્સો કરે પણ એમનો ગુસ્સો પાંચ મિનિટથી વધુ ટકે નહિ. અહીંયાંની અમારી એકધારી જિંદગીમાં ગયે અઠવાડિયે એક નાનકડી ખલેલ પડી. કારણ હતાં સ્ત્રી-વિષયક ચોપડી અને પીટર. પહેલાં મારે તને કહેવું જોઈએ કે અહીં શ્રી ક્લાઈમન જે કાંઈ પુસ્તકો લાવી આપે છે એ બધાં જ પુસ્તકો વાંચવાની માર્ગટ અને પીટરને છૂટ છે. પણ એમાંનું એક સ્ત્રીવિષયક પુસ્તક વાંચવાની મોટેરાંઓએ મનાઈ કરી. તરત જ પીટરનું કુતૂહલ જાગ્રત થયું. એમને વાંચવા ન દેવાય એવું તે એમાં શું છે? છાનામાના એણે એ પુસ્તક મેળવ્યું અને એની મા નીચે વાતો કરતી હતી એટલામાં લાગ જોઈને આ ચૌર્ય સાથે એ ચડી ગયો માળિયે. થોડા દિવસ તો બધું ઠીક ચાલ્યું. ભાઈ શું કરે છે એની એની માને તો ખબર હતી, પણ એના બાપને ખબર પડી ત્યાં સુધી એ કાંઈ બોલ્યાં નહિ. બાપ તો ખૂબ ગુસ્સે ભરાયા અને ચોપડીનો કબજો લઈ લીધો. એમણે માની લીધું કે વાત અહીં પૂરી થશે. પણ એમના દીકરાના કુતૂહલનો એમને અંદાજ નહોતો, આ પ્રસંગ પછી તો કુતૂહલ ઘટવાને બદલે ઑર વધી ગયું. ચોપડી પૂરી કરવાના નિર્ધાર સાથે પીટરે આ રસપ્રદ પુસ્તકને હસ્તગત કરવાનો નવો રસ્તો શોધી કાઢ્યો. દરમિયાનમાં શ્રીમતી વૅનડાને આ વિષયમાં મમ્મીનો અભિપ્રાય માગ્યો. મમ્મીનું કહેવું થયું કે આ પુસ્તક તો માર્ગટ માટે યોગ્ય નથી

પણ બાકી પુસ્તકો વાંચે એમાં વાંધાજનક કાંઈ નથી.

'વૅનડાનબેન, બાકી માર્ગટ અને પીટર વચ્ચે ફરક છે.' મમ્મી બોલી, 'એક તો એ કે માર્ગટ છોકરી છે અને છોકરા કરતાં છોકરીઓ વધારે પુખ્ત હોય છે. બીજું કે માર્ગટે ઘણી ગાંભીર્યપૂર્ણ ચોપડીઓ વાંચી છે અને એટલે જ એ વર્જિત પુસ્તકોની પાછળ ઘેલી થતી નથી. અને ત્રીજું એ કે માર્ગટ ચોથા ફાર્મમાં છે, જે બતાવે છે કે એ બૌદ્ધિક રીતે કેટલી વિકસિત અને હોશિયાર છે.' શ્રીમતી વૅનડાન આ સાથે સંમત તો થયાં પણ છતાં મોટા માટે લખાયેલાં પુસ્તકો બાળકોએ ન વાંચવાં જોઈએ એવો મત જણાવ્યો.

આ દરમિયાનમાં પીટરે દિવસનો એવો કાળ શોધી કાઢ્યો જ્યારે કોઈનુંય ધ્યાન પીટર કે પુસ્તક તરફ ન હોય. સાંજના સાડા સાત વાગ્યે જ્યારે બધાં જ નીચેની ખાનગી ઑફિસમાં રેડિયો સાંભળતાં હતાં ત્યારે ભાઈ પોતાનો ખજાનો લઈને ફરી પાછા માળિયે પહોંચી ગયા. રાતના સાડા આઠ સુધીમાં એણે નીચે આવી જવું જોઈતું હતું, પણ પુસ્તક એટલું તો રોમાંચક હતું કે એને સમયનું ભાન રહ્યું નહિ અને એ નીચે આવતો જ હતો ત્યાં એના બાપ ત્યાં પહોંચી ગયા. આનું પરિણામ તું હવે કલ્પી શકીશ. એક તમાચો, અને ચોપડી ઝૂંટવવા સાથે ચોપડી પડી ટેબલ પર અને પીટર માળિયે. અમે જમવા માંડ્યાં ત્યાં સુધી પરિસ્થિતિ એ જ રહી. પીટર ઉપર જ હતો. કોઈએ એની દરકાર ન કરી. અને એને એ રાતે જમ્યા વિના ભૂખ્યા જ સૂવાનો વારો આવ્યો. પણ અમે આનંદથી વાતો કરતાં કરતાં જમતાં હતાં ત્યાં અચાનક કાન ફાડી નાખે એવી સિસોટી અમે સાંભળી. ખાવાપીવાનું છોડીને ફિક્કા ચહેરે અમે એકબીજાં સામે જોવા માંડ્યાં. ત્યાં ચિમનીમાંથી પીટરનો અવાજ આવ્યો : 'સાંભળો, હું કાંઈ નીચે આવવાનો નથી.' શ્રી વૅનડાન સફાળા ઊઠ્યા, એમનો નેપ્કિન નીચે પડી ગયો, ચહેરો રાતો ચોળ થઈ ગયો અને તાડૂક્યા, 'બહુ થયું.' તરત પપ્પાએ એમનો હાથ ઝાલ્યો અને એ કાંઈ અઘટિત પગલું ન લઈ બેસે એટલા સારુ પપ્પા પણ એમની સાથે ઉપર માળિયે ગયા. ઘણા વિરોધ અને ધમપછાડા પછી પીટર નીચે આવ્યો અને એના ઓરડામાં પુરાઈ ગયો. અમે જમવાનું ચાલુ કર્યું. શ્રીમતી વૅનડાનને એના દીકરા માટે એક સ્લાઈસ રાખી મૂકવી હતી પણ શ્રી વૅનડાન મક્કમ હતા. 'જો હવે એ જલદી માફી નહિ માગે તો એણે માળિયામાં જ સૂવું પડશે.' આનો બધાંએ સખત વિરોધ કર્યો, કારણ કે રાત્રે ભૂખ્યા સૂવાની સજા જ પૂરતી હતી. પાછું માળિયે સૂવાથી પીટરને શરદી લાગી જાય તો અમારે માટે ડૉક્ટરને બોલાવવો પણ શક્ય નહોતો.

પીટરે કાંઈ માફી માગી નહિ. અને એ તો માળિયે પણ પહોંચી ગયો. શ્રી વૅનડાને વાત અહીં જ અટકાવી. પણ સવારે મેં જોયું કે પીટરની પથારી ચોળાયેલી હતી. ફરી સવારના સાત વાગ્યે પીટર માળિયે ચડી ગયો હતો. પછી પપ્પાએ મીઠા શબ્દોમાં એને નીચે આવવા મનાવ્યો. ત્રણેક દિવસ સુધી તો ચડેલાં મોઢાં અને વિરોધાત્મક મૌન રહ્યાં; પછી બધું થાળે પડી ગયું. લિ. એન. (ક્રમશઃ)

અનુ.] **પસ્તીનાં પાનાં** [પૃ. ૪૨૪થી

અમેરિકન બાબાનું ભારતીયકરણ

તા.૨૩-૩-૮૪. આ અઠવાડિયામાં ચારેક દિવસ અમે મહુવા જઈ આવ્યાં. મહુવાની કેટલીક વિશેષતાઓ છે. અમેરિકાથી આવ્યા પછી દસ દિવસ સુધી શૈલુમાં કેટલુંક અમેરિકનપણું સચવાઈ રહ્યું હતું. જેમ કે અમારા પડોશીનો બાબો રોજ સાંજે નિશાળેથી આવીને બગીચાનાં ઝાડને યૂરીઆ ખાતર આપે. (માનવ મૂત્રમાં યૂરીઆનું પ્રમાણ સારું હોય છે!) પણ શૈલુ તો યૂરીઆ ખાતર બાથરૂમમાં જ વેડફી નાખે. પણ મહુવા ગયા ત્યાં ભારતીયતા શૈલુને એટલી બધી સ્પર્શી ગઈ કે ડૉક્ટરમામાના બગીચાના નાળિયેરી, આંબા, ચીકુડી એમ બધાં ઝાડને યૂરિયા ખાતર આપતો થઈ ગયો. બાથરૂમમાં ખાતર વેડફી નાખે ઈ બીજો, શૈલુ નહિ!

જો કે આમાં બધો યશ મહુવાને મળે તેમ નથી. જતાં સવારે ૮-૩૦ વાગ્યે અમે વલ્લભીપુર પહોંચ્યાં. ત્યાં જૈન મંદિરની ધર્મશાળામાં બન્ને ટૉઈલેટ રિપેર થતાં હતાં. એટલે પૂજારીજીએ સલાહ આપી કે 'બાબાને ઝાડ નીચે બેસાડો.' પણ અમેરિકન બાબો તો શેનો માને? પછી મોટર ચાલી અને ત્રાપજ નજીક આવ્યાં. ત્યાં અમેરિકન બાબાને દબાણ વધી ગયું એટલે મોટર ઊભી રાખીને 'ઝાડ નીચે' બેઠા. બેઠા પછી તેને થયું હશે કે ચાર દીવાલ વચ્ચે કરતાં આ 'open air' કે 'ડ્રાઈવ-ઈન' તો ઘણું સારું. એટલે પછી મહુવામાં બધાં ઝાડને યૂરીઆ ખાતર મળવા લાગ્યું!

આમે ય અમદાવાદ કરતાં મહુવા ભારતીયતાનું પ્રતિનિધિત્વ વધુ કરી શકે તેની કાંઈ ના કહેવાય! ઘોડાગાડીમાં બેસવું હોય તો મહુવા જવું પડે, 'હર હર મહાદેવ' કે 'સો દા'ડા સાસુના તો એક દા'ડો વહુનો' એવાં હાઉસફુલ સિનેમા જોવા પણ મહુવા જવું પડે.

પણ આ તો હળવાશમાં વાત થઈ. ખરેખર તો શૈલુ અને તેની માતા સ્મિતા માટે મહુવાની યાત્રા તો સ્મરણયાત્રા જેવી છે. 'તું જેમ રિવરસાઈડ હૉસ્પિટલમાં જન્મ્યો હતો તેમ તારી મમ્મી આ હૉસ્પિટલમાં જન્મી હતી.' આ સ્વિમિંગ પુલમાં કાકાએ અમને તરતાં શીખવ્યું હતું. કીટલી અને પ્યાલા-રકાબીવાળાં લપસણિયા પર શૈલુ લપસતો હતો ત્યારે, 'ડોલીમાસી નાનાં હતાં ને ત્યારે કહેતાં કે હું કીટલીમાંથી ચા બનીને આવું છું.' આવાં આવાં તો કેટલાં સ્મરણો તાજાં થયાં.

આમ, બે દિવસ ભૂતકાળ વાગોળી શૈલુને અસલ ભારતીય બનાવી અમે પાછાં આવી ગયાં. (ક્રમશઃ)

સંગીતશાસ્ત્ર - ૩૯

ડૉ. હસુ યાજ્ઞિક

સંગીતમાં ઘરાનાનો જન્મ

વિદ્યાના મુખ્ય બે પ્રકારો છે. પહેલા પ્રકારની વિદ્યા એવી છે, જેમાં શાસ્ત્ર અને તેના અધ્યયનનું મહત્ત્વ છે, જ્યારે બીજા પ્રકારની એવી પણ વિદ્યા છે કે જેમાં શાસ્ત્રના અધ્યયનને બદલે એ માટેની ક્રિયા વિશેષ મહત્ત્વની છે. વૈદક કે જ્યોતિષ એ પહેલા પ્રકારની વિદ્યા છે, જેમાં મુખ્ય આધાર તેના શાસ્ત્રના અધ્યયનનો છે. પરંતુ સંગીત, નૃત્ય અને ધનુર્વિદ્યા કે કોઈ અસ્ત્રશસ્ત્રની વિદ્યાઓ એવી છે, જેમાં ક્રિયા મુખ્ય છે. જો કે આ બન્ને પ્રકારની વિદ્યા માટે ગુરુ કે માર્ગદર્શકની જરૂર પડે જ છે, પરંતુ જે વિદ્યા શાસ્ત્રની છે, જ્ઞાનની છે તેમાં શાસ્ત્રનું પરિશીલન-અધ્યયન વધે તેમ પારંગત થઈ શકાય છે. પરંતુ જે ક્રિયાત્મક વિદ્યાઓ છે તેમાં તેનું શાસ્ત્રઅધ્યયન જ મુખ્ય નથી. માત્ર અધ્યયન-પરિશીલન કરવાથી તે વિદ્યામાં પારંગત ન થવાય કેમ કે તે કલા છે. અને જ્ઞાનનું ક્રિયાત્મક રૂપ, તે કલાનો પ્રાણ છે. આમાં જે શાસ્ત્રમાં લખ્યું છે તે જાણવાનું જરૂરી તો છે જ, પરંતુ માત્ર તે જાણવાથી તે કલા સિદ્ધ ન થાય. સંગીત વિશે વાંચવાથી સંગીતકાર ન બની શકાય. એ રીતે નૃત્ય વિશે વાંચીને નૃત્યકાર, શિલ્પ વિશે વાંચીને શિલ્પકાર બની ન શકાય. આ માટે તો પ્રત્યક્ષ ક્રિયામાં જે ઉતારી, હસ્તગત કરો, મેળવો તે કામનું છે.

આવી ક્રિયાપ્રધાન વિદ્યાઓમાં - એ ચાહે સંગીત હોય, નૃત્ય હોય કે ધનુર્વિદ્યા જેવી શસ્ત્રઅસ્ત્ર વાપરવાની કુનેહની તાલીમ હોય શિક્ષણ આપવા માટે શિક્ષકની, ગુરુની, પ્રત્યક્ષ માર્ગદર્શન આપનારની જરૂર પડે છે. માત્ર વાંચ્યાથી એમાં બીજી કુનેહ ન આવે, ઊપજ ન આવે. આથી જ આવી ક્રિયાત્મક સ્વરૂપની વિદ્યાઓમાં ગુરુ-શિષ્ય પરંપરા જ પ્રાણરૂપ છે. ગુરુશિષ્ય પરંપરાનો અર્થ એ છે કે ગુરુએ જે કંઈ જાણ્યું હોય, હસ્તગત કર્યું હોય એનું પ્રત્યક્ષરૂપમાં જ્ઞાન શિષ્યને આપે અને આમ એ કલાની પરંપરા ચાલે.

સંગીતકલા આ રીતે પ્રત્યક્ષરૂપનું શિક્ષણ જરૂરી હોય એવી વિદ્યા છે. અને તેમાં જે જાણકાર છે તે પોતાનાં જ્ઞાન, અનુભવ, કુનેહને જાણનાર સુધી પહોંચાડે છે. આવી પરંપરામાંથી જ સંગીતમાં ઘરાના અસ્તિત્વમાં આવ્યા છે. ઘરાના એટલે આધુનિક પરિભાષામાં સ્કૂલ કે સંપ્રદાય. દરેક વિદ્યાગુરુ પોતાના પુત્રને કે પુત્રવત્ એવા શિષ્યને પ્રત્યક્ષરૂપમાં વિદ્યા શીખવે છે, તાલીમ આપે છે. આમાં સુદીર્ઘ એવી પરંપરાનું દૃઢીકરણ થાય છે અને તેનો લાભ શિષ્યોને મળે છે. સંગીતમાં ઉત્તમ એવા કલાકારે પણ પોતાના ગુરુ પાસેથી જ તાલીમ લીધી હોય છે, જ્ઞાન મેળવ્યું હોય છે અને પોતે પણ આજીવન એ વિદ્યાની ઉપાસના કરે છે. તેથી તેની આ કલામાં પોતાનું પણ કેટલુંક નવું ઉમેરે છે. કલા એટલે સતત સ્વાધ્યાય અને સ્ફુરણા. એમાં સાધના અને સ્ફુરણાનો સંગમ થાય છે ત્યારે 'ઊપજ' આવે છે. ઊપજ એટલે કે પોતાનું જ નવું અને મૌલિક એવું પ્રદાન. ગાતાં-વગાડતાં એને લાગે છે કે આમાં આ સ્વર આ રીતે લેવાથી કે આ સ્વરજૂથની આ રીતે મેળવણી કરવાથી રાગનું સ્વરૂપ વિશેષ પ્રકટે છે. એમાં લયને ઢાળતાં તેનાં પણ વિવિધ રૂપો પ્રકટે છે અને એમાંથી જ નવું ઉમેરાય છે તથા નવી શૈલી ઘડાય છે. એ સ્વરોને ગાવા-વગાડવાની ગળાની કે હાથની અવનવી ટેક્નિક વિકસે છે. જેને આનું પ્રથમદર્શન થાય છે તે તો શોધક કે જનક. અને પછી તે પોતાને જે જાણવા મળ્યું છે તેનું જ્ઞાન પોતાના શિષ્યને આપે છે. આથી શિષ્ય પણ એ જ સ્વરની ખૂબીઓ, લયકારી અને ગાયનવાદનની પદ્ધતિ કે ટેક્નિકનો આધાર લે છે. આ પ્રવાહ જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ આવી નાવીન્યયુક્ત પદ્ધતિનો વિકાસ થતો જાય છે. એમાં આનુષંગિક ઉમેરણ થતું જાય છે. આમ થતાં આ કુળનાં સંગીતકારોમાં તેમની પોતાની જ ખાસિયત ધરાવતી શૈલી પ્રકટે છે. અને તે પરંપરા જ ઘરાના તરીકે ઓળખાય છે.

આમ, ઘરાના એટલે ગુરુશિષ્ય પરંપરા અને કોઈ એક એવી કુલપરંપરામાં સિદ્ધ થયેલી પોતિકી મુદ્રા ધરાવતી શૈલી. રાગ એક જ હોય કે એની ચીજ એક જ હોય પરંતુ એને રજૂ કરનાર કલાકાર જુદા જુદા ઘરાનાના હોય તો એમાં પોતાના ઘરાનાની મુદ્રા ઊપસે છે. ક્યારેક ઘરાના પ્રમાણે રાગનું સ્વરૂપ ભિન્ન હોય. દા.ત. લલિત રાગમાં કોઈ શુદ્ધ ધૈવતનો પ્રયોગ કરતા હોય તો કોઈ એમાં કેવળ કોમળ ધૈવતનો જ પ્રયોગ કરતા હોય. રાગ કેદારમાં કોઈ ગાંધારને પ્રકટરૂપમાં લેતા હોય તો કોઈ ઘરાનામાં એ રાગે ગાંધાર, લેવાતો ન હોય. આ રીતે તાન, આલાપ, તાલના બોલ, રાગને પ્રકટ કરવાની પદ્ધતિ વગેરે પણ ઘરાના પ્રમાણે જુદાં જુદાં હોય છે. આમ, ઘરાનાનો અર્થ વિશિષ્ટ કુલસમૂહની લાક્ષણિક અને વ્યાવર્તક, પોતિકી એવી શૈલી, પદ્ધતિ કે રીતિ એમ પણ કહી શકાય છે.

ગુરુશિષ્યની પ્રાચીન પરંપરા પ્રમાણે સંગીતકલાના ગાયક કે વાદક કોઈ એક જ ગુરુ પાસે તાલીમ લેતા. ગુરુ શિષ્યને મન એકમેવ અદ્વિતીય પ્રકારના હતા. અને શિષ્ય પોતાના અહંને, સંપૂર્ણપણે ગાળીને પોતાની જાતને ગુરુને હવાલે કરી દેતો અને ગુરુનું પ્રત્યેક વચન એના માટે નિઃશંક એવું સત્ય

બની રહેતું. ઉલ્લંઘી ન શકાય એવી આજ્ઞા બની રહેતી. આથી ઘરાના પરંપરામાં ગુરુને મન જે કંઈ સ્વીકાર્ય, આવકાર્ય, અપરિવર્તનશીલ અને પ્રાણરૂપ તે બધું જ શિષ્ય પોતાની કલામાં ઉતારતો. અને ગુરુનો જેમાં વિરોધ હોય, સંમતિ ન હોય એ બધું જ પોતે પણ ક્યારેય ન સ્વીકારતો. આથી જ પિતા અને પુત્ર દ્વારા કે ગુરુ અને શિષ્ય દ્વારા ઘરાનામાં જે પરંપરા ઊતરી આવી તે દરેક ઘરાનાની પોતીકી મુદ્રા ધારણ કરીને વિશિષ્ટ કે લાક્ષણિક બનતી ગઈ. આ વિશિષ્ટતા કે પદ્ધતિ અને લક્ષણો એટલાં પ્રબળતર બન્યાં કે કોઈ ગાતું-વગાડતું હોય તો એને આપણે સાંભળીને કહી શકીએ કે તે આ અમુક નિશ્ચિત ઘરાનાનો છે, અથવા તો તે ઘરાનાને અનુસરીને વગાડે છે.

આપણે ત્યાં મધ્યકાલથી એટલે કે પંદરમી સોળમી સદીથી તે અઢારમી સદી સુધીનો વિવિધ ઘરાનાઓનો છેલ્લાં ચારસો જેટલાં વર્ષનો ઇતિહાસ જળવાયો છે અને છેક અઢારમી સદી સુધી તો આપણું સંગીત વિવિધ ઘરાનાઓમાં વિકસતું રહ્યું છે. આ ઘરાનાઓમાં કેટલાંક ગાયનક્ષેત્રે તો કેટલાંક વાદનક્ષેત્રે વિશિષ્ટતા ધરાવે છે. એમનાં ગાયન-વાદનમાં તેમની આગવી પદ્ધતિ અને તેની લાક્ષણિકતાઓનું ગુરુ-શિષ્ય પરંપરાએ અનુસંધાન થાય છે અને એમાંથી જ સતત વહેતી વિશિષ્ટ એવી ઘરાનાની ધારા આગળ વધે છે. આવી ગાયન કે વાદનની વિશિષ્ટતા કે લાક્ષણિકતાના મૂળમાં તો એના આદિગુરુની જ જીવનસાધના અને મૌલિકતા હોય છે ને એમાં જ અનુગામી પરંપરા એક નવું, જુદું અને એનું પોતીકું હોય એવું સ્વરૂપ ધરાવે છે. આમ છતાં આ કુલપરંપરા એના આદિપુરુષના નામે નહીં, પરંતુ તે પ્રદેશના નામે ઓળખાય છે. ગ્વાલિયર ઘરાના, આગ્રા ઘરાના, જયપુર ઘરાના, સહસવાન ઘરાના, અતરૌલી ઘરાના, મથુરા ઘરાના, ફતેહપુર-સિક્રી ઘરાના, લખનવ ઠુમરી ઘરાના, બનારસ ઘરાના, પંજાબ ઘરાના વગેરે આનાં દૃષ્ટાંતો છે. કોઈક અપવાદરૂપ ઘરાનાઓ જ તેના તાનસેન, સદરંગ, તાનરસખાં, એવાં વ્યક્તિનામે ઓળખાય છે. આવા દરેક ગાયન-વાદનના ઘરાનાઓને જેમ પદ્ધતિ અને શૈલીગત વિશેષતાઓ હોય છે તેમ પોતાની ખાસ પસંદગીના રાગ અને તેની ચીજ પણ હોય છે. દૃષ્ટાન્ત તરીકે ઇટાવાના ઉ.ઇનાયતખાં જેવા સિતારવાદકના મૂળ ઘરાનામાં તિહાઈ તેમની શૈલીગત વિશેષતા છે, તેમ ભૈરવી અને પીલૂ એમની ખાસ સાધના અને પસંદગીના રાગ છે. આપણી મોટા ભાગની ગુરુ-શિષ્ય પરંપરાઓ પિતાપુત્ર અને કુટુંબ સાથે સંકળાયેલા રહી. આથી એક કુલે પોતાના કુલગત વ્યવસાયરૂપે સંગીતકલાનો વિકાસ કર્યો ને એ કારણે જ આ પરંપરાને 'ઘરાના' એવું નામ મળ્યું, સંજ્ઞા મળી. આ પદ્ધતિએ સંગીતકલાના અભ્યાસને સઘન બનાવ્યો, એક નિશ્ચિત પદ્ધતિની પરિપાટીનો એમાં વિકાસ થયો. એક પ્રકારની વાડાબંધીએ શિસ્તનું, અનુશાસનનું મહત્ત્વ સિદ્ધ કર્યું ને એથી અંતે તો એકમાર્ગી પદ્ધતિમાં ઊંડાણ અને સઘનતા આવ્યાં. એનું લાક્ષણિક આગવું લક્ષણ બંધાતું અને દૃઢ થતું ગયું. આમ, ભારતીય રાગ-સંગીતના વિકાસમાં ઘરાનાનું યોગદાન તો મહત્ત્વપૂર્ણ જ બન્યું છે. પરંપરા જ રૂપ બાંધે છે, નિશ્ચિત ઘાટઘૂટ અને આકાર આપે છે. રાગ અને એની ભાવપૂર્ણ ઇમારત બાંધવામાં વિવિધ ઘરાનાનું જે યોગદાન છે તે તાલ તથા વાદ્યક્ષેત્રે પણ છે. કેટલાંક વાદ્યનો, એના વાદનનો વિકાસ પણ ઘરાનામાં થયો છે.

પરંતુ આધુનિક કાળની સંગીત-શિક્ષણ અને પસંદગીને કારણે ઘરાનાનું બંધન એ ચુસ્ત રહ્યું નથી અને કાળક્રમે અનેક ઘરાના લુપ્ત થશે, પરંતુ સંગીતક્ષેત્રે એણે જે સિદ્ધ કર્યું છે તે તો આધુનિક અને અનુકાલીન ભારતીય સંગીતનું આભૂષણ બનીને સ્થિર રહેશે એ નિઃશંક છે. અનેક ઘરાનાઓનાં ઉત્તમ તત્ત્વોનો સમન્વય થયો છે અને થતો રહેશે, તેમાંથી જ નવું સામ્પ્રત એવું સંગીત અને એની પરંપરા જન્મશે. પરંતુ સંગીત સ્વભાવે જ ગુરુમુખી વિદ્યા છે, એથી જે કલાગુરુ જે ઘરાનાનો હશે એના જ મુખ્ય સ્વરૂપને આગળ વધારતો રહેશે. એ રીતે આધુનિક સંગીતમાં પણ જે વૈવિધ્ય પ્રકટશે, તેના મૂળમાં તો આ ઘરાનાની પદ્ધતિ અને પરંપરા જ રહેશે. એક જ ઘરાના અને ગુરુની પરંપરાનું સંગીત આજે ટંકશાળી એટલે કે સાચા સિક્કાનું સંગીત કહેવાય છે. માત્ર મિશ્રણ તો ખોટા સિક્કા જેવું જ ગણાય, એમાં શંકા નથી. પ્રગતિ માટે વિવિધ ગુરુઓ હોઈ શકે છે, પરંતુ તે ગુરુ પણ તેમની વિશિષ્ટ એવી પરંપરામાં જ સાધના કરીને કલાસિદ્ધિ પામ્યા હોય છે. આથી પ્રકાર પ્રમાણે કોઈ એક કલાકાર એકથી વિશેષ એવા ગુરુઓની પરંપરામાં તૈયાર થાય છે, તેમાં પણ જે ગુરુ પાસેથી જે પરંપરા લીધી એનો જ સ્રોત આગળ વધારે છે. આમ, આધુનિક સંદર્ભે પણ ઘરાનાનું પ્રકારભેદ અને શૈલી પરત્વે અસ્તિત્વ તો રહે છે જ. તબલાની વાત કરીએ તો આજ પણ પંજાબી ઘરાના, દિલ્હી ઘરાના કે બનારસી ઘરાનાના જે ભેદ છે, એ દરેકની લાક્ષણિકતા છે તે તો વાદકમાં પારંપરિક રહી છે અને કોઈ પણ આજનો તબલાવાદક એક મુખ્ય ઘરાના પ્રમાણે જ વાદન કરે છે. આવું જ સિતાર જેવા વાદ્યમાં કે કંઠ્ય સંગીતમાં પણ જોઈ શકાય છે. કંઠ્ય શૈલીમાં ઘરાના ગાયકીરૂપે અને વાદનક્ષેત્રે બાજ તરીકે આજે પણ અસ્તિત્વ ધરાવે છે. (ક્રમશઃ)

સાહિત્યસંપર્ક

ડૉ.રામવિલાસ શર્માનું નિધન

હિન્દી સાહિત્યના શતાબ્દી પુરુષ ડૉ.રામવિલાસ શર્માએ દિલ્લી ખાતેના પોતાના આવાસમાં ૮૮ વર્ષની



વયે લાંબી માંદગી પછી તા. ૨૯-૫-૨૦૦૦-ની મધ્ય રાત્રિએ૧૨-૧૫ ક્લાકે દેહત્યાગ કર્યો છે. તેઓ માર્ક્સવાદી સમીક્ષક હતા તેમજ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સાહિત્યના ખ્યાતનામ વિદ્વાન લેખક પણ હતા. હજુ તો ત્રણેક દિવસ પૂર્વે જ દિલ્લીના મુખ્યમંત્રીશ્રીના હસ્તે હિન્દી અકાદમીએ તેમને અગિયાર લાખનો પુરસ્કાર આપીને 'શતાબ્દી પુરુષ' તરીકે સન્માન્યા હતા.

ડૉ.રામવિલાસ શર્મા તેમના વ્યક્તિત્વ અને પ્રદાનને કારણે સાચા અર્થમાં હિન્દી સાહિત્યક્ષેત્રે યુગપુરુષ હતા. તેમને શ્રદ્ધાંજલિ આપતાં જાણીતા માર્ક્સવાદી સમીક્ષક ડૉ.નામવરસિંહે કહ્યું, 'ડૉ.શર્મા મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનની જેમ જ્ઞાનના વિશ્વકોશ હતા. તેઓ હિન્દીના સ્વાભિમાનના પ્રતીક હતા!' હિન્દી સાહિત્ય, ભાષા-વિજ્ઞાન તથા ઇતિહાસ, સંસ્કૃતિ અને વિશ્વ-રાજનીતિ પરત્વે તેમણે પ્રકટ ચિંતન પણ કરેલું. આ વિષે એમણે ખૂબ જ લખ્યું તેમજ ગાંધીવિચારક્ષેત્રને પણ તેમણે સ્વયં માર્ક્સવાદી હોવા છતાં પોતાનાં વિચાર અને લખાણોથી આવકારેલું. આ અવસાન અંગે ગાંધી-વિચારના પુરસ્કર્તા તથા શરદબાબુની આત્મકથા 'આવારા મસીહા'ના લેખક શ્રી વિષ્ણુ પ્રભાકરે કહ્યું, 'હિન્દી સાહિત્યમાં આમના જેવો સાધક હવે મળવો મુશ્કેલ છે.' પોતાના જીવનની અંતિમ ક્ષણો સુધી તેઓ એક સાધક તરીકે શબ્દશિલ્પી બનીને સાહિત્ય-સમાજને કંડારતા જ રહેલા.

ઉત્તર પ્રદેશના ઉન્નાવ (ઉંચગાવસાની) નામક ગામમાં ૧૦મી ઑક્ટોબર ૧૯૧૨માં જન્મેલા ડૉ.રામવિલાસ શર્મા ૧૯૩૪માં લખનઊ વિશ્વ વિદ્યાલયમાંથી અંગ્રેજી વિષય સાથે એમ.એ. થયા હતા. એ જ વર્ષે 'ચાંદ' નામક સામયિકમાં નિરાલા-વિષયક સમીક્ષાત્મક લેખ દ્વારા તેમણે પોતાની લેખન કારકિર્દીનો આરંભ કર્યો અને પોતાનાં લાગલગાટ ૬૬ વર્ષનાં લેખનકાર્ય દ્વારા તેમણે પચાસથી પણ વધારે નોંધપાત્ર પુસ્તકો લખ્યાં. લખનઊ વિશ્વ વિદ્યાલયમાંથી એમણે અંગ્રેજી વિષયમાં પીએચ.ડી.ની પદવી મેળવી અને એ જ વિશ્વ વિદ્યાલયમાં થોડોક સમય અંગ્રેજીના અધ્યાપક તરીકે પણ રહેલા.

કવિ નિરાલાના તેઓ સાથીદાર અને ૧૯૩૪માં તો તેમની સાથે પણ રહેતા. આ એ સમય હતો જ્યારે હિન્દી સાહિત્ય-ક્ષેત્રે નિરાલાની ધરાર ઉપેક્ષા કરવામાં આવતી હતી. ૧૯૩૮થી '૪૩ સુધી લખનઊ યુનિવર્સિટીમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે કામ કર્યા પછી તેઓ આગ્રાની બલવંત રાજપૂત કૉલેજમાં ૧૯૭૧ સુધી અંગ્રેજી વિભાગના અધ્યક્ષ તરીકે રહ્યા.

હિન્દીના ઘણા લેખકોની જેમ ડૉ.શર્માએ શ્રીગણેશ તો કવિતાથી જ કર્યા હતા તથા 'તારસપ્તક'માં તેમનાં કાવ્યોને સ્થાન મળેલું. છતાં ગદ્યક્ષેત્રે 'નિરાલા કી સાહિત્ય સાધના'થી જે આરંભ કર્યો તે પ્રવાહ માર્ક્સવાદી, ગાંધીવાદી, વેદોપનિષદ, ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિ વગેરે પર તેમનો ચિંતન-પ્રવાહ સતત છ દસકાથી પણ વધારે સમય સુધી ચાલતો જ રહ્યો. 'પ્રેમચન્દ ઔર ઉનકા યુગ', 'નિરાલા' (૧૯૪૮), 'ભારતેન્દુ હરિશ્ચન્દ્ર', 'પ્રગતિ ઔર પરંપરા', 'ભાષા, સાહિત્ય ઔર સંસ્કૃતિ' (૧૯૪૮), 'ભાષા ઔર સમય' (૧૯૬૧), 'ભારત કે પ્રાચીન ભાષા-પરિવાર ઔર હિન્દી', 'ભારત મેં અંગ્રેજી રાજ ઔર માર્ક્સવાદ', 'પશ્ચિમી એશિયા ઔર ઋગ્વેદ', 'ભારતીય સંસ્કૃતિ ઔર હિન્દી પ્રદેશ' તથા 'અપની ધરતી અપને લોગ' જેવાં પુસ્તકોએ ડૉ.શર્માને હિન્દી અને ભારતીય સાહિત્યમાં યુગપુરુષ તરીકે ધ્યાનાર્હ સ્થાન અપાવ્યું.

ડૉ.રામવિલાસ શર્મા આજીવન માર્ક્સવાદી રહ્યા અને એ જ પ્રકારે જીવ્યા. 'સાહિત્ય અકાદમી પુરસ્કાર', 'સલાકા-સન્માન', 'ભારત-ભારતી સન્માન', 'વ્યાસ પુરસ્કાર' અને તાજેતરમાં અગિયાર લાખની રકમ દ્વારા 'શતાબ્દી સન્માન' પણ તેમને અર્પણ કરવામાં આવ્યું. તેમણે પ્રત્યેક વેળાએ સન્માનને વિનમ્રતાથી સ્વીકાર્યું, છતાં પ્રત્યેક વખતે મળતો આર્થિક પુરસ્કાર ત્વરિત તેમણે સાક્ષરતા અભિયાનમાં, હિન્દી સેવામાં કે પુસ્તકાલયો અને સંગ્રહાલયોને અર્પણ કરવામાં જ સંતોષ માન્યો.

'સમાલોચક' તથા 'લોકયુદ્ધ' જેવાં પાક્ષિક સામયિકનું સંપાદન પણ ડૉ.શર્માએ કરેલું. આમ, સાહિત્યની વાત આવે ત્યારે સમીક્ષક, સંશોધક અને ચિંતક બનીને સાહિત્યક્ષેત્રે તેઓ કલમ ચલાવતા રહ્યા. જ્યારે આ બધાંના પ્રત્યક્ષ-પરોક્ષ પ્રકારે તેમનું આર્થિક વળતરમાં સન્માન કરવામાં આવતું ત્યારે એક અકિંચન અનાસક્ત સંતની જેમ તત્ક્ષણે તે પુરસ્કારનું દાન જ કરી દેતા! આચાર્ય રામચન્દ્ર શુક્લ અને ડૉ.હજારીપ્રસાદ દ્વિવેદી જેવા જ સમર્થ છતાં આગવા મૌલિક સાહિત્યકાર ડૉ.રામવિલાસ શર્માએ કરેલી હિન્દી સાહિત્યની સેવા તો એક તપસ્વીની યાદ અપાવે તેવી છે. - ડૉ.રજનીકાન્ત જોશી

ગુરદયાલસિંહને જ્ઞાનપીઠ પુરસ્કાર

આ વર્ષનો જ્ઞાનપીઠ એવૉર્ડ હિંદી સાહિત્યકાર નિર્મલ વર્મા (જન્મ : ૩-૪-૧૯૨૯) અને પંજાબી લેખક ગુરદયાલસિંહ (જન્મ : ૧૦-૧-૧૯૩૩)ને

સંયુક્ત રીતે આપવાની જાહેરાત થઈ છે. નિર્મલ વર્મા વિદેશોમાં ફર્યા છે, રહ્યા છે અને અંગ્રેજી ભાષામાં પણ લખ્યું છે. જ્યારે ગુરદયાલસિંહ પોતાના કુટુંબના નાનકડા ગામ જૈતુ મંડીમાં જ કાયમી વસવાટ કરી રહ્યા છે અને ભટીંડાથી આગળ ગયા જ નથી. નિર્મલ સામ્યવાદી પક્ષના સભ્ય પણ બનેલા અને પછી નિર્ભ્રાંત થઈ તેમાંથી નીકળી પણ ગયા. જ્યારે ગુરદયાલસિંહ ખાસ કરીને દલિત-પીડિત-અછૂત-અભાવગ્રસ્ત સમાજને પોતાના સાહિત્યમાં રજૂ કરે છે, પરંતુ સામ્યવાદી વિચારધારાના કે પ્રતિબદ્ધતાના તેઓ દાવેદાર નથી. હિંદુ ધર્મની જ્ઞાતિપ્રથા અન્ય ધર્મોને પણ આભડી ગઈ છે. આપણે એમ સમજીએ છીએ અથવા ક્યારેક એવું કહેવામાં આવે છે કે મુસ્લિમ કે શીખ ધર્મમાં જ્ઞાતિમૂલક વાડા નથી પરંતુ હકીકતમાં એવું નથી. આ લેખક પણ એવી અછૂત મનાતી 'રામગરિયા શીખ' જ્ઞાતિમાં ગણાયા છે અને આવા નકારાત્મક લેબલવાળા 'મજહબી શીખો'એ ગુજારેલાં વીતકોને પોતાના સાહિત્યમાં વર્ણવે છે.

નિર્મલ વર્માને આ પારિતોષિક પ્રાપ્ત થાય છે ત્યારે તેમની યોગ્યતા વિશે કોઈ વિવાદ નથી જ્યારે ગુરદયાલસિંહનાં પ્રદાન અને યોગ્યતા વિશે થોડા સવાલો ઉઠાવાયા હોવાના અહેવાલ છે. જોકે અઢાર વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ પંજાબી ભાષાને આ સન્માન મળ્યું છે. વળી, છેક ૧૯૭૫માં કેન્દ્રિય સાહિત્ય અકાદમીનો એવૉર્ડ એમની નવલકથા 'અધ ચાંદની રાત'ને મળી ચૂક્યો છે. નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા લેખકની પ્રથમ નવલ 'મારહી દા દીવા' (૧૯૬૪)નું ભારતીય ભાષાઓમાં ભાષાંતર પ્રકટ થયું છે. રશિયન અને અન્ય વિદેશી ભાષાઓમાં પણ ગુરદયાલસિંહની કૃતિઓ અનૂદિત થઈને પહોંચી છે.

મજાની વાત એ છે કે ગરીબ સુથારનો આ પુત્ર પહેલી પેઢીનો ભણનારો છે. તેમના પિતા નિરક્ષર હતા. છતાં, જ્ઞાનપીઠ સુધીની યાત્રા ગુરદયાલસિંહે સિદ્ધ કરી છે એ જરૂર ગૌરવપ્રદ કહેવાય. બાપીકા વ્યવસાયમાં પડી રહેવાનું તેમણે નાકબૂલ કર્યું. તેર વર્ષની ઉંમરે તો તેમને પરણાવી દીધેલા. શિક્ષક મદનમોહન શર્માની પ્રેરણાથી તેઓ આગળ વધ્યા. ભણીને શિક્ષક થયા અને પછી ફરીદકોટમાં અધ્યાપક થયા. સમજી શકાય છે કે તેઓ જે વર્ગમાં ઊછર્યા તેને લીધે તેમને પ્રેમચંદ, ચેખોવ, ગોર્કી, સ્ટાઇનબેક, હેમિંગ્વે જેવા લેખકોની કૃતિઓમાં જ વધુ રસ પડ્યો. વ્યથાનાં વીતકોનાં વર્ણન કરતાં કરતાં તેઓ આ દલિત સમાજના ઉદ્ધારનાં વર્ણનો સુધી પોતાની કૃતિઓમાં ગયા છે. તેમણે પોતાની કૃતિઓ પંજાબીની એક પ્રાદેશિક બોલી 'માળવી'માં જ રચી છે. આ માળવા વિસ્તાર મધ્યપ્રદેશનો નહીં પણ પંજાબનો પછાત વિસ્તાર છે.

૧૯૫૨થી તેઓ લેખન પ્રતિ વળ્યા, પરંતુ ૧૯૫૭માં સામયિક 'પુંજદરિયા'ના સંપાદક-કવિ મોહનસિંઘે તેમની ટૂંકીવાર્તા 'ભાગનવાલે' છાપી ત્યારથી તેમનો સાહિત્યક્ષેત્રે ખરો પ્રવેશ થયો અને વાચકોની નજરમાં તેઓ આવ્યા. તેમની કૃતિઓનાં કથાવસ્તુ જોતાં ઉત્તર બિહારની બોલીમાં વાર્તા-નવલકથા લખનારા ફણીશ્વરનાથ રેણુની તેઓ યાદ અપાવે છે.

નિર્મલ વર્માની 'માયાદર્પણ' વાર્તા પરથી કુમાર સાહનીએ ફિલ્મ બનાવેલી તે જ રીતે 'મારહી દા દીવા' નવલ પરથી દિગ્દર્શક સુરિન્દરસિંઘે નવ-વાસ્તવવાદી કલાફિલ્મ પંજાબમાં ઉતારી, જેને રાષ્ટ્રિય પ્રશંસા સાંપડી હતી. પછીથી તે હિન્દીમાં પણ રજૂ થઈ હતી.

અસમાનતા, અન્યાય, શોષણ, અમાનવીય આતંક વગેરે બાબતો તેમની કથાઓમાં મુખ્ય છે તે રીતે તેઓ ગુજરાતી દલિત સાહિત્યની નજદીક જણાય છે. ખેતમજૂર અને ખેડૂતના સંબંધો અને સંઘર્ષો વિશેનું તળપદ નિરૂપણ 'મારહી દા દીવા'માં મુખ્ય છે.

'પારસા' અને 'અન્ને ઘોરે દા દાન' તેમની બીજી જાણીતી નવલકથાઓ છે. પારસા નામનો નાયક પોતાના નક્સલ-વાદી પુત્રની પોલીસથાણામાંની નૃશંસ હત્યા પછી પણ આંસુ સારતો નથી, લડી લે છે એવું કથાનક આ કૃતિમાં નિર્મમતાથી નિરૂપાયું છે

અંગ્રેજી પાક્ષિક 'ફ્રન્ટલાઇન'માં સાહિત્યકાર વિષ્ણુ ખરેએ આ બે લેખકોમાંનાં સામ્ય અને વૈવિધ્ય યા તો વૈષમ્યની રસપ્રદ ચર્ચા કરી છે. તેમની શૈલી, કથાવસ્તુ અને વિચારધારા તદ્દન ભિન્ન છે, પરંતુ તેમના સર્જનાત્મક ઉન્મેષો, પ્રયાસો એકબીજાને પૂરક છે અને ભારતને અથવા કોઈ પણ સમાજને નિર્મલ અને ગુરદયાલ બંનેની જરૂરત છે એવું તેમનું તારણ છે. અંગ્રેજી સાપ્તાહિક 'આઉટ-લૂક'માં શોમા ચૌધરીએ નિર્મલ વિશે વધુ અને ગુરદયાલ વિશે અતિ મર્યાદિત લખાણ કર્યું છે.

મને ઘણી વાર એવું લાગ્યા કરે છે કે આપણે વિદેશી સાહિત્યકારોને વધુ વાંચીએ છીએ, તેમના વિશે વધુ જાણીએ છીએ. પરંતુ પ્રાદેશિક સાહિત્ય વિશે જાણવા જેટલું પણ બહુ ઓછા જાણે છે. આ સ્વદેશી-વિદેશીનો મુદ્દો નથી, પરંતુ વિવિધ ભાષા-સાહિત્ય માટેનાં આવાં રાષ્ટ્રિય પારિતોષિકો આપણને આપણી આવી મર્યાદાઓ વિશે સભાન કરે છે. જાગ્રતિ માટેનું આ નિમિત્ત છે. આપણા સમાજ વિશે વિવિધ પ્રદેશોમાં રચાતાં સાહિત્યમાં આપણને સવિશેષ રસ પેદા થવો જ જોઈએ અને માત્ર ટીલાં-ટપકાંના કર્મકાંડથી તે પૂરો ન થઈ જવો જોઈએ એવી આશા રાખવી અસ્થાને નહીં જ ગણાય. સાહિત્યની સંસ્થાઓ અને સામયિકો આ કામગીરી કરી શકે. વિવિધ પ્રદેશનાં સાહિત્ય વિશે નિયમિતપણે સામગ્રી મળતી રહે અને ગતિવિધિની જાણ થતી રહે એવી વ્યવસ્થા તેઓએ વિના વિલંબે ઊભી કરવી રહી.

– ડંકેશ ઓઝા ('પરબ'માં l)

નિર્મલ વર્માને જ્ઞાનપીઠ પુરસ્કાર

આધુનિક ભારતીય હિન્દી ભાષાક્ષેત્રે નવીન સંવેદનાઓના વાહક વાર્તાકાર શ્રી નિર્મલ વર્માને અને પંજાબી ભાષા-



ક્ષેત્રે ગ્રામજીવનના નવલકથાકાર ગુરુદયાલ સિંહને આ વર્ષે સંયુક્તપણે જ્ઞાનપીઠ પુરસ્કાર જાહેર કર્યો છે.

નિર્મલ વર્મા જીવનના શાશ્વત પ્રશ્નો નિયતિ, મૃત્યુ, સુખ-દુઃખ, પૂર્વ-પશ્ચિમની દ્વન્દ્વાત્મક સભ્યતાની ગાથા, ભારતીયતા, ક્યારેક માર્ક્સવાદ તો ક્યારેક વિવેકાનંદ અને શ્રી અરવિન્દચિંતન પોતાના લેખનમાં પ્રસ્તુત કરે છે. સવિશેષ તો તેઓ પોતાની બધી જ કથાઓમાં ભારતીય આત્માનું ચિંતન કરતા જોવા મળે છે. આઝાદીનાં પચાસ વર્ષ આ દેશે પસાર તો કરી નાખ્યાં, પણ હજુ આજે પણ યુરોપીય સંસ્કારની પકડમાંથી ભારત બહાર આવી શક્યો નથી. તેઓ પોતાની દેશ પરત્વેની ચિન્તનાત્મક વ્યથા પોતાનાં નિબંધો તથા નવલકથા અને સંસ્મરણોમાં પ્રસ્તુત કરે જ છે, છતાં તેમની ખ્યાતિ હિન્દીના એક સમર્થ વાર્તાકાર તરીકેની વધારે છે.

તેમનું પ્રદાન નવલકથા, વાર્તાઓ, પ્રવાસ, સંસ્મરણો અને ડાયરી, નિબંધ તથા અનુવાદક્ષેત્રે ભર્યું ભર્યું છે. તેમના વાર્તાસંગ્રહો છે : 'પરિંદે' (૧૯૫૯), 'જલતી ઝાડી' (૧૯૬૫), 'પિછલી ગર્મિયોં મેં' (૧૯૬૮), 'બીચ બહસ મેં' (૧૯૭૩), 'મેરી પ્રિય કહાનિયાં' (૧૯૭૩), 'કવ્વે ઔર કાલા પાની' (૧૯૮૩), 'પ્રતિનિધિ કહાનિયાં' (૧૯૮૮), 'સૂખા તથા અન્ય કહાનિયાં' (૧૯૯૫). તેમની નવલકથાઓનાં શીર્ષકો છે : 'વે દિન' (૧૯૬૪), 'લાલ ટીન કી છત' (૧૯૬૪), 'એક ચિથડા સુખ' (૧૯૭૯), 'રાત કા રિપોર્ટર' (૧૯૯૮) અને 'અંતિમ અરણ્ય' (૨૦૦૦). તેમના નિબંધસંગ્રહો છે : 'શબ્દ ઔર સ્મૃતિ' (૧૯૭૬), 'કલા કા જોખિમ' (૧૯૮૧), 'ઢલાન સે ઉતરતે હુવે' (૧૯૮૫), 'ભારત ઔર યૂરોપ : પ્રતિશ્રુતિ કે ક્ષેત્ર' (૧૯૯૧), 'ઇતિહાસ સ્મૃતિ આકાશ' (૧૯૮૧), 'શતાબ્દી કે ઢલતે વર્ષોમેં' (૧૯૯૫), 'દૂસરે શબ્દો મેં' (૧૯૯૭) અને 'પથ્થર ઑર બહતા પાની' (૨૦૦૦). આ ઉપરાંત અનુવાદક્ષેત્રે પણ તેમનું પ્રદાન ધ્યાનાર્હ કહી શકાય એવું છે. 'કુંપ્રિન કી કહાનિયાં' (૧૯૫૫), 'રોમિયો જૂલિયેટ ઔર અંધેરા' (૧૯૬૪), 'કારેલ ચૉપેક કી કહાનિયાં' (૧૯૬૬), 'ઇતને બડે ધબ્બે' (૧૯૬૬), 'ઝોંપડીવાલે' (૧૯૬૬), 'બાહર ઔર પરે' (૧૯૬૭), 'બચપન' (૧૯૭૦), 'આર યૂ આર' (૧૯૭૨) તથા 'એમેકે એક ગાથા' (૧૯૭૩). આમ, અંદાજે આ સર્જકે ૮ વાર્તા-સંગ્રહો, ૫ નવલકથાઓ, ૮ નિબંધ-સંગ્રહો તથા ૯ જેટલા અનુવાદ ગ્રન્થો આપ્યા છે.

ત્રીજી એપ્રિલ ૧૯૨૯ના રોજ સિમલામાં જન્મેલા નિર્મલ વર્મા દિલ્હીની સેંટ સ્ટીફન્સ કૉલેજમાંથી ઇતિહાસ વિષય લઈને એમ.એ. થયા છે. ૧૯૫૯થી ૧૯૬૬ સુધી તેઓ ઝેકોસ્લોવેકિયાના પ્રાગ શહેરમાં પ્રાચ્ય વિદ્યાસંસ્થામાં રહેલા તથા ઝેક નવલકથાઓ અને વાર્તાઓના અનુવાદો કર્યા છે. ૧૯૭૩માં તેમની વાર્તા 'માયા દર્પણ' પર ફિલ્મ બનેલી અને તેને સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો પુરસ્કાર પણ મળેલો. ૧૯૮૫માં દિલ્હીની કેન્દ્રિય સાહિત્ય અકાદમીએ તેમના વાર્તાસંગ્રહ 'કવ્વે ઔર કાલા પાની'ને પુરસ્કાર આપેલો તેમજ એ જ વર્ષે તેમને 'ભારત અને યૂરોપ : પ્રતિશ્રુતિ કે ક્ષેત્ર' માટે મૂર્તિદેવની પુરસ્કાર મળેલો. ૧૯૮૯માં તેમનું ઉત્તર પ્રદેશ-હિન્દી સંસ્થાનના પુરસ્કાર તથા ભારતીય ભાષા પરિષદ દ્વારા કન્હૈયાલાલ સેઠિયા પુરસ્કારથી સન્માન કરવામાં આવેલું.

નિર્મલ વર્મા પોતાના આરંભિક કાળમા પ્રગતિશીલ વિચારધારા ધરાવતા હોવાને કારણે તેમજ એક લેખકીય ધર્મના નાતે પણ તેમણે ભારતીય માનવની આંતરબાહ્ય સંઘર્ષની સ્થિતિનું સુપેરે ચિત્રણ ખૂબ જ સુંદર રીતે કરી જાણ્યું છે. જાણે પોતે પશ્ચિમી સંસ્કૃતિના વિરોધી હોય એ કક્ષાએ જઈને તેમણે પોતાના કથા સાહિત્યમાં ભારતીય ચિંતનનો આર્તનાદ વ્યક્ત કર્યો છે. માણસ પૂર્ણ બને, ખંડિત નહીં; ભારતીય બને, પશ્ચિમી નહીં અને સત્ત્વશીલ બને સત્ત્વહીન નહીં - એવી એમની અભિવ્યક્તિ વારે વારે આપણને તેમના સાહિત્યમાં વાંચવા મળે છે.

ઉપરાંત, એ પણ પ્રકટ જ છે કે તેઓ ઇતિહાસના પ્રખર અધ્યેતા છે, આથી ભલે તેઓ હિન્દીના પ્રખર વાર્તાકાર, નવલકથાકાર અને નિબંધલેખક તરીકે ખ્યાતિમાન બન્યા હોય છતાં તેમની પ્રાચીન અને ઇતિહાસ સંસ્કારની દૃષ્ટિ તેમના સાહિત્યમાં ઊપસી આવે છે. પરિણામે સમય જતાં તેઓ અંતે માર્ક્સવાદને તો ફગાવી જ દે છે છતાં આગળ જઈને તેઓ ભારતીય ધર્મ અને ધર્મક્ષેત્રે તથા ધર્મપ્રવૃતિ પાછળ ઘેલાં તો નથી જ થતા.

નિર્મલ વર્માને તેમના ચિંતનશીલ પ્રદાનને કારણે ક્યારેક ભારતના નિત્શે તરીકે ઓળખાવવામાં આવે છે. તેમને નિત્સેનું વિશેષણ વળગાડવા કરતાં આધુનિક ભારતીય સર્જકોમાં એક દાર્શનિક સર્જક કહેવા વધારે સાર્થક ગણાશે. આમ, નિર્મલ વર્માનું સાહિત્ય એટલે જે જોયું, જાણ્યું અને ભારતીય પરિપ્રેક્ષ્યે માર્ગદર્શક બન્યું તે. વળી, નિયતિ, મૃત્યુ, સુખ-દુઃખ જેવી જીવન-મીમાંસાઓ કક્ષાની ભારતીયતાની પરિભાષાને આલોચિત કરનાર નિર્મલ વર્માને જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત થતાં આ વિચારધારાનો વિશેષ બહોળો પ્રચાર પણ સાર્થક બનશે જ.

- ડૉ. રજનીકાન્ત જોશી

પુ.લ.નું નિધન

મૂર્ધન્ય મરાઠી લેખક, ચાર્લી ચેપ્લિન કે માર્સેલ માર્સુની કોટિના પરફોર્મર,



નાટક અને સિનેમાના કસબી દિગ્દર્શક, વિશિષ્ટ હાર્મોનિયમવાદક, બહુશ્રુત સંગીતજ્ઞ, ઉત્તમ વક્તા અને સામાજિક નિસબત ધરાવતા દાતા એવા પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડેનું ૧૨ જૂને બપોરે ૧-૨૨ કલાકે પ્રયાગ હૉસ્પિટલમાં ૮૧ વર્ષની ઉંમરે પૂનામાં ચાર દિવસની ટૂંકી માંદગી બાદ અવસાન થયું.

પુ.લ. એવા લોકપ્રિય ટૂંકા નામથી મહારાષ્ટ્રભરમાં 'હાઉસહોલ્ડ નેમ' બનેલા પુ.લ. દેશપાંડે માત્ર મહારાષ્ટ્રના જ નહીં, પણ સમગ્ર દેશ અને દુનિયાનાં મરાઠી વાચકોના એક પ્રિય લેખક છે. વર્ણન કરવામાં આવે તો અતિશયોક્તિ લાગે એવી તેમની અદ્વિતીય લોકપ્રિયતા સ્વતંત્ર લેખનો વિષય છે.

પદ્મભૂષણ, કાલિદાસ સન્માન, સાહિત્ય અકાદમી પુરસ્કાર, સંગીત નાટક અકાદમીની ફેલોશિપ અને રવીન્દ્રભારતી તેમજ પૂના યુનિવર્સિટીની માનદ્ ડી.લિટ્.ની પદવીઓ ઉપરાંત પુ.લ.ને આપવામાં આવેલાં સન્માનોની યાદી ઘણી લાંબી થાય તેમ છે.

મુંબઈના ગિરગાવેં પરાની કૃપાળ હેમરાજ ચાલમાં ૮ નવેમ્બર ૧૯૧૯ના રોજ સાધારણ કુટુંબમાં જન્મેલા પુ.લ.ના ઘડતરમાં વિલે પારલેમાં વીતેલા તેમના બાળપણનો મોટો ફાળો છે. તેમણે કારકિર્દીની શરૂઆત મરાઠી ચલ-ચિત્રસૃષ્ટિમાં લેખન, દિગ્દર્શન, સંગીત અને અભિનયનાં કૌશલ્યોથી કરી. ત્યાર બાદ મરાઠી સાહિત્ય સાથે એમ.એ. થઈને તેમણે કેટલોક સમય બેળગાવમાં અધ્યાપક તરીકે નોકરી કરી. તેમણે એલએલ.બી.ની ઉપાધિ પણ મેળવેલી ને કારકુનીથી શરૂ કરી અધ્યાપકીય કારકિર્દી સુધી પહોંચેલા. પછી તેમણે પૂના, મુંબઈ અને દિલ્હીમાં આકાશવાણીમાં નોકરી કરી. 'યૂનેસ્કો'ની શિષ્યવૃત્તિ હેઠળ બી.બી.સી. દ્વારા બ્રોડકાસ્ટિંગ અને ટેલિવિઝન માટેની તાલીમ પામનારા તેઓ પહેલા ભારતીય હતા. ભારતના દૂરદર્શનના પહેલા નિર્માતા તરીકે પહેલો કાર્યક્રમ રજૂ કરવાનું માન પણ પુ.લ.ને ફાળે જાય છે. બંગાળી ભાષા શીખવા તે થોડો સમય શાન્તિનિકેતન ગયેલા અને બંગાળી સંસ્કૃતિ તથા રવીન્દ્રનાથના પ્રદાનથી ખૂબ પ્રભાવિત થયેલા. પુ.લ.ની તમામ સિદ્ધિઓમાં તેમનાં વિદ્વાન, વ્યવહારદક્ષ અને કર્તવ્યદક્ષ પત્ની સુનીતા દેશપાંડેના અનન્ય યોગદાનની પણ નોંધ લેવી ઘટે.

પુ.લ.નાં પચાસથી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેમાં વ્યક્તિચિત્રો, પ્રવાસવર્ણનો, નાટકો, હાસ્યલેખો, પ્રાસંગિક પ્રવચનો અને અનુવાદોનો સમાવેશ થાય છે. કારુણ્યની કોર સાથેનું નિર્દોષ, માનવીય અને સહજ હાસ્ય તેમના લેખનની એક મુખ્ય લાક્ષણિકતા છે. તો ધારદાર નિરામય વ્યંગકટાક્ષ એમની બીજી વિશેષતા ગણાય. માણસનાં વર્તન, સ્વભાવ અને તેની જીવનરીતિના તેઓ દૃષ્ટિપૂર્ણ નિરીક્ષક છે. તેમના લેખનમાં ક્યાંય દુર્બોધતા નથી. સાથે તેઓ એક શૈલીકાર પણ છે.

પુ.લ.ના લેખનમાં જોવા મળતી ઊંડી સામાજિક-સાંસ્કૃતિક નિસબત અને કૃતજ્ઞતા તેમના જીવનમાં પણ જોવા મળે છે. લેખક અને પરફૉર્મર તરીકેની તેમની કમાણીમાંથી તેમણે તદ્દન નિરપેક્ષ ભાવે ૭૫ લાખ જેટલા રૂપિયાનું દાન કર્યું છે! તેમની પાસેથી સહાય મેળવનારી સંસ્થાઓમાં બાબા આમટેનું 'આનંદવન', પૂનાનું વ્યસનમુક્તિ કેન્દ્ર 'મુક્તાંગણ', અંતરિયાળ વિસ્તારોમાં કામ કરતી વિજ્ઞાનપ્રસારક સંસ્થાઓ, હૉસ્પિતાલો, ગ્રંથાલયો વગેરેનો સમાવેશ થાય છે. પુ.લ. જેવા વિરલ લેખકને જ્ઞાનપીઠ પુરસ્કાર મળવો જોઈતો હતો.

- સંજય શ્રીપાદ ભાવે

—— અવલોકન ——

આવતી કાલની અટારીએ

એકવીસમી સદી આવી રહી છે ત્યારે સાથે તન, મન અને યૌવનના રોગો પણ લાવી રહી છે : તણાવ, ઉન્માદ, બેચેની, અજંપો અને અનિદ્રા ઇત્યાદિ. વર્તમાનપત્રો દ્વારા પ્રકટ થતા વ્યાવસાયિક દૃષ્ટિબિન્દુમાં લખાણોની જેટલી જરૂર આપણી યુવાપેઢીને છે તે કરતાંય ક્યાંય વધારે અનિવાર્યતા ઉપર્યુક્ત તકલીફોના મૂળમાં અને એના માનસિક બલકે આધ્યાત્મિક નિરાકરણમાં તેને છે - મેથ્યૂ આર્નલ્ડ આજે પણ એટલા જ સાચા છે કે કવિતા દ્વારા આધ્યાત્મિકતા હવે જીવનની એકમાત્ર કેડી બચી છે; સ્વામી ગુરુમાઇ આ પુસ્તકમાં - **અંતર ઉત્સાહનો વૈભવ** - આવી આધ્યાત્મિકતાને સામાન્ય નાગરિકની રોજબરોજની ક્ષણો સંદર્ભે તપાસે છે અને તારવે છે.

કેટલીક કુટેવો જીવનના ઉત્સાહને સૂકવી નાખે છે, એનાં મૂળિયાં સ્વામિ ચિદ્વિલાસાનંદ ગ્રંથિઓમાં જુએ છે : બ્રહ્માગ્રંથિ, જ્યારે શક્તિ (અજાતિ, શિવ અને શક્તિનો એક છેડો)ને અવરોધે છે ત્યારે મનુષ્ય સતત સામે દીવાલ હોય એવો અનુભવ કરે છે, વિષ્ણુગ્રંથિ, એને કારણે સતત ખિજાતા એ અનુભવે છે અને જીવનમાં રસરુચિ રહેતાં નથી, રુદ્રગ્રંથિને પરિણામે મનુષ્ય હાલેચાલે છે ત્યારે સતત ભારે બોજનો અનુભવ

કરે છે અને કહેતો ફરે છે - હું શું કરું? આ અવરોધ ભેદાય કેવી રીતે? એની વાત કુંડલિની બહુ મોટો શબ્દ છે, પરંતુ નાનો માણસ પણ નાભિ પાસે એ લઈને ફરે છે અહીં પરંપરામાંથી રજૂ થઈ છે, રજૂઆતમાં મિત્રતુલ્ય વાતચીત સંભળાય છે. એ તાજગીભર્યા વ્યક્તિત્વની વિશેષતા છે. બને, લેખક કહે છે તેમ, ગ્રંથિઓ ભેદાય ત્યારે તાવ આવે, બેચેની લાગે, શરીર હાલકડોલક થાય, જૂના પ્રભાવો યાદ આવે, વગેરે. પરંતુ આ પ્રક્રિયા શુદ્ધિકરણની લાગશે, થોડી ધૂળ ઊડે, કચરો સાફ થાય એવું. પરંતુ પરિણામ સ્વરૂપે ઉત્સાહના ઝરણામાં આપણે સરકતા હોઈએ, ન્હાવાધોવાની ઘટના તો પછીથી આવે, એવી અનુભૂતિની ઝંકૃતિ આ પુસ્તકનાં ચુનંદાં પ્રકરણો આપમેળે કરાવે છે. ઉપરનું એકમાત્ર પ્રકરણ 'ઉત્સાહનું ઝરણું' (પૃ.૨૯થી૪૯) પણ નવી પેઢીનો યુવાન ધ્યાન આપીને વાંચે-વિચારે તો બાકી પ્રકરણો એની મેળે વંચાઈ જશે એવું કહેવાની રજા લઉં.


સિદ્ધિયોગ પરંપરાનો પરિચય આપવાનું આ સ્થાન નથી. મને એવો અધિકાર પણ નથી. કાશ્મીરી શૈવમત અંગેના કેટલાક મુદ્દાઓનાં નવાં દૃષ્ટિબિન્દુઓ અહીં જોવા મળ્યાં. એની ચર્ચા અધિકૃત ઢબે પરંતુ ઉદાહરણાત્મક શૈલીમાં સ્વામીચિદ્-વિલાસાનંદના શ્રીમુખે (અર્થાત્ આર્ય પરંપરાનાં શાસ્ત્રોના ઉદ્ગાતારૂપે) આ પુસ્તકમાં થઈ છે. મનોચિકિત્સકોના મુદ્દાઓ લઈ વ્યાપારી ઢબે આ ખરીદો, તે લઈ લો - ઢબે નહિ, આ દોરો, પેલું તાવીજ, અમુક વિધિ ગ્રહણ કરો તો જ - એવો આગ્રહ પણ નહિ પરંતુ આશ્રમજીવનના વાતાવરણમાં કોયલ ટહુકતી હોય એવા મધુર શબ્દો દ્વારા કંઈક મિત્રસંમિત ગોષ્ઠી થઈ રહી છે એવો આસ્વાદ મેળવવો હોય, ચોક્કસ ધ્યેય અને ધારણાસહિત, તો આ પુસ્તકનાં કેવળ પાનાં જ ફેરવો ને બાકીનું કાર્ય લખાણ દ્વારા અભિવ્યક્તિ ઉપાડી લેશે. આવતી કાલના નાગરિકો ભલે અગાસીએ ફરતાં ફરતાં આ વાંચે! [પ્રકાશક : સિદ્ધયોગ ધ્યાન પ્રકાશન, ચિતશક્તિ પબ્લિકેશન્સ, ચેન્નાઈ; ચિતશક્તિ બુક સ્ટોર, ગુરુદેવ સિદ્ધપીઠ, પો.ઓ. ગણેશપુરી ૪૦૧૨૦૬ (જિ.થાણા-મહારાષ્ટ્ર) ડિમાઇ સાઇઝ, પૃ.૨૨૨, રૂ.૭૦.] - હરીશ વિ. પંડિત

પ્રાપ્ત પ્રકાશનો

ગુજરાત સાહિત્ય અકાદમી (જૂની વિધાનસભા ભવન, ત્રીજે માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર - ૩૮૨૦૧૭ પ્રકાશનો : **ચૂંટેલી કવિતા : સુંદરમ્** (કાવ્યસંગ્રહ) ચયન : ચંદ્રકાન્તભાઈ શેઠ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૯૬, રૂ.૫૦. **કાશ્મીરનો પ્રવાસ અને સંવાદો** : રચયિતા : સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ - 'કલાપી', સંપાદક : રમેશ મ. શુક્લ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૪૬, રૂ.૭૦. **કલાપીના સ્વીડનબોર્ગીય ગ્રંથો** (સ્વીડનબોર્ગના ધર્મવિચારો, માલા અને મુદ્રિકા, નારીહૃદય) લેખક-સંપાદક ઉપર મુજબ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૨૮, રૂ.૧૦૦. **શિર સાટે** (બ્રહ્માનંદ સ્વામીની ચૂંટેલી રચનાઓ) સંપાદક : રઘુવીર ચૌધરી, ડિમાઇ સાઇઝ, પૃ.૨૦૮, રૂ.૫૦. **લોકસંસ્કૃતિમાં પંખીઓ** (પંખીવિષયક લેખો) લેખક-આલેખક : ખોડીદાસ પરમાર, ડિમાઇ સાઇઝ, પૃ.૧૭૬, રૂ.૮૦. **કુદરતની કેડીએ ભાગ-૩** (લેખો) લે.પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ, ડિમાઇ સાઇઝ, પૃ.૧૯૬, રૂ.૮૦. Glimpses of Gujarati Literature (લેખો) ડૉ.ધીરુભાઈ ઠાકર, ડિમાઇ સાઇઝ, પૃ.૧૨૮, રૂ.૭૦. **તપસીલ** : (સાહિત્યકારો સાથે મુલાકાત) સંપાદક : હર્ષદ ત્રિવેદી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૩૨૪, રૂ.૧૩૦. **રુદાલી અને બીજી બંગાળી વાર્તાઓ** (ચયન અને અનુવાદ) સં. ઉમા રાંદેરિયા, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૭૨, રૂ.૧૧૦. **સોરઠ તારાં વહેતાં પાણી** લે. ઝવેરચંદ મેઘાણી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૧૪, રૂ.૫૦. **મ.ન. દ્વિવેદી સાહિત્ય શ્રેણી-૧** (કાન્તા અને નૃસિંહાવતાર) સંપાદક : ડૉ.ધીરુભાઈ ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૦૦, રૂ.૧૩૦. **મ.ન. દ્વિવેદી સાહિત્ય શ્રેણી-૨** (સિદ્ધાન્તસાર અને પ્રાણાવિનિમય) સંપાદક : ડૉ. ધીરુભાઈ ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૪૬૪, રૂ.૧૬૫. **દલપત ગ્રંથાવલિ-૧** (દલપત કાવ્ય ભાગ-૧) લે.કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ સં. ચિમનલાલ ત્રિવેદી, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૧૬, રૂ.૨૦૦. **દલપત ગ્રંથાવલિ-૪** (દલપત-ગદ્ય ભાગ-૧) લે.કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ, સં. મધુસૂદન પારેખ, ડિમાઇ સાઇઝ, પૃ.૫૮૪, રૂ.૨૦૦.

અન્ય પ્રકાશકોનાં પ્રકાશન : **ભગવત્પાણિનિમુનિ પ્રોક્તા અષ્ટાધ્યાયી ભૂમિકા ખંડ** (સટીક ગુજરાતી ભાષાંતર) કર્તા : શ્રી જયંતીલાલ હીરજી ભટ્ટ, પ્ર. શ્રી ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ, મણિભુવન, ગાંધીધામ, જૂનાગઢ-૩૬૨૦૦૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૨૬૦, રૂ.૨૫૦. **ભગવત્પાણિની મુનિ પોક્તા અષ્ટાધ્યાયી પ્રથમ ભાગ** (સટીક ગુજરાતી ભાષાંતર) કર્તા : શ્રી જયંતીલાલ હીરજી ભટ્ટ, પ્ર. ઉપર મુજબ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૮૦૮, રૂ.૭૫૦. **ઉપવાસ** (ચિકિત્સાનુભવોનો નિચોડ) લે.ડૉ.શરણ પ્રસાદ, અનુ• સરોજ પટેલ, પ્ર.અક્ષર ભારતી પ્રકાશન, ૫, રાજગુલાબ શૉપિંગ સેન્ટર, વાણિયાવાડ, ભૂજ - ૩૭૦૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૧૨૦, રૂ.૩૮. **કૅલેન્ડર વિશે કંઈક** : લે.રામજીભાઈ પટેલ, પ્ર.રમેશ મ. સંઘવી, અક્ષરભારતી પ્રકાશન, ભૂજ-૩૭૦ ૦૦૧ અને અમદાવાદ-૩૮૦ ૦૦૯ ક્રાઉન સાઇઝ, પૃ.૪૦, રૂ.૧૫. **નિસબત** : (સંશોધન લેખો) લે.ડૉ.હરબન્સ પટેલ, પ્ર.પોતે, ૩૦, શ્રીનગર સોસાયટી, ચિનાર-ગુલઝાર સામે, આણંદ - ૩૮૮ ૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૮૦, કિં. જણાવી નથી. **અગનપથ** (લઘુ ઉપન્યાસ) લે.પંકજ ત્રિવેદી, પ્ર.હરિસિદ્ધિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર ?
કુરઆનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.
- જલન માતરી



પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને;
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.
- મનોજ ખંડેરિયા

પ્રકાશન. 'હર્ષ', ગોકુલ પાર્ક, ૮૦ ફૂટનો રસ્તો. સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨, ક્રાઉન સાઇઝ, પાકું પૂઠું, પૃ.૯૬, રૂ.[illegible]૪. **પિશાચી** (પ્રેતકથા) લે.રતિલાલ સથવારા, પ્ર.સાહિલ પ્રકાશન, ૩/૨, પારસકુંજ સોસાયટી, નવરંગપુરા. અમદાવાદ, ક્રાઉન સાઇઝ, પાકુ પૂંઠું, પૃ.૧૧૨, રૂા. ૫૦. **नारी महान (कुछ अस्वादु व्यंजन, जो पचाने होंगे !)** લે.પ્ર. ગંગારામ સમ્રાટ, સૈજપુર બોઘા-૩૮૨૩૪૫ (અમદાવાદ) ક્રાઉન સાઇઝ, પૃ.૮૮, રૂ.૨૦. **મહાજ્યોત મોટા** (જીવનચરિત્ર) લે.તરુલતા દવે, પ્ર. હરિ ૐ આશ્રમ, નડિઆદ - ૩૮૭૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૨૧૨, રૂ.૧૫. **આંગ્લ કાવ્ય-દર્પણ : ૧** (આંગ્લ કવિતાનાં ગુજરાતી અનુકવન) લે.અહમદ રૂપાણી, પ્ર.ઇકબાલ એમ. રૂપાણી, લંડન, પ્રાપ્તિસ્થાન : એમ.જે. રૂપાણી c/o. એસ.એસ. રાહી, 'રજકણ' ૧૫, પંચનાથ પ્લૉટ, રાજકોટ - ૩૬૦ ૦૦૨, ડિમાઇ સાઇઝ, પાકું પૂંઠું, પૃ.૪૪૦, રૂ.૨૫૦. **આંગ્લ-કાવ્ય-દર્પણ-૨** (આંગ્લ કવિતાનાં ગુજરાતી અનુકવન) લે.પ્ર. ઉપર મુજબ પૃ.૪૫૬, રૂ.૨૭૫. **ભણકાર** (ઈ.સ. ૧૮૮૮થી ૧૯૫૦ સુધીની કવિતાઓનો સંગ્રહ) કર્તા : બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, પ્ર. મહારાજા સયાજીરાવ વિશ્વ-વિદ્યાલય, પ્રતાપગંજ, વડોદરા - ૩૯૦ ૦૦૨, ડિમાઇ સાઇઝ, પૃ.૩૦૮, રૂ.૧૩૦. **કલરવનું ઘર** (કાવ્યસંગ્રહ) લે.હર્ષદ ચંદારાણા, પ્ર.પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, અમરેલી - ૩૬૫ ૬૦૧, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ.૯૬, કિં. જણાવી નથી. **धूप-छाँव** (હિન્દી વાર્તાસંગ્રહ) લે. ડૉ. કનૈયાલાલ બ. ચૌહાણ, પ્ર.સ્વ. પ્રાગજીભાઈ પાનાચંદ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૬, અરુણોદય પાર્ક, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯, ક્રાઉન સાઇઝ, પૃ.૧૪૪, રૂ.૫૦. **શ્રીકૃષ્ણ કથામૃત** (ગીતો-કાવ્યો) લે.જયંત જી. ગાંધી, 'કુસુમાયુધ', પ્ર. શ્રી પુષ્ટિ પ્રકાશન ગૃહ, કણકિયા પ્લૉટ, જેતપુર - ૩૬૦ ૩૭૦, ક્રાઉન સાઇઝ, પૃ.૩૬, રૂ.૧૮. **લાલકુંવરની કૂકરે... કૂક...** (બાળવાર્તા) લે.નીતા રામૈયા, વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ અને ગાંધી માર્ગ, અમદાવાદ, ક્રાઉન સાઇઝ, પૃ.૨૪, રૂ.૧૫. **તે જળપ્રદેશ છે** (કાવ્યસંગ્રહ) લે.પ્ર. ઉપર મુજબ, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૪૮.

અતીતમાં અવગાહન

ભડલી વાક્ય

રેડિયો તો હમણાં થયો. પહેલાં વરસાદ વગેરેની આગાહી 'ભડલી' નામના એક લોકકવિએ અનુભવે કરી રાખેલા કાયમી વર્તારાને આધારે લોકો જાણી લેતા. એને મોઢે કરી લેતા. વાદળાં, વીજળી, વાયુ, તાપ, મેઘધનુષ વગેરે જોઈને ચાર-છ માસ અગાઉથી વરસાદની આગાહી, પાકની આગાહી વગેરે એમાં જાણવા મળે છે. જૂની પેઢીના તો ઘણાખરાને એ હજી યાદ હશે. એ રીતે ભડલી વાક્યો એ ગામગામની જ નહિ, પણ 'ઘરઘરની વેધશાળા' જેવાં છે. થોડા નમૂના :

કાર્તક સુદ બારસે દેખ, માગશર સુદ દશમી તું દેખ,
પોષ સુદ પાંચમ વિચાર, માઘ સુદિ સાતમ નિરધાર,
તે દિન જો મેઘો ગાજંત માસ ચાર અંબર વરસંત.

કારતક સુદ બારસે, માગસર સુદ દશમે, પોષ સુદ પાંચમે અને મહા સુદ સાતમે જો મેઘ ગાજે તો માનવું કે ચોમાસે ભારે વરસાદ થાય.

વૈશાખી પડવા દિને વાદળ વીજ કરેહ,
દાણા વેચી ઘર કરો, પૂરી શાખ ભરેહ.
અખાત્રીજ તિથિને દિને ગુરુ રોહણી સંયુક્ત,
સહદેવ પણ એમ જાણે, નીપજે અન્ન બહુ જુક્ત,
કૃત્તિકા કરવરુ કરે, રોહણી કરે સુકાલ,
નખેદ માગશર હોય તો, નક્કી થાય દુકાળ.

વૈશાખ મહિનાના પડવાને દિવસે વાદળ હોય અને આકાશમાં વીજળી થાય તો ખેડૂતે દાણા વેચીને ઘર બનાવવું; મતલબ કે એ વરસે સારો વરસાદ થઈ ખૂબ અનાજ પાકશે. એ જ પ્રમાણે અખાત્રીજ ((વૈશાખ સુદ ત્રીજ)ને દિવસે ગુરુવાર ને સાથે રોહિણી નક્ષત્ર હોય તો બહુ અનાજ પાકે. પણ જો અખાત્રીજની સવારે કૃત્તિકા નક્ષત્ર હોય તો વર્ષ ખૂબ કાહું-કઠણ આવે. વળી, અખાત્રીજની સવારે રોહિણી નક્ષત્ર હોય તો સુકાળ થાય અને જો મૃગશીર્ષ નક્ષત્ર હોય તો દુકાળ પડે.

અષાડ સુદિ પંચમી જો ઝબૂકે વીજ,
દાણા વેચી ઘર કરો, રાખો બળદ ને બીજ.
સુદિ અષાડી પંચમી ગાજત ઘન ઘનઘોર,
ભડલી કહે તો જાણજો, મધુરો મેઘાસોર.
ઘોરી અષાડી પંચમી વાદળ હોય ન વીજ,
વેચો હળ બળદને, નીપજે કાંઈ ન ચીજ.

અષાડ સુદ પાંચમના દિવસે વીજળી થાય તો વરસ સારું પડે ને વરસાદ સારો થાય. તે જ પ્રમાણે અષાડી પાંચમે આકાશમાં ઘનઘોર વાદળાં ગાજે તો, ભડલી કહે છે કે સારો વરસાદ થાય. પણ જો પાંચમે વાદળ ન હોય અને વીજળી પણ ન થાય તો કંઈ ચીજ ન પાકે.

અષાડ માસે દો દિન સારા, આઠમ પૂનમ ઘોર અંધારા,
ભડલી કહે મેં પાયા છેહ, જિતના બાદલ ઈતના મેહ.

અષાડી આઠમે ને પૂનમે જો ખૂબ વાદળ છવાયાં હોય તો તે સારાં. ભડલી કહે છે કે જેટલાં વાદળાં તેટલો જ વરસાદ સમજી લેવો.

શ્રાવણ પહેલી ચોથમાં, જો મેઘો વરસાય;
ભડલી ભાસે મુજને, સાખ સવાઈ થાય.
શ્રાવણ સુદિની પંચમી, પવન ચાલતો થાય;
ભડલી કહે દેશે ભલું, રાને પક્ષી વસાય.

શ્રાવણ મહિનાની પહેલી ચોથને દિવસે જો વરસાદ વરસે તો સવાઈ ઊપજ થાય એમ જાણવું. શ્રાવણ મહિનાની સુદ પાંચમે જો ખૂબ પવન ફૂંકાય તો જંગલનાં પક્ષી જેવું દુઃખમય જીવન વીતે.

જળચર જળ ઉપર ભમે, ગો નભ ભણી જોવંત;
ભડલી તો એમ જ ભણે, જળધર જલ મેલંત.
હોય પાણી કળશે ગરમ, ચલ્લી ધૂળે ન્હાય,
ઈંડાળી કીડીઓ દીસે, તો વરષા બહુ થાય.

જળચર પક્ષીઓ પાણી પર ભમવા માંડે ને ગાયો આકાશ ભણી મોં કરીને તાકે ત્યારે તુરતમાં વરસાદ પડે. લોટામાંનું પાણી ગરમ થઈ જાય, ચકલીઓ ધૂળમાં આળોટે-નહાય અને ઈંડાંવાળી કીડીઓ દેખાય તો તે ભારે વરસાદનાં ચિહ્ન જાણવાં. (જીવનદીપ)

('કુમાર' અંક ૫૮૨, જૂન ૧૯૭૨)

અથાણું

દરદી : ડૉક્ટર, હું રાતના એટલા મોટેથી ઘોરું છું કે હું પોતે જ જાગી જાઉં છું.

ડૉક્ટર : ઓહો, તેમાં શું? બીજા ઓરડામાં સૂઈ જજો.

('કુમાર' અંક ૨૯૫, જુલાઈ ૧૯૪૮)

આષાઢ આયો!

નિરંજન ભગત

રે આજ અષાઢ આયો.
મેં નેણનાં નીરમાં મનનો તે માઢ ગાયો :
- રે આજ ૦
દૂરને દખ્ખણ મીટ માંડીને
મોરલે નાખી ટૂહેલ,
વાદળી સાગરસેજ છાંડીને
વરસી હેતની હેલ;
એમાં મન ભરીને મતવાલો મોર ન્હાયો :
- રે આજ ૦
મેઘવીણાને કોમલ તારે
મેલ્યાં વીજલ નૂર,
મેહુલાને ઝીણી જલની ધારેટ
રેલ્યા મલ્હારસૂર;
એથી ધરતીને અંગ રંગ ઉમંગ ન માયો : -
રે આજ૦
જલમાં વનમાં આષાઢ મ્હાલ્યાં
સંસાર મ્હાલ્યો સંગ,
અલકાથી હું દૂર તે ચાલ્યો
મને ન લાગ્યો રંગ;
સહુને ભાયો ને શીતલમીઠી છાંયસુ છાયો :
- રે આજ૦
આપણે રે પ્રિય, સામસામે તીર,
ક્યારેય નહિ મિલાપ!
ગાજે જનમ-જમનાનાં નીર
વિરહનો જ વિલાપ?
આયો આષાઢ ને વાયરે તોયે વૈશાખ વાયો :
- રે આજ૦
બિરહમાં બાઢ લાયો!
રે આજ અષાઢ આયો!

('કુમાર' અંક ૨૮૩, જુલાઈ ૧૯૪૭)

આ માસ (જુલાઈ) ઈતિહાસમાં

તા.૩ હિંદી પ્રજાશાસનનું ૧૯૩૫નું બંધારણ બહાર પડ્યું, ૧૯૩૬.

તા.૪ અમેરિકાએ સ્વાતંત્ર્યનું જાહેરનામુ પોકાર્યું, ૧૭૭૬.

તા.૭ દાદાભાઈ નવરોજી બ્રિટિશ પાર્લામેન્ટના સભ્ય ચૂંટાયા, ૧૮૯૧.

તા.૧૧ જાણીતા વિદ્વાન બહેરામજી મલબારીનું અવસાન, ૧૯૧૧.

તા.૧૪ ફ્રાન્સના સ્વાતંત્ર્ય બળવામાં વિફરેલી પ્રજાને હાથે ત્યાંના નિંદ્ય કારાગાર બાસ્તીલના કિલ્લાનું પતન, ૧૭૮૯.

તા.૧૬ આપણા પહેલા અને પ્રતિભાશાળી ગુજરાતી વિજ્ઞાની ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનું અવસાન, ૧૯૨૦.

('કુમાર' અંક ૩૦૭, જુલાઈ ૧૯૪૯)

અડકો દડકો

કાળી ટીલી !

ઉપેન્દ્ર ર. ભટ્ટ

માધવપુર નામે એક નાનકડું દેશી રાજ્ય. માધવસિંહજી એના ઠાકોર. એમને એક દીકરી. નામ એનું માધવી.

એક દિવસ સવારનો પહોર હતો. એકાએક માધવસિંહજીએ તેમના દીવાનખાનામાંથી એમની દીકરી માધવીના રડવાનો અવાજ સાંભળ્યો.

ઠાકોર બહાર નીકળી માધવી પાસે ગયા. પૂછ્યું, 'બેટા! કેમ આટલું બધું રડે છે? તને કંઈ થાય છે?'

'ના, બાપુ! હું નાહવા ગઈ ત્યારે મારી રત્નજડિત વીંટી કાઢીને અંદરની બારીમાં મૂકી હતી. હું તે પહેરી લેવાનું ભૂલી ગઈ હતી. તે મને હમણાં યાદ આવ્યું એટલે હું તે લેવા ગઈ, તો ત્યાં વીંટી ન મળે!' આટલું કહી માધવીએ રડવાનું શરૂ કરી દીધું.

બાપુએ બૂમ પાડી, 'રઘા!'

રઘો હજૂરિયો તરત જ દોડી આવ્યો.

બાપુએ રઘાને કહ્યું, 'રઘા! જા, પૂજાઘરમાંથી ગોરબાપાને બોલાવી લાવ!'

રઘો રાજપુરોહિતને બોલાવી લાવ્યો.

'શો હુકમ છે?' પુરોહિતજીએ બાપુને પૂછ્યું.

'ગુરુજી! માધવીની હીરાજડિત વીંટી બાથરૂમમાંથી કોઈ ચોરી ગયું છે!' બાપુએ કહ્યું.

'આપને કોના ઉપર શક આવે છે?' પુરોહિતજીએ પૂછ્યું.

'ગોરબાપા! મને તો કોઈનાય ઉપર શક નથી, પણ હાલમાં આપણે ત્યાં રંગવા-ધોળવાનું કામ ચાલે છે. તે કોઈ કારીગરે હાથ અજમાવ્યો હોય!'

'કેટલા કારીગર કામ કરે છે?' ગુરુજીએ પૂછ્યું.

'દસ!' બાપુએ કહ્યું.

'તે બધાને આપના દીવાનખાનામાં એકઠા કરો.'

દીવાનખાનામાં વચ્ચેની ખુરશીમાં બાપુ બેઠા. બાપુના જમણા હાથ તરફની ખુરશીમાં બેઠા રાજપુરોહિત, અને ડાબા હાથ તરફ બેઠા દીવાનજી.

બધા કારીગર આવી ગયા એટલે પુરોહિતજીએ કહ્યું, 'દીકરી માધવીની વીંટી બાથરૂમમાંથી ચોરાઈ છે. જેણે લીધી હોય તે પાછી આપી દે. આટલો ગુનો માફ છે.'

કોઈ કંઈ બોલે જ નહિ.

થોડી વાર મૌન છવાઈ ગયું, પછી પુરોહિતજી બોલ્યા, 'રઘા, તું જા અને પાણિયારામાંથી દસ દાતણ લઈ આવ. જોજે કે બધાં એક સરખાં જ લાંબાં આવે.'

રઘો દસ દાતણ લઈ આવ્યો. પુરોહિતજીએ દસ કારીગરમાંના દરેકને એક-એક દાતણ આપ્યું, અને કહ્યું, 'કાલે સવારે નવ વાગે તમારે બધાએ અહીં આવવાનું છે. આજે રાતે તમારે આ દાતણ તમારી સાથે રાખી સૂઈ જવાનું છે. જેણે ચોરી કરી હશે તેનું દાતણ એક આંગળ જેટલું રાતોરાત લાંબું થઈ જશે.'

બધા કારીગરો સૌ-સૌને ઘેર ગયા. જેમણે ચોરી નહોતી કરી તે નિરાંતે ઘસઘસાટ ઊંઘવા લાગ્યા. પણ જેણે ચોરી કરી હતી તેને કેમેય કરી ઊંઘ આવે નહિ. તે વિચારમાં પડ્યો કે કાલે શું થશે?

વિચાર કરતાં એને એક યુક્તિ સૂઝી. પોતાના દાતણને એણે એક આંગળ જેટલું સૂડીથી કાપી નાખ્યું.

બીજે દિવસે સવારે બધા બાપુના દીવાનખાનામાં ભેગા થયા. પછી ગુરુજીએ કહ્યું, 'તમારામાંથી દરેક જણે એક પછી એક અહીં આવવાનું છે અને પોતાનું દાતણ આ ટેબલ ઉપર મેં મૂકેલા દાતણ સાથે હું કહું તેમ મૂકવાનું છે!'

એક પછી એક કારીગર આવવા લાગ્યો. પુરોહિતજી દાતણ સાથે સાથે મૂકે અને કારીગરને પૂછે 'આ બંને દાતણ સરખાં છે?'

'હા!' કારીગર કહેતો.

ચાર-પાંચ કારીગરો આવી ગયા પછી છઠ્ઠો કારીગર આવ્યો. તેણે પોતાનું દાતણ બીજાં દાતણની સાથે એક જ પંક્તિમાં મૂક્યું.

પુરોહિતજીએ એને રોક્યો, અને પૂછ્યું, 'તમારું દાતણ આ બીજાં જેટલું જ લાંબું છે?'

'ના, જી! મારું દાતણ થોડું ટૂંકું છે!' કારીગરે જવાબ આપ્યો.

'તમે જ ચોર છો!' પુરોહિતજી બોલ્યા. 'તમને એટલો પણ વિચાર ન આવ્યો કે નિર્જીવ દાતણ રાતોરાત એક આંગળ જેટલું શી રીતે વધી જાય? તમે

(અનુસંધાન પૃ.૪૪૨)

વિશ્રુતિ

આવ વિશ્રુતિ, વાતો કરીએ
રસના દરિયે તરીએ સરીએ.
ફૂલફૂલની ફોરમ સાથે
પવનપાવડી પ્હેરી ફરીએ.
સોનમાછલીની આંખોમાં
મનની છીપે મોતી ભરીએ.
નીલપરીની પાંખે ઊડી
ડુંગર ડુંગર ચઢી ઊતરીએ.
મેઘધનુષના પુલ પર થઈને
સાત સમુંદર પાર ઊતરીએ.
સૂરજ-ચાંદે દીધાં સૌને
ચમક-ચમક ચાંદરણાં ધરીએ.

— શ્રદ્ધા ત્રિવેદી —

—— કલાસ્મૃતિ ——

યામિની રાય

દુનિયાભરમાં ચિત્રકલા માટે એવું કહેવાય છે અને અનુભવાયું છે કે કોઈ



પણ ખ્યાતનામ ચિત્રકારના ચિત્રનો નાનકડો ટુકડો કે કોઈ ભાગ યોગ્ય દર્શકને બતાવો અને એ કહી આપશે કે આ ચિત્ર અમુક કલાકારનું છે. જે થોડા મહાન ચિત્રકારોનાં ચિત્રો માટે ઉપર પ્રમાણે સમજાય છે તેમાં શ્રી યામિની રાયને સહર્ષ સામેલ કરી શકાય.

ઘણાં વર્ષોથી આપણે તેમનાં ચિત્રો જોતાં આવીએ છીએ, તેમના વિષેનાં લખાણો પણ વાંચવા મળ્યાં છે. તેઓનાં ચિત્રો ભારતીય સંપત્તિ ગણાય છે. આજે મોટા ભાગે તે અપ્રાપ્ય છે. ભારતનાં મોટાં સંગ્રહાલયો, મ્યૂઝીઅમો અને વિદેશનાં કેટલાંક સ્થળે તે જોઈ શકાય છે. જગતની બે મોટી કલાત્મક સર્જનો ખરીદનાર અને વેચનાર સંસ્થાઓ 'સોથ્બી' અને 'ક્રિસ્ટી' પાસે યામિની રાયનાં થોડાંક ચિત્રો હોવા સંભવ છે.

શ્રી યામિની રાયનો જન્મ બાલીપાતોરા, બંકુરા ડિસ્ટ્રિક્ટ, બંગાળમાં ૧૮૮૭માં થયો હતો. કલકત્તાની આર્ટ કોલેજમાં ડિપ્લોમાનો અભ્યાસ કર્યો. આ શાળાના તેઓ શ્રેષ્ઠ વિદ્યાર્થી ગણાતા હતા. તેઓ તસ્વીર ચિત્રો અને વ્યક્તિચિત્રોમાં નિપુણ હોવા છતાં તેમણે નવતર શૈલીનાં ચિત્રો કરવામાં પોતાની આગવી ઓળખ માટે ઝંપલાવ્યું. ભારતના ઓરિસા પ્રાન્તની લોકચિત્રકલાશૈલી અને કાલીઘાટ ચિત્રશૈલીનું નવતર નિરૂપણ કરીને પોતાની આગવી શૈલીમાં કલાકૃતિઓ સર્જવા બદલ યામિની રાય પોતાનું આગવું સ્થાન જન્માવી શક્યા છે.

ચિત્રકલા માટે તેઓ રંગ પોતાની જાતે બનાવી લેતા, જેમાં પાણી, વિવિધ રંગની માટી, ચૂનો, કોલસાની કે કલાડાની મેશ અને વનસ્પતિમાંથી બનતા રંગોનો જ તેમણે મહદ્ અંશે ઉપયોગ કરેલો છે. તેમનાં ચિત્રોનાં પાત્રોમાં જાડીપાતળી લયબદ્ધ શક્તિશાળી રેખાઓ પૂર્ણ લાક્ષણિકતા રજૂ કરે છે. બહુ જ ઓછા દર્શકને ખ્યાલ હશે કે ચિત્રોમાં તેઓ ડબલ રેખાંકન પદ્ધતિ અપનાવતા; એક રેખાની ઉપર સ્હેજ રંગના પટને આછો ઘેરો કરી બીજી રેખાને એટલી જ લયબદ્ધ રીતે ઉપસાવતા. તેમનાં ખ્યાતનામ ચિત્રોમાં સંથાલ ઢોલી, ગોપિની, ઈશુ ખ્રિસ્ત, બાઉલ ભજનિકો, મા અને બાળક, કૃષ્ણ-ગોવાળ વગેરે મુખ્ય છે. તેઓ ટેમ્પેરા માધ્યમમાં કાપડ ઉપર અને પૂઠા ઉપર ચિત્રકામ કરતા. આ સમયની તેમની ચિત્રકલાની એક ખાસ પદ્ધતિ સર્વત્ર વખણાઈ ચૂકી હતી. તેઓને ખ્યાતિ મળ્યા પછીનાં ચિત્રોમાં વધારે શૃંગારકલા અને અલંકૃતતા ઉમેરાતાં ગયાં છે. તેમના માટે કહેવાય છે કે તેઓ જ્યારે ચિત્રસર્જન કરતા ત્યારે પોતાની જાતને એક મહાન કલાકાર સમજવાને બદલે એક અદનો કારીગર સમજતા, જેથી કરીને તેઓ એકનાં એક ચિત્રો ફરી વાર બનાવતા રહેતા. મોટા ભાગે તેમનાં ચિત્રો નાનાં માપતાલનાં હોવાથી તેઓ ફરીફરીને સર્જન કરતાં થાકતા નહીં.

શ્રી યામિની રાય જ્યારે ચિત્રસર્જન કરતા ત્યારે ચિત્રના વેચાણ કરતાં પોતાનાં ચિત્રો વધારે જનસમુદાય સુધી પહોંચે અને ચિત્રોથી લોકોને આનંદ થાય તેમાં તેઓને વધારે આનંદ આવતો. લગભગ રાજા રવિવર્માના જેવું કહી શકાય. રાજા રવિવર્માએ પોતાનાં ચિત્રોને લોકભોગ્ય બનાવવા માટે ઓલિયોગ્રાફ પ્રિન્ટો કરાવીને ભારતભરમાં પ્રચલિત કરી હતી.

શ્રી યામિની રાયે અનેક નાનાં-મોટાં ચિત્રોનું સર્જન કર્યું છે. તેઓ જાતે વિદેશ ગયા નહોતા. પણ તેમનાં ચિત્રોની દેશ-વિદેશમાં ખૂબ જ માગ રહેલી છે. તેમને ભારત સરકારે પદ્મભૂષણથી સન્માન્યા છે. લલિતકલા અકાદમીએ તેમના માનમાં એક પુસ્તિકા પણ બહાર પાડેલી છે. બીરલા અકાદમી ઑવ્ આર્ટ કલકત્તાએ એક દળદાર પુસ્તક પણ પ્રકટ કરેલું છે. મ્યૂઝીઅમ ઑવ્ મૉડર્ન આર્ટે તેમની પ્રિન્ટ્સ બહાર પાડેલી છે.

શ્રી યામિની રાયનાં ચિત્રોની નકલ અનેક વાર થતી રહી છે, અને આજે પણ થાય છે. ઘણી વખત ખરીદનાર કે વેચનાર ફરક સમઝી કે ઓળખી શકતો નથી. જેમ તેમનાં ચિત્રોની કિંમત વધવા માંડી તેમ તેની નકલો પણ વધવા માંડી. કલકત્તાની ચિત્રકૂટ ગેલરીના ડિરેક્ટરનું કહેવું છે કે, 'શ્રી યામિની રાયનું ચિત્ર બે-ચાર જગાએ બતાવ્યા વગર ખરીદવું જોખમકારક છે.'

શ્રી યામિની રાયનાં વૈયક્તિક પ્રદર્શનોમાં ૧૯૩૭, '૩૮ કલકત્તામાં, ૧૯૫૩ ન્યૂ યૉર્કમાં અને છેલ્લે ૧૯૯૧માં ન્યૂ દિલ્હીમાં યોજાએલ. તેમનાં ચિત્રો હર્ષ છગનલાલ મુંબઈ, સદરૂદ્દીન ડાયા મુંબઈ, ઈન્ડીઅન મ્યૂઝીઅમ કલકત્તા,

(અનુસંધાન પૃ.૪૪૨)



યામિની રાયનું ચિત્ર

કલાવાર્તા

તનસુખ મહિચાની કલાસૃષ્ટિ

ટેક્ષ્ટાઈલ ડિઝાઈનર તથા ચિત્રકાર તનસુખ મહિચાનું નામ ઑલ ઇન્ડિયા



વીવર્સ સેન્ટર અને કલા-જગતમાં સુ-ખ્યાત છે. ૧૯૪૫માં રાજકોટમાં જન્મેલા તન-સુખભાઈ હાલ-માં ઑલ ઇન્ડિયા વીવર્સ સેન્ટરમાંથી સેવાનિવૃત્તિ લીધા પછી અમદાવાદમાં પોતાના વિશાળ સ્ટૂડિઓમાં ફ્રી-લાન્સિંગ કાર્યમાં રત છે. સુખ્યાત પરંપરાગત 'કલમકારી'ની ટેક્ષ્ટાઈલ પરની ચિત્ર-શૈલીમાં - બંને પ્રિન્ટેડ અને પેઇન્ટેડ પદ્ધતિમાં - તેમણે વર્ષોના ટેક્ષ્ટાઈલ ડિઝાઈનર અને કલાકાર તરીકેના અનુભવ પછી સ્વતંત્ર રચનાઓ સર્જી સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરી છે. ડિઝાઈનના ક્ષેત્રમાં તેમણે



રૈખિક સૌન્દર્યયુક્ત ટેક્ષ્ટાઈલ ડિઝાઈન

નિજી ચિંતનાત્મક, કલાત્મક અને સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિનો ઉમેરો કરી પરંપરાગત ટેક્ષ્ટાઈલ કલાને નવાં પરિમાણો આપ્યાં છે અને નૂતન કલમકારીનાં સર્જનાત્મક કક્ષાનાં વિશાળ કદનાં, મહદંશે કાપડ પર, તેમને પ્રિય એવા સૂફીવાદ જેવા રહસ્યમય વિષયનાં લાલિત્યપૂર્ણ, નયનરમ્ય ચિત્રો તૈયાર કર્યાં છે. આ કૃતિઓમાં પરંપરાગત કલાતત્ત્વોને આત્મસાત્ કરી તનસુખભાઈએ પશુ-પક્ષી માનવાકૃતિઓની તથા વનસ્પતિ-સૃષ્ટિની ડિઝાઈનને સૌંદર્યશાસ્ત્રીય, કલાત્મક, રચનાત્મક સંસ્પર્શ આપ્યો છે. અહીં દૃશ્ય-આકૃતિઓ જડતા ધારણ કરવાને બદલે સ્વાભાવિક, સુકુમાર, ભાવયુક્ત, લાલિત્યપૂર્ણ તથા ઇસ્લામિક અને ભારતીય પરિપાટીની શૈલીવાળી, આલંકારિકતા ધારણ કરે છે. ભારતીય અને ઇસ્લામિક પરંપરાગત શૈલીઓમાં પ્રધાનપણે જોવા મળતી પોતયુક્ત સપાટ ભૂમિ પરની ઊભા ફૉર્મેટ તથા ક્વચિત્ આડા ફૉર્મેટમાં આલંકારિક મનોહારી રમણીયતા પ્રકટ કરતી વૃક્ષો અને માનવપાત્રો



માનવ આકૃતિઓ સાથેની ટેક્ષ્ટાઈલ ડિઝાઈન

તથા ખાસ તો વાનરો, હરણ, પક્ષીઓની વૃક્ષો પરની અને જમીન પરની હાજરી દર્શાવતી, પરિપ્રેક્ષ્ય વગરની છતાં ચિત્ર અવકાશને વિવિધ આકારોથી ભરી દેતી, થોડે અંશે ભીડયુક્ત લાગતી છતાં કલાત્મક અને સૌંદર્યશાસ્ત્રીય રીતે સંતર્પક વળાંક-યુક્ત, ગતિમુક્ત આ મોટા કદની રચનાઓ આપણાં ચક્ષુને સમગ્ર પોતયુક્ત ચિત્રફલક પર ફેરવે છે અને એક પ્રકારની દૃશ્યએકતા સર્જે છે. અહીં ડિઝાઈનની સિમેટ્રિ છે તો આકૃતિઓની સમુચિત ગોઠવણીને કારણે સર્જાતું દૃશ્યાત્મક સમતોલન પણ છે. અહીં ચિત્ર અવકાશને ધબકતો કરાયો છે. ડિઝાઈન, ડ્રૉઈંગ અને ચિત્રકલાની સૂઝ-સમજનો સુભગ સમન્વય થયો છે.

વિવિધ વનસ્પતિના રંગોના ઉપયોગને કારણે કૃતિઓનું રંગવિધાન ચક્ષુઓને, તેજસ્વી ઉષ્ણ રંગો પ્રયોજાયેલા હોવા છતાં, ઠંડકનો અનુભવ કરાવે છે. આ ચિત્રોમાં સાચે જ અમૂર્ત કાવ્યમયતા છે અને કોઈ સૂફી સંતના જેવો આંતરિક આનંદ પણ છે. આ કૃતિઓમાં શાસ્ત્રીય સંગીતની સૂરાવલી પણ છપાઈ છે. ભૂમિ, આકાશ, માનવ અને પ્રકૃતિ અહીં એકબીજાંના સૂરમાં ભળ્યાં છે.


- બંસીલાલ દલાલ

કલાવૃત્ત

કૃષ્ણકુમાર સિંઘની કાષ્ઠકૃતિઓ

૧૯૬૩માં યુ.પી.માં રાયબરેલીમાં જન્મેલા કૃષ્ણકુમાર સિંઘે કાનપુરની ડી.એ.વી. કૉલેજમાંથી ડ્રૉઈંગ અને ચિત્રકલામાં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૯૫થી ઇન્ટિરિઅર ડિઝાઈનિંગના વ્યવસાયમાં વ્યસ્ત છે.

તેમની કૃતિઓની કાષ્ઠમાં તૈયાર કરેલી શિલ્પકૃતિઓ અથવા પેઇન્ટિંગ્સ પણ કહી શકાય. નિઃશંકપણે આકૃતિઓને કસબ કલાની કૃતિઓ તરીકે જ માત્ર ન મૂલવી શકાય. તેમાં જે લલિત તત્ત્વો અને સપ્રમાણતા તથા ઊંડાણ અને પોત સર્જાયાં




'દ્વારં દંપતી' - કાષ્ઠકલાનાં નમૂનાં

છે તે તેમને કલાકૃતિઓનો દરજ્જો બક્ષે છે. તેમાં વાસ્તવદર્શી વિષયોની સાથે સાથે લોકકલાપ્રેરિત વિષયોને દક્ષતાપૂર્વક કલાત્મક રીતે ઉપસાવવામાં આવ્યા છે. તેમાં પેપરકસબ જેવી અસરો પણ નિષ્પન્ન થઈ છે. ખરેખર તેમણે કાષ્ઠમાં તેમની કલા અને કારીગરી વડે પ્રાણ પૂર્યા છે.

આ કૃતિઓમાં ફૂલો, વૃક્ષો, પક્ષીઓ, પ્રાણીઓ, નૃત્ય કરતાં મયૂરો, કૂદકા મારતાં હરણાં નિરૂપાયાં છે. કેટલીયે કૃતિઓમાં સુશોભનાત્મક તત્ત્વોનો પણ સૂઝપૂર્વકનો વિનિયોગ થયો છે. આ કૃતિઓમાંના આકારોમાં નાજુકતા, કમનીયતાની સાથે ગતિ પણ છે, લય પણ છે. કલા અને કસબના સંગમ સમી આ કૃતિઓ સરાહનીય છે.

કનુ પંચાલનાં દૈવી પ્રતીકો

કનુ પંચાલનાં ચિત્રો તથા તેના જ અનુસંધાનમાં તૈયાર થયેલા પેન ઍન્ડ ઈન્કનાં ડ્રૉઈંગમાં ચોરસ પેટર્નમાં તેમણે શાસ્ત્રો-પુરાણોનાં જાણીતાં પ્રતીકો જેવાં કે સ્વસ્તિક, ઓંકાર, શંખ-ગદા, ત્રિશુલ, દૈવી ચરણો, સુદર્શન ચક્ર, આંખ, તલવાર, શિવલિંગ, સર્પ, કમળ, અભય મુદ્રા વગેરેનો ચિત્ર-સંરચનામાં તથા અવકાશમાં કલાત્મક તથા સુશોભનાત્મક શૈલીમાં ઉપયોગ કર્યો છે. છતાં આ ચિત્રો આપણને આધ્યાત્મિક તથા સૌંદર્યશાસ્ત્રીય અનુભવ પણ કરાવે છે. કલાકારના ભક્તિપૂર્ણ માનસનું પ્રતિબિંબ આ ચિત્રોમાં ઝિલાયું છે. તેમના એક ચિત્રમાં તેમણે ખુદ



શાસ્ત્રીય પ્રતીકોવાળું તૈલરંગી ચિત્ર

સ્વામિનારાયણને અર્ધાકૃતિમાં તેમના દૈવી પ્રસન્ન, માધુર્યયુક્ત, તેજસ્વી પ્રકાશવાળા ચહેરામાં નિરૂપ્યા છે અને આ સંપ્રદાયના અન્ય વિશિષ્ટ તિલક જેવાં પ્રતીકોને કલાત્મક રીતે ચિત્રાવકાશમાં સપાટ ભૂમિ પર ગોઠવ્યાં છે. શ્રીનાથજી, જય હનુમાન, શ્રી ગણેશાય નમઃ જેવા વિષયોને તેમણે તેમના ધાર્મિક વાતાવરણમાં વિષયાનુરૂપ પ્રતીકો દ્વારા રજૂ કર્યા છે. તેમણે તેમની બે પ્રકારની રંગયોજનામાં એકમાં તેજસ્વી રંગોનો સવિશેષ ઉપયોગ તો બીજામાં શાંત, ઠંડા રંગોનો ઉપયોગ કર્યો છે: અને આ બંને પ્રકારનાં ચિત્રો જુદી જુદી અનુભૂતિ કરાવે છે. આ ચિત્રો સુશોભનાત્મકતા હોવા છતાં તે આપણને કેટલીક વાર નૂતન તાંત્રિક ચિત્રોની લાગણીનો અનુભવ કરાવે છે.



માધુરી ભોંસલેનાં ચિત્રો

૧૯૭૨માં ઉજ્જૈનમાં જન્મેલાં માધુરી ભોંસલે ડ્રૉઈંગ અને પેઈન્ટિંગમાં માસ્ટર ઑવ્ આર્ટ્સમાં ગોલ્ડ મેડાલિસ્ટ છે અને પ્રાચીન ભારતીય ઇતિહાસ, સંસ્કૃતિ અને પુરાતત્ત્વવિદ્યામાં પણ એમ.એ.ની પદવી ધરાવે છે. વળી, તેમણે બહુ ઓછી જાણીતી છતાં મહત્ત્વપૂર્ણ એવી લઘુશૈલી (રાજસ્થાની) 'રાઘવગઢ સ્કૂલ ઑવ્ પેઇન્ટિંગ' પર વિવેચનાત્મક અભ્યાસ તૈયાર કરી પીએચ.ડી. હાંસલ કરી છે. મુંબઈના બે જાણીતા કલાકારો અને કલાશિક્ષકો ડૉ.ઓ.પી. ભટનાગર અને સદ્ગત ડૉ.વી.એસ. વાકંકરનું કલા- માર્ગદર્શન મેળવવા તેઓ ભાગ્યશાળી બન્યાં છે. અનેક ઇનામોથી વિભૂષિત તથા નવ વૈયક્તિક પ્રદર્શનો કરનાર અને ભારત તથા પરદેશની જાણીતી સંસ્થાઓમાં તેમનાં ચિત્રોનું સ્થાન પામનાર માધુરી-બહેન ખૂબ ઉત્સાહી, પ્રફુલ્લિત વ્યક્તિત્વ ધરાવે છે. હાલ તેઓ ઉજ્જૈનમાં ફ્રી-લૅન્સિંગ કાર્ય કરે છે.

માધુરીબહેને તેમનાં તાજેતરનાં તૈલરંગી ચિત્રોમાં 'કુટુંબ', 'ગરીબાઈ',




દૃષ્ટિ - તૈલરંગી ચિત્ર

'ભિખારીઓ', 'માણસ-સ્ત્રીના સંબંધો', કોઢગ્રસ્ત વ્યક્તિઓને તેમના આર્થિક, મનોવૈજ્ઞાનિક અને સામાજિક વાતાવરણમાં આકૃતિપ્રધાન શૈલીમાં છતાં પ્રવાહિતા અને સરલીકરણની લગભગ અમૂર્ત કક્ષાએ પહોંચતી પદ્ધતિમાં દર્શાવવાનો સફળ અને પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. તૈલરંગોના માધ્યમની અંદર રહેલી તાજગી, તેની સમજ તથા રોલર અને પેલેટ નાઇફનો કલાત્મક ઉપયોગ કરી આકર્ષક સપાટી અને પોતની રચના દ્વારા માધ્યમની સુંદર માવજતને દર્શાવી પ્રેક્ષકોને તેઓ સૌંદર્યશાસ્ત્રીય અનુભવ કરાવે છે હાથ અને પગની મુદ્રાઓ ખાસ ધ્યાન ખેંચે છે અને તેમનું આલેખન નાજુકાઈ ભર્યું છે. કેવળ એક જ આંખનું આલેખન ચહેરા પર થયું હોય છે.

જીવન જમોદનાં ચિત્રો

અમદાવાદના રાણીપ વિસ્તારના શાંત રમ્ય રાધાસ્વામી માર્ગ પર સ્થિત 'ઈશાવાસ્યમ્' સોસાયટીમાં તેમના વિશાળ નિવાસસ્થાનમાં પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે રહેતા હસમુખા કલાકાર જીવન જમોદ અમદાવાદના વ્યાવસાયિક કલાજગત તથા કલાકારોના જગતમાં આદરણીય સ્થાન ધરાવે છે. ગ્રાફિક ડિઝાઇનર તરીકે તેમણે સારંગપુર કૉટન મિલ નં.૨માં ત્રણ રાષ્ટ્રિય કક્ષાએ ભરાયેલા મેળાઓમાં ડિઝાઇનો માટે ત્રણ ઇનામો મેળવ્યાં છે. તેમણે



વિશાળ દૃશ્યચિત્ર (તૈલરંગી)

નેશનલ આર્ટ પ્રદર્શનોમાં તથા અન્ય અગ્રગણ્ય પ્રદર્શનોમાં ભાગ લીધો છે. ૧૯૩૫માં ઝેઝરામાં જન્મેલા જીવન જમોદે ગવર્નમેન્ટ કલાભવન અને નૂતન કલામંદિર મુંબઈમાંથી ચિત્રકલામાં જી.ડી.એ.-નો અભ્યાસ કર્યો છે. તેમનાં ચિત્રો ભારતમાં તથા પરદેશમાં અનેક જાણીતી વ્યક્તિઓના ખાનગી સંગ્રહોમાં અને સંસ્થાઓમાં સંગૃહીત થયાં છે. તેમણે ગુજરાતની જાણીતી સંસ્થાઓ માટે ઇન્ટિરીઅર ડેકોરેશન વર્ક તથા પેનલ વર્ક અને સિમ્બલ ડિઝાઈનો કરી છે. હાલમાં તેઓ ફ્રી-લૅન્સ કલાકાર તરીકે તેમની સેવાઓ આપી રહ્યા છે. તેમણે એક પેવેલિઅનમાં વિખ્યાત સ્થપતિ બર્નાડ કોહેન જોડે ગ્રાફિક વર્ક કર્યું હતું. સ્થપતિ બાલકૃષ્ણ દોશી જોડે પણ તેઓ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે.

જીવન જમોદે તેમની શરૂઆતની કારકિર્દીમાં ગ્રાફિક્સ ઉપરાંત અમૂર્ત શૈલીમાં ભૌમિતિક આકારોવાળાં તથા જાડા-પાતળા થરના રંગોમાં ચિત્રોનું સર્જન કર્યું. ત્યાર પછી તેમણે વાસ્તવદર્શી શૈલીમાં સુંદર દૃશ્યચિત્રો તથા વ્યક્તિચિત્રો કર્યાં. પોર્ટ્રેટ ચિત્રોના સર્જનમાં તેમની કલાસૂઝ, માધ્યમ પરની પકડ, મૂળ ચહેરાનું સામ્યતાનું તથા પાત્રના વ્યક્તિત્વને બહાર લાવવાની સિદ્ધહસ્તતા છે.

સૌથી પ્રભાવશાળી પોર્ટ્રેટ ચિત્ર વિશ્વવિખ્યાત નાટ્યકાર સેમ્યુઅલ બૅકેટનું તૈયાર થયેલું જળરંગમાં છે. આ ચિત્રમાં 'સૅમ્યુઅલ બૅકેટ'ના બૌદ્ધિક ચહેરા પરની સમુદ્રના કિનારે પાણીના વહી ગયા પછીની સળોની માફક ઊંડી કરચલીઓ યથાર્થપણે ચીતરી છે તો આ નાટ્યકારની આંખોમાંનું માનવીય અસંગતિ દર્શાવતું ભાવદર્શન પણ વ્યક્ત થયું છે. - બંસીલાલ દલાલ

અનુ.| અડકોદડકો |પૃ.૪૩૮થી

અંને એક આંગળ જેટલું કાપી નાખ્યું છે! હવે વીંટી પાછી આપી દો. હું મારું વચન પાળીશ. મારી વિનંતીથી બાપુ તમને કોઈ પણ જાતની સજા નહિ કરે. અમારે તમને તમારી નાની ઉંમરમાં કાળી ટીલી લગાડવી નથી. તમારું જીવન ખરાબ કરવું નથી.'

પેલા ચોરે એના ગજવામાંથી વીંટી કાઢી ગોરબાપાને આપી દીધી, અને ગોરબાપાની ચરણરજ લીધી.

બાપુએ કહ્યું, 'કુંવરીની વીંટી પાછી મળી તેથી આજે તમને બધાને આનંદ કરવા માટે રજા આપવામાં આવશે. કાલે બધા પાછા કામે લાગી જજો. મારે તમારામાંથી કોઈનીય જિંદગી બગાડવી નથી. એને કપાળે ગુનેગારના નામની ચીઠ્ઠી લગાડવી નથી.' □

અનુ.| કલાસ્મૃતિ |પૃ.૪૩૯થી


ચિત્રકૂટ આર્ટ ગૅલરી કલકત્તા, લલિતકલા અકાદમી ન્યૂ દિલ્હી, મ્યૂઝીઅમ ઑવ્ મૉડર્ન આર્ટ્સ ન્યૂ દિલ્હી, શ્રી પોત્દાર બૅંગલોર અને વિક્ટોરીઆ અને આલ્બર્ટ મ્યૂઝીઅમ લંડનમાં સચવાએલાં અને સંગ્રહાએલાં છે.

૧૯૯૭માં 'હાર્ટ' નામની ભારતીય ચિત્રકલાનું પ્રદર્શન અને હરાજીથી વેચાણ કરતી સંસ્થાના મુંબઈના પ્રદર્શન-વેચાણમાં શ્રી યામિની રાયનાં ચિત્રોની કિંમત નીચે મુજબ ઊપજી હતી. ગોપીની રૂ. ત્રણ લાખ એંસી હજાર, બાઉલ ભજનિક ત્રણ લાખ અને સંથાલ ઢોલીના બે લાખ. બંગાળની આર્ટ કૉલેજ, મુંબઈની કલાસંસ્થાઓ અને ગુજરાતના કલાકારો ઉપર પણ શ્રી યામિની રાયના શૃંગારિક ચિત્રોની સારી એવી અસર ઘણાં વર્ષો સુધી રહી છે.

ભારતના આવા પનોતા પુત્ર ચિત્રકાર શ્રી યામિની રાયનું ૧૯૭૨માં કલકત્તામાં અવસાન થયું. વિવિધતાસભર ભારતીય ચિત્રકલાના સર્જનહારને કલારસિક જગતના પ્રણામ. - ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

બૅંગલોર (દેશાટન-૧૮)

કર્ણાટક રાજ્યની રાજધાની બૅંગલોર ભારતનાં મોટાં શહેરોમાં પાંચમા ક્રમે



આવે છે અને તેનો વ્યાવસાયિક અને ઔદ્યોગિક વિકાસ જે તીવ્ર ગતિથી થયો છે તેનો અનોખો ઇતિહાસ છે. વિજયનગરના શાસકોએ ઈ.૧૫૩૭માં બૅંગલોરની સ્થાપના કરેલી અને મૈસૂર રાજ્યની રાજધાનીનું શહેર રહ્યું હતું તથા દક્ષિણ ભારતના રાજવંશી શાસકો જેવા કે કદંબ વંશ, હોયસળ વંશ, ચાલુક્ય વંશ વગેરેનું તે સાક્ષી છે. આજે બૅંગલોર શહેરની તેની સુવ્યવસ્થા, દૂરદર્શીનગર-યોજના, ઔદ્યોગિક પ્રગતિથી ભારતનાં રમ્ય સુંદર નગરોમાં ગણના થાય છે. આ નગર 'ઉદ્યાનનગર'ના નામથી પ્રસિદ્ધ છે. કારણ કે અહીંયાં અનેક પ્રકારનાં વૃક્ષો, જાતજાતનાં રંગબેરંગી મનમોહક ફૂલોના ઉદ્યાન આવેલા છે. કર્ણાટક રાજ્ય પ્રાચીન અને મધ્યકાલીન વાસ્તુકલાયુક્ત સમૃદ્ધ વારસો છે, પર્યટન માટે મહત્ત્વનું રાજ્ય છે અને બૅંગલોરથી બધાં મુખ્ય પર્યટન સ્થળોએ એક દિવસમાં પહોંચી શકાય છે. ત્યાંનાં રેશમ, કૉફી, આભૂષણો, હસ્તકલા, શિલ્પ વગેરે ખરીદવા માટે પર્યટકો આકર્ષાય છે. દેશનાં બધાં મોટાં શહેરોથી વિમાનમાર્ગે તથા રેલવેમાર્ગે બૅંગલોર સહેલાઈથી પહોંચી શકાય છે. ('યોગક્ષેમ'ને આધારે)



આર્દ્ર કણી

આ મોરે માંડી આંખલડી,
આ ચાતક વીંઝે પાંખલડી;...
આ નીર વિનાની વાવલડી,
આ ઘાસ વિનાની ગાવલડી;
તમે વાર કરો કાં આવલડી?
આવો આવો મેહુલિયા મહારાણા!

- બાલમુકુન્દ દવે

મજરૂહ સુલતાનપુરીની વિદાય

૫૪ વર્ષની કારકિર્દી દરમિયાન અંદાજે ૨૫૦૦થી વધારે ફિલ્મી ગીતો દ્વારા ૪૦૦થી વધારે ફિલ્મોને સાંગિતિક લયાત્મકતાથી શોભિત કરનાર અને ભારતીય ફિલ્મોદ્યોગનો દાદાસાહેબ ફાળકે એવૉર્ડ વિજેતા મજરૂહ સુલતાનપુરીએ ૨૫મી મેની રાત્રિએ ૭૮ વર્ષની વયે આ સંસારનો ત્યાગ કર્યો છે. તેઓ ફેફસાંના દર્દથી પિડાતા હતા.


કવિ તો શબ્દ અને ચેતનાને જીવતો હોય છે. આથી દેહાઅવસાન ભલે થાય પણ સર્જકનું અવસાન તો ક્યારેય થતું નથી, કારણ કે કવિ શબ્દસંજીવની દ્વારા સતત એના અર્થો અને લયો દ્વારા જીવંત જ બની રહે છે. એમની જ પંક્તિઓ સ્મરીએ :

'રહે ના રહે હમ, મેહકા કરેંગે.....'

'શાહજહાં'નાં ગીતો દ્વારા ફિલ્મસૃષ્ટિમાં પદાર્પણ કરનાર મજરૂહ સુલતાનપુરીએ જીવનની અંતિમ પળો સુધી ફિલ્મ 'ક્યા કહના' અને 'હમ તો મહોબત કરેગા' (જે હજુ રિલીઝ થવાની બાકી છે)નાં ગીતો દ્વારા તથા સતત તરોતાજા બનીને ચમકતા જ રહ્યા અને ફિલ્મોને ચમકાવતા રહ્યા.

'શાહજહાં' ફિલ્મની આ ગઝલ - 'ગમ દિયે મુસ્તકિલ કિતના નાજુક હૈ દિલ, ય ના જાના હાયે હાયે યે જાલિમ જમાના' કે જેને કે.એલ. સાયગલે ગાઈ કવિ અને ગાયક બંનેને અમરપટો અપાવતી ગઈ છે. ૧૯૪૫માં લખાયેલી આ રચના આજે પંચાવન વર્ષ પછી પણ લોકપ્રિયતા ધરાવે છે. 'શાહજહાં'નું અન્ય ગીત - 'જબ દિલ હી ટૂટ ગયા હમ જી કે ક્યા કરેંગે' જે મજરૂહ અને સાયગલનું આજે પણ ભારે હૈયે સ્મરણ કરાવી આપે છે કે શાયર અને ગાયક કઈ સીમા સુધી દર્દને ઘૂંટી શકે છે!

મજરૂહ સુલતાનપુરીનાં 'શાહજહાં', 'મેલા' અને 'અંદાઝ' જેવી ફિલ્મોનાં ગીતો આજ સુધી હિન્દી ફિલ્મોમાં **અત્યન્ત** ઊંચાઈને વરેલાં છે.



'શાહજહાં' પછી ૧૯૪૬માં કારદાર પ્રોડક્શનની **'કિસ્મત'** ફિલ્મમાં મજરૂહ 'મન ડોલ રહા હૈ' (ગાયક - અમીરબાઈ કર્ણાટકી), 'કાંટો સે છેડતે હે મેરે જિગર કે છાલે' **(અમીરબાઈ)**, 'ફૂંક દો ભગવાન આકે, અપના જહાં ફૂંક દો' **(અમીરબાઈ)**, 'રહા હૈ દૂર હર આસરા (અ.)', 'હાં, જરા મુખડે પે ઘૂંઘટ હટા લે (જોહરાબાઈ અંબાલાવાલી)', 'સાગર મેં ઊઠી દો મૌજે, મૌજો પે ચલી એક નૈયા' (અમીરબાઈ અને અમર), ૧૯૪૭માં કારદારની 'નાયક'

ફિલ્મનું ગીત 'ભૂલ જા અબ દિલવો બાતે' (અમર), ૧૯૪૭-૪૮માં મહેબૂબખાન નિર્દેશિત 'અંદાજ'નાં ગીતો 'હમ આજ કહીં દિલ ખો બૈઠે' (મૂકેશ), 'ડર ના મહોબ્બત કર લે' (લતા-શમશાદ), 'કહે જીવનભર' (મૂકેશ), 'ઝૂમ ઝૂમ કે નાચો આજ' (મૂકેશ), 'ઉઠાયે જા ગમ કે સિતમ' (લતા), ૧૯૬૮માં વિનસ પિક્ચર્સની 'સાથી' ફિલ્મનાં ગીતો, કમાલ અમરોહીની ફિલ્મ (૧૯૭૧) 'પાકિઝા'નું ગીત - 'નજર કા વાર થા નજરિયા' (રાજકુમારી), ૧૯૪૭માં 'તાંગેવાલી' ફિલ્મનાં ગીતોમાં 'જવાની બાર બાર નહીં આયે' (લતા) વગેરે સંગીતકાર નૌશાદે સંગીતબદ્ધ કરેલાં, જે આ શાયરના ઉમદા ગીતોનાં સાથીદારનાં ઉદાહરણમાત્ર છે.

૨૪ વર્ષની વયે મજરૂહ મુંબઈ આવેલા ત્યારે તેઓ એકલા જ હતા અને જે પ્રકારે તેઓ આગળ વધતા ગયા એ વિષે તેઓ કહે છે - 'મૈં અકેલા હી ચલા થા જાનિબે મંઝિલ, મગર લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા.'

અર્થાત્ 'શાહજહાં'થી ફિલ્મસૃષ્ટિમાં કદમ માંડનાર આ છોટા શાયરે ધીમે ધીમે ગીત, ગઝલ, ભજન, કવ્વાલી, કૉમેડિ અને બાળગીતની રચનામાં અનેરું સ્થાન મેળવ્યું અને ફિલ્મી શાયરોનો શાહજહાં થઈને ઊંચાઈને પામ્યો અને વિદાય થયો. તેમના રોમાંસનાં ગીતોમાં યુવા પેઢી ઝૂમવા લાગી હતી, તેમાંનાં કેટલાંક ગીતો - 'હાલ કૈસા હૈ જનાબ કા', 'એક લડકી ભોલી ભાલી સી' (ચલતી કા નામ ગાડી), 'છોડ દો આંચલ જમાના ક્યા કહેગા' (નૌ દો ગ્યારહ), 'કાલી ઘટા છાયે મોરા જીયા ઘબરાયે' (સુજાતા), 'બાબુજી ધીરે ચલના પ્યાર મેં જરા સંભલના' જેવાં અનેક ગીતોએ શ્રોતાઓને-દર્શકોને રડાવી જાણ્યા છે.

આ સદ્ગત શાયરે ૧૯૪૫થી આજ સુધીના લગભગ બધા જ સંગીતકારો અને તેમના પુત્ર-સંગીતકારો સાથે કામ કરીને પોતાનાં ગીતોને રણકાવ્યાં છે. ૧૯૫૨માં દિલીપકુમાર અને મીનાકુમારીની જોડી લઈને 'ફૂટપાથ' ફિલ્મ બનાવવામાં આવેલી તેમાં મજરૂહનું આ ગીત, 'શામ-એ-ગમ કી કસમ' તો આજ સુધી કર્ણપ્રિય રહ્યું છે, જેને ખૈયામ જેવા શાસ્ત્રીય સંગીતના બંધાણીએ સંગીતબદ્ધ કરેલું. આ ઉપરાંત સંગીતકાર ખૈયામની તરજો પર મજરૂહનાં ગીતોએ કેટલીક ફિલ્મોમાં પ્રાણ પૂરી આપેલાં તે છે ફિલ્મ 'વલી સાહબની બીવી', 'મુહબ્બત ઈસકો કહતે હૈ' વગેરે નોંધપાત્ર છે.

સર્વશ્રી નૌશાદ, ખૈયામ, ચિત્રગુપ્ત, રાહુલદેવ બર્મન, રાજેશ રોશન, ઓ.પી. નૈય્યર, લક્ષ્મીકાન્ત પ્યારેલાલથી લઈને છેક આજના એ.આર. રહેમાન સુધીના ટોચના સંગીતકારો સાથે આ શાયરે કામ કર્યું અને ગીતોને મહેકાવ્યાં. અન્ય યથાર્થ એ પણ યાદ રહેશે જ કે કવિની માર્ક્સવાદી પ્રકૃતિને કારણ તેમની આ પંક્તિઓએ તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. એ રચનાઓ છે :

'માર સાથી
જાને ના પાયે...
જાને ના પાયે...
કૉમન વેલ્થ કા દાસ હૈ નેહરુ
ઔર તબાહી લાને ન પાયે'

હવે એ વખતે કૉંગ્રેસની સરકાર હતી. કવિ હતા પ્રગતિશીલ વિચારધારાના. એ વખતે કવિની કાવ્યપંક્તિઓથી એવો પ્રચાર કરવામાં આવ્યો કે કવિ 'અમન કા ઝંડા' ગીત દ્વારા જવાહરલાલજીને મારવાનો સંકેત આપે છે. કવિને જેલભેગા કરવામાં આવ્યા. એ વખતે મહારાષ્ટ્રના ગૃહપ્રધાન મોરારજી દેસાઈએ એમને બોલાવીને કહ્યું કે, 'માફી માગો તો છોડી મૂકીશું.' કવિનો તેમને જવાબ હતો કે, 'પોતાની વિચારધારા પરત્વે માફી કેવી? હું માફી નથી જ માગવાનો' પરિણામ એ આવ્યું કે દોઢ વરસ સુધી મુંબઈની આર્થર જેલમાં કવિને પૂરી રાખવામાં આવ્યા. આમ, એ વેળાએ તેઓ પોતાના આત્માના અવાજની વિરુદ્ધ પળ વાર માટે પણ સમાધાન કરવા તૈયાર નહોતા.

આવા કવિએ આપણી વચ્ચેથી દૈહિક વિદાય લીધી છે છતાં જે કાવ્યમાધુર્ય તેઓ કાવ્યરસિકોને પીરસતા ગયા છે તે તો કેમ વિસારી શકાય એમ નથી. સુપ્રસિદ્ધ સંગીતકાર ખૈયામે સદ્ગતને શ્રદ્ધાંજલિ આપી છે કે - 'એક અદબવાલા શાયર રુખસત હો ગયા, ઉસ નેક શખ્સિયત કી કમી મેં મહસૂસ કરતા રહૂંગા, ખુદા ઉનકો જન્નત બખ્શે.'

- ડૉ. રજનીકાન્ત જોશી

આપણું પર્યાવરણ કેવી રીતે સુધરે?

એકવીસમી સદીનો માણસ આજે બહુ મોટી દ્વિધામાં ફસાયો છે. એક બાજુ વિજ્ઞાન અને ટેકનોલૉજિ છે, જેના વિકાસે માણસને અજેય પ્રકૃતિ સામે ખડો કરી દીધો છે તો બીજી બાજુ એ જ વિકાસે જળ, સ્થળ અને આકાશને એટલાં ઝેરી બનાવી દીધાં છે કે માણસના અસ્તિત્વ સામે જોખમ ઊભું થયું છે.

જળ, જમીન અને વાયુ તેમજ પ્રકૃતિએ આપેલાં બીજાં અનેક સાધનો જીવસૃષ્ટિ, વનસ્પતિ અને સૂક્ષ્મ જીવોનો સક્રિય સમન્વય એટલે પર્યાવરણ. માણસની બધી જ પ્રવૃત્તિઓ આ પર્યાવરણ પર અસર કરતી રહી. પ્રકૃતિની અંદર જળ, વાયુ, જીવંત પ્રાણીઓ અને વૃક્ષોની વચ્ચે એક સ્વાભાવિક સંતુલન હોય છે, અને એ સંતુલન જાળવવું જરૂરી છે.

છેલ્લા દાયકામાં એવી ઘટનાઓ ઘટી કે પર્યાવરણને હદબહાર હાનિ પહોંચી. લંડનમાં ૧૯૫૨માં ધુમ્મસ અને ગંધને કારણે ચાર હજાર લોકોનું મૃત્યુ થયું. ૧૯૫૩માં જપાન મિનીમાટા ખાડીની નજીકના વિસ્તારમાં લોકો કોઈક અવનવી બીમારીથી મર્યા. શોધતાં શોધતાં ખ્યાલ આવ્યો કે ખાડીની પાસે રસાયણ બનાવવાનું એક કારખાનું હતું. એણે ફેંકેલા કચરામાં પારાનું પ્રમાણ ખૂબ વધારે હતું. માછલીઓના પેટમાં એ પારો ગયો. એ માછલીઓ ખાનાર માણસ બીમારીનો ભોગ બન્યો. આ સિવાય પણ અમેરિકામાં

થયેલો તેજાબનો વરસાદ અને બ્રાઝીલમાં શુઆતાઓ ઘાટીના વાયુ પ્રદૂષણને કારણે ઓઝોનના કવચમાં પડેલું છિદ્ર - આ બધી ઘટનાઓ પર્યાવરણ સાથે કરેલી છેડછાડનું પરિણામ છે.

પર્યાવરણના પ્રદૂષણનો ઇતિહાસ કંઈ નવો નથી. અગ્નિની શોધ થઈ એટલો જ જૂનો એનો ઇતિહાસ છે. અગ્નિની અદ્‌ભુત શોધે માણસના દૈનિક જીવનને ઉન્નત અને પ્રગતિશીલ બનાવ્યું ત્યારથી જ જાણ્યે-અજાણ્યે એની મારફત પર્યાવરણના પ્રદૂષણની પણ શરૂઆત થઈ. પાષાણયુગથી તામ્રયુગ, લોહયુગ અને પરમાણુયુગથી માંડીને હવે આપણે અંતરિક્ષયુગમાં પ્રવેશ કર્યો છે ત્યારે રોજ નવી નવી આવશ્યકતાઓ, રોજ નવી નવી શોધો, નવા નવા પ્રયોગો અને નવા નવા ઉદ્યોગો. પર્યાવરણ પર દબાણ વધાર્યે જાય છે. શરૂઆતમાં જે પ્રદૂષણ થયું તેને તો પ્રકૃતિએ યેનકેન પ્રકારેણ આત્મસાત્ કર્યું. પરંતુ એ પ્રદૂષણ પણ પ્રકૃતિની સ્વશુદ્ધીકરણની પ્રક્રિયાથી પર થઈ ગયું. અને જીવન પર એની સીધી અસર દેખાવા માંડી. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં ઇંગ્લંડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ. તેથી લોકોના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું. પરંતુ એ પરિવર્તન પર્યાવરણના પ્રદૂષણનું કારણ પણ બની ગયું. અમેરિકા અને યુરોપમાં વિકાસની ગતિ તીવ્ર બની. આજે વિશ્વના બધા દેશોમાં ઉદ્યોગધંધામાં ઘણી ઝડપથી પ્રગતિ થવા માંડી છે. વસ્તીવધારાએ ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપ્યું અને એથી પ્રાકૃતિક સંસાધનોનું દોહન તીવ્રતર બન્યું. જંગલો ઝડપથી કપાવા માંડ્યાં, ખેત ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓનો વપરાશ વધતો ગયો. એમાંથી હરિયાળી ક્રાંતિનો જન્મ થયો. લોકોને બે વખતની રોટી તો મળવા માંડી પણ એની સાથે ઝેરી રસાયણોનો જમીન, જળ, જીવજંતુઓ, વૃક્ષો, તેમજ માણસના શરીરમાં પ્રવેશ થવા માંડ્યો. એનાં ખરાબ પરિણામો અનેક બીમારીઓના રૂપમાં પ્રકટ થવા માંડ્યાં. વધુ ને વધુ ઊર્જા મેળવવા માટે ધરતીના ગર્ભમાંથી કોલસો તેમજ પેટ્રોલિયમ પદાર્થો ખેંચી કાઢ્યા અને એનો પૂરજોશથી ઉપયોગ થતો ગયો. એમાંથી નીકળેલા ગૅસને કારણે આખું વાતાવરણ દૂષિત થવા માંડ્યું.

પર્યાવરણની રક્ષા માટે અને વિકાસ માટે વસતિ પર નિયંત્રણ લાવવું ખૂબ જરૂરી છે. જેમ જેમ વસતિ વધતી જાય છે, સંસાધનો પર દબાણ વધતું જાય છે, તેમ તેમ સંસાધનોનો હ્રાસ થતો જાય છે. એની યોગ્ય વ્યવસ્થાના અભાવે એનામાં રહેલી ક્ષમતાનો ઉપયોગ થતો નથી ત્યારે પ્રદૂષણ વધવા માંડે છે. વસતિ વધવાથી પાણી, ખોરાક, વસ્ત્ર, આવાસ વગેરે વધારે જોઈએ છે. સંસાધનોનો દુરુપયોગ થાય છે.

પર્યાવરણના પ્રદૂષણને રોકવું હોય તો સૌપ્રથમ વસતિ પર નિયંત્રણ લાવવું પડશે. એને માટે સરકારે, બિનસરકારી તંત્રોએ, રાજકીય લોકોએ, શિક્ષણક્ષેત્રે, સમાજવિદોએ અને આ બધા જાગરૂક નાગરિકોએ સક્રિય પ્રયત્ન કરવા પડશે.

પેટ્રોલિયમ અને કોલસા જેવી ઊર્જાના સ્રોત સીમિત છે. તેથી સૂર્ય ઊર્જા, સમુદ્રમાંથી આવતા ભરતી અને ઓટમાંથી પ્રાપ્ત થતી ઊર્જા, પર્યાવરણની દૃષ્ટિએ આદર્શ છે. આ સિવાય કચરો, છાણ અને મળમાંથી પણ સહેલાઈથી ઊર્જા મેળવી શકાય છે. ગામડાંઓમાં ગોબર ગૅસનો ઉપયોગ વધારવો જોઈએ. છાણનાં છાણાં બનાવવાથી તે પ્રદૂષણમાં વૃદ્ધિ કરે છે. અને આપણને જૈવિક ખાતર મળતું નથી. તેથી ગામડે ગામડે ગોબર ગૅસનો ઉપયોગ વધારવો જોઈએ. આથી ગામડાંના લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ પણ થાય અને બળતણ તરીકે ગૅસ પણ મળે. ચૂલો તો ગૅસથી ચાલે જ, દીવા પણ થાય અને જૈવિક ખાતર પણ મળે. આજે ગામડામાં લાકડાં બળતણ તરીકે વપરાય છે. ગોબર ગૅસનો ઉપયોગ કરવાથી લાકડાં બચાવી શકાય છે અને જંગલોનો નાશ થતો અટકે છે. આમ, પર્યાવરણમાં સંતુલન પ્રાપ્ત કરી શકાય છે.

સામાજિક વનસંરક્ષણ યોજના અન્વયે નવાં નવાં વૃક્ષો રોપીને પર્યાવરણનો વિકાસ કરવો પડશે. ઝેરી રસાયણ ઉદ્યોગોમાંથી નીકળતા કચરાનું શુદ્ધીકરણ કરવા માટેની ટેક્નોલૉજિનો વિકાસ કરવો પડશે.

કાયદો બનાવવા કરતાં લોકોની ચેતના જગાડીને પ્રદૂષણને નાથવું પડશે. પર્યાવરણ-સંરક્ષણ સમયની માગ છે. એને માટે યોગ્ય દિશા ખોળવામાં આવે અને યોગ્ય રીતે શરૂઆત થાય એ જરૂરી છે. આપણે પાછા પાષાણયુગમાં નહીં જઈ શકીએ. તેથી એવા વિકલ્પો શોધીએ કે તે વિકાસ કરનારા તો હોય, પણ પ્રદૂષણ ફેલાવનારાં ન હોય. કુશળ આયોજન અને સંસાધનોના અંધાધૂંધ દુરુપયોગને રોકીને વિકાસ પણ થતો રહે એ રીતે પ્રદૂષણને અંકુશમાં લાવવું પડશે. (સપ્રેસ) - ડૉ.પ્રમોદ પાઠક

ગાંધી પાસેથી પ્રેરણા મેળવતા અમેરિકન પિતા

પોતાના કૉલેજના ખર્ચને પહોંચી વળવા માટે ૨૦ વર્ષનો તારિક પીઝા પહોંચાડવાનું પાર્ટ ટાઇમ કામ કરતો હતો. એક દિવસ યુવાનોના એક ગ્રૂપને પીઝા આપતો હતો. ત્યાં ૧૪ વર્ષના ટોની હીકે તારિક પાસે પીઝા માગ્યો. તારિકે ના પાડી અને ૧૮ વર્ષના એક છોકરાએ ટોની હીકના હાથમાં પિસ્તોલ આપી અને એક પ્રાણઘાતક ગોળી છૂટી.

તારિકના પિતા આઝમ ખમીસા ભાંગી પડ્યાં પણ પછી દીકરાની સ્મૃતિમાં સદ્‌કાર્ય કરવાની પ્રેરણા થઈ. ગાંધીના જીવનમાંથી પ્રેરણા લઈને તેમણે પોતાનું કાર્ય શરૂ કર્યું. તેમની સાથે દીકરાની હત્યા કરનાર કિશોરના દાદા પણ ફરે છે. દાદાને તો સ્વપ્નેય ખ્યાલ નહોતો કે એમનો પૌત્ર કોઈ ગૅંગમાં જોડાયેલો છે. આઝિમ ખમીસા અને દાદા સ્કૂલોમાં જાય છે અને ક્ષમા, દયા, કરુણા અને એકતાની વાતો કરે છે. તેમનો ઉદ્દેશ અહિંસાનું મહત્ત્વ સમજાવવાનો અને હિંસા કેમ અટકે તે છે. તેઓ ગાંધીને અહિંસાના અગ્રદૂત માને છે. ('સર્વોદય પ્રેસ સર્વિસ'માંથી)

ગ્રાહકોને વિનંતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર મૂળાક્ષર સાથેનો અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઑર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

કમ્પ્યૂટર પેન

સંશોધકોએ એક એવી કમ્પ્યૂટર પેનની શક્યતા શોધી છે કે જેમાં તેનાથી લખાય તે બધું તેની સ્મૃતિમાં અંકિત થઈ



જાય. બ્રિટિશ ટેલિકૉમ દ્વારા આવી 'સ્માર્ટક્વિલ' પેનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આમાં વિશેષતા એ છે કે કમ્પ્યૂટરના જેવું એમાં કિ-બૉર્ડ નથી. પ્રિન્ટર, મોબાઇલ ટેલિફોન, મોડેમ કે પર્સનલ કમ્પ્યૂટર સાથે તેને જોડી શકાય છે. એને માટે ઇલેક્ટ્રિક શાહીદાનીની જરૂર પડે છે. જે કંઈ ટાંકથી લખાય તે તેના પરની હાર્ડ ડિસ્કમાં ઊતરી જાય છે. આ ડાયરી, કેલ્ક્યુલેટર, કેલૅન્ડર, એલાર્મ આદિ તરીકે પણ ખપમાં લાગે તેમ છે. એમાં ઇ-મેલ અને પેજર સંદેશાઓ પણ ઝિલાય છે. ક્ષિતિજરેખ કે આકાશરેખ કાગળ અથવા કોઈ પણ સપાટી પર લખાયેલ લખાણ તે ઝીલી લે છે. એની ટોચ પર જે નાજુક પ્રકાશની વ્યવસ્થા છે તે અંધારામાં પણ અક્ષરોને સ્મૃતિપટલ પર ઝીલી લેવાનું કામ આસાન બનાવે છે. એમાં એક્સેલેરોમીટરની પ્રયુક્તિ હોવાથી હવામાંના અદૃષ્ટ અક્ષરોને પણ તે ઝીલી શકે છે. એના હાથામાં લઘુ કદના કમ્પ્યૂટરની રચના કરવામાં આવી છે. ('સ્પૅક્ટ્રમ'માંથી)

અનુ.] **ફિજીમાં બળવો** [પૃ.૪૧૩થી

હઠાવીને ભારતીયો કદી સત્તા પર આવી જ ન શકે એવી જોગવાઈ કરવા માગે છે. ચૌધરી અને તેમના સાથીઓને બચાવવા ત્યાંનું લશ્કર આગળ વધે તો બળવાખોરો બાનમાં રાખેલાને મારી નાખે એવો ભય છે.

આ બનાવના આંતરરાષ્ટ્રિય પડઘા પડવાનો સંભવ છે. ઑસ્ટ્રેલિયાએ ધમકી આપી છે કે આ બનાવથી ફિજી સાથેના તેના સંબંધો પર અસર પડશે. લોકશાહી સ્થાપવામાં ન આવે તો રાષ્ટ્રસમૂહમાંથી તેને દૂર કરવાની તે ભલામણ કરશે. અને તાજેતરમાં ફિજીને રાષ્ટ્રસમૂહમાંથી દૂર કરવાની જાહેરાત થઈ ગઈ છે. ન્યૂઝીલૅન્ડ પણ એવું જ વલણ ધરાવે છે. અમેરિકાએ તેના પર પ્રતિબંધો લાદવાની ધમકી આપી છે. ભારતે ફિજીમાં લોકશાહી સ્થાપવામાં સહાય કરવા માટે પોતાનો રાજદૂત મોકલ્યો છે. ઑસ્ટ્રેલિયાની સરકારે જણાવ્યું છે કે ફિજીને સજા કરવા જતાં સૌપ્રથમ તો ઇન્ડો-ફિજિયન લોકોના વેપારને અસર થશે અને બાનમાં રાખેલાની સલામતી માટે ખતરો પેદા થશે. વળી, ફિજી સાથેના વેપારથી ઑસ્ટ્રેલિયાને નોંધપાત્ર ફાયદો થાય છે, તે બાબતને ત્યાંની સરકાર અવગણી શકે નહિ. પરન્તુ આદિવાસી ફિજિયનોને, અને ખાસ કરીને બળવાખોરોને, તેમના ક્ષુલ્લક લાભ સિવાય દેશની કોઈ ફિકર હોય એવું લાગતું નથી. વાસ્તવમાં આ બળવાથી ફિજીનાં કાપડ, ખાંડ અને પ્રવાસનઉદ્યોગને ઘણી ખરાબ અસર થવાની છે.

ભારતે રાષ્ટ્રસમૂહના દેશો પર દબાણ લાવીને તથા યૂનાઇટેડ નૅશન્સમાં ફિજીનો પ્રશ્ન ઉઠાવીને ત્યાં લોકશાહી સરકાર પુનર્સ્થાપિત થાય તેમ કરવું જોઈએ. આ બળવાને કારણે ભારતીયો નજીકના દેશોમાં નાસી જશે. તેનાથી ફિજીના વેપાર-ઉદ્યોગને અવશ્ય નુકસાન થશે. ૧૯૭૨માં યુગાન્ડામાંથી ઇદિ અમિને એશિયાવાસીઓ અને મુખ્યત્વે ભારતીયોની હકાલપટ્ટી કરી. તે પછી ત્યાંના ઉદ્યોગધંધા નાશ પામ્યા. હવે છેલ્લા દાયકાથી ત્યાંની સરકાર ભારતીયોને પાછા ફરવા વિનંતીઓ કરે છે. ભારતીયો જે દેશમાં જઈને કાયમ માટે વસ્યાં ત્યાં તેમણે પોતાની સંસ્કૃતિ, સભ્યતા, અસ્મિતા જાળવી રાખ્યાં છે તથા તે દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. ભારતીયોને દૂર કરવાથી તે દેશને ઘણું ખોવાનું છે. માટે પરિણામનો વિચાર કરી લેવો જોઈએ. તા.૩૦-૬-૨૦૦૦ □

અનુ.] **શિકારનાં પત્તાં** [પૃ.૪૨૩થી

આર્ટ લંડનના સૌથ્બીના ૧૯૮૩ની સાલના લીલામમાં આ જોડના સ્ટર્લિંગ પાઉન્ડ નેવું હજાર (£ ૯૦,૦૦૦-૦૦) ચૂકવ્યા ત્યારે એક સનસનાટી ફેલાઈ ગઈ હતી.

એમ જાણવા મળ્યું છે કે પાછળથી આ સંપૂર્ણ પત્તાંની જોડનું ભંગાણ કરાયું અને અમેરિકાનાં જુદાં જુદાં મ્યૂઝીઅમોનાં સંગ્રહાલયમાં થોડાં થોડાં પત્તાં અપાયાં. એ યશ ખરેખર તો વીએનાના ફર્ડિનન્ડ પીએટ્નિક (M/s. Ferdinand Piatnik & Son, Playing Cards Manufacturers, Vienna), પત્તાં બનાવનાર કંપનીના ક્યૂરેટર સ્વ. અર્સ્ટ રાગને ફાળે જાય છે કે જેમણે આ બધેથી પૂરાં બાવને બાવન પત્તાં ફરીથી એકઠાં કરી ઈ.સ. ૧૯૯૩ની સાલમાં અત્યંત મહત્ત્વની અદ્ભુત એવી આ જોડનું પુનર્મુદ્રણ કર્યું. દ્વિભાષા (અંગ્રેજી અને જર્મન)માં છપાએલી રંગીન ચિત્રોના મુખપૃષ્ઠવાળી પુસ્તિકા અને ઉપરોક્ત બાવન પત્તાં આ બંને લાલ રંગના એક આકર્ષક જાડા બૉક્ષમાં ઉપલબ્ધ છે. આ પત્તાં ચાર ચાર કાગળની થપ્પીઓ ભેગી કરી ચીટકાડીને બનેલા જાડા કાર્ડ પર ચીતરાએલાં છે. પંદરમી સદીનાં બધાં જ જાણીતાં, હાથે ચીતરેલાં પત્તાંની પાછળની બાજુ પણ ચીતરેલી જોવા મળી છે, પરંતુ શિકારનાં ચિહ્નોવાળાં આ પત્તાંની બીજી બાજુ કોરી - વગર ચીતરાએલી - છે. આ પત્તાંથી કઈ રમત રમાતી હશે તે પત્તાં ખેલનારાઓને જાણવાની ઉત્કંઠા થઈ શકે, પરંતુ આનો જવાબ નથી. જો બીજી કોઈ રમતના નિયમો ન જાણતા હો તો કદાચિત્ આ બાવન પત્તાંથી બ્રીજ (Bridge) રમત રમવા પ્રયત્ન કરી શકાય. મર્યાદિત આવૃત્તિમાં પુનર્મુદ્રણ કરેલાં આ પત્તાંની કિંમત ૧૯૯૬માં અંદાજે પાઉન્ડ ૭૫ની હતી. □

બિન્દુનું ગાવું છે ગાન, સિન્ધુનીયે લેવી તાન,
દોસ્તી સૌ સંગાથે કરવી; નાનાં વા એ હોય મહાન.

પ્રહ્‌લાદ પારેખ

મહારાણી અહલ્યાબાઈ પાસે એક વાર એક કવિજન મહારાણીની પ્રશસ્તિ કરતું કાવ્ય લઈને ઉપસ્થિત થયા. કાવ્યરચના સરસ હતી એટલે મહારાણીએ ખુશ થઈ રાજ્યના ખજાનામાંથી ૨૦૦૦ સોનામહોર કવિને આપવાનું સૂચન કર્યું, પણ કવિ સમક્ષ શરત મૂકી કે તેમણે આ કાવ્યને તરત જ નર્મદામાં પધરાવી દેવું કારણ કે પોતે એમાંની ઉચ્ચ પ્રશસ્તિને લાયક નથી!

*

૧૯૭૦ના એપ્રિલની ૨૨મી તારીખે સૌપ્રથમ વાર 'પૃથ્વી દિન' ઊજવવાનો આરંભ થયેલો, જેમાં પ્રાકૃતિક વારસો અને પર્યાવરણની જાળવણીનો ઉમદા હેતુ છે.

*

તાજેતરમાં જર્મનીના બર્લિન શહેરની હમ્બોલ્ટ યુનિવર્સિટીના ડૉક્ટરોને ૧૪ વર્ષની વયની એક કન્યાને કૃત્રિમ કાન બેસાડવામાં રોબૉટે સહાય કરી હતી. ચહેરાની શસ્ત્રક્રિયાના તબીબીક્ષેત્રમાં રોબૉટની સહાયનો આ પ્રથમ બનાવ છે એમ તે ડૉક્ટરોનું કહેવું છે.

*

અર્ધા લીંબુ ઉપર બે ચપટી સિંધવ ભભરાવી ચૂસવાથી ખોરાક માટેની અરુચિ દૂર થાય છે અને ભૂખ તીવ્ર બને છે.



છત્રી આકારમાં 'છત્રી' શબ્દ (મહેબૂબ એ. સૈયદ)

لَبَّيْكَ اللّٰهُمَّ لَبَّيْكَ

આ રહ્યો હું તારી સમક્ષ હાજર, મારા ખુદા,
દરમિયાનગીરી માટે તારી સાથે બંદગીઓ નથી,
તારીફ અને મહેરબાની તો તારી એકની જ,
કબજેદાર અને દાતા,
તારે કોઈ ભાગીદાર નથી.

ગણિતગમ્મત

૪૩ તેના આંકનો સરવાળો ૪+૩=૭ થશે.
- ૯ તેમાંથી ૯ બાદ કરતાં ૩૪ (૩+૪=૭) થશે.
૩૪
- ૯ તેમાંથી ૯ બાદ કરતાં ૨૫ (૨+૫=૭ થશે.
૨૫
-૯ તેમાંથી ૯ બાદ કરતાં ૧૬ (૧+૬=૭) થશે.
૧૬
-૯ તેમાંથી ૯ બાદ કરતાં પણ અંતે ૭
૭ આવશે. - સંજય ભટ્ટ

*

WHO (વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન)ના એક રિપોર્ટ પ્રમાણે ૧૯૯૩માં ૬ મિલ્યન કેન્સરનાં દર્દીઓ મૃત્યુ પામ્યાં તેમાં ૩.૫ મિલ્યન પછાત દેશોનાં હતાં. ૧૯૯૪માં તે સંખ્યા વધીને ૨૦ મિલ્યન થઈ હતી. ૨૫ વર્ષમાં પછાત દેશોમાં કેન્સરનાં દર્દીઓનું પ્રમાણ બેવડું થઈ જશે! આપણે ચેતીશું?

*

કાનના રૂઢિપ્રયોગો

- કાન કાપવા - અન્ય કરતાં ચડિયાતા થવું, જીતવું, છેતરવું.
- કાનનું કાચું - બીજાનું સાંભળી ભરમાઈ જાય તેવું.
- કાન પકડવો - ભૂલ કબૂલ કરવી.
- કાન ફૂંકવા, ભંભેરવા - ચાડીચૂગલી કરી ઉશ્કેરવું.
- કાનેથી કાઢી નાખવું - સાંભળ્યું ન સાંભળ્યું કરવું.
- કાને નાખવું - ખબર આપવી, જણાવવું.



આટલાં વરસોથી આપણને એમ જ હતું કે તેઓશ્રીએ આપણા દેશનું નાક રાખ્યું છે! પણ આજે ખબર પડી કે એ તો ગિરવે રાખ્યું હતું!

નવી નોકરી માટે ઇન્ટર્વ્યૂ આપવા ગયાં ત્યારે તે ખાસ્સો ત્રણ કલાક મોડો પડ્યો. સાહેબે પૂછ્યું, 'કેમ આટલા બધા મોડા આવ્યા?'

'સરનામું શોધતાં જરા તકલીફ પડી.' મેં રસ્તામાં બે-ત્રણ જણાને સરનામું પૂછ્યું તો બધાએ એમ જ કહ્યું કે નાકની દાંડીએ સીધા સીધા જજો!'

તે વખતે ઇન્ટર્વ્યૂ લેનારાઓને પણ ભાન થયું કે આનું તો નાક જ નથી. તેમણે તરત જ કહ્યું, 'તમે આ નોકરી માટે બિલકુલ પરફેક્ટ છો! આજથી જ જોડાઈ જાઓ.'

તે જરા ગૂંચવાયો. એટલે સાહેબોએ ખુલાસો કર્યો, 'જુઓ તમે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં ઇન્સ્પેક્ટરની પોસ્ટ માટે અરજી કરી છે. અને અમને બિલકુલ આવો જ માણસ જોઈતો હતો - જેને કંઈ ગંધ જ ન આવતી હોય!' ('અભિયાન'ના સૌજન્યથી)

કલાકણિકા : વાઘનું આ માથું ૧૮મી સદીમાં તૈયાર થયેલા ચીની સમ્રાટ ક્વિઆંગલૉંગના ગ્રીષ્મપ્રાસાદમાં જળઘટિકાને સુશોભિત કરે છે.

